કુમાર


સંસ્થાપક · રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક · તંત્રી : બચુભાઈ રાવત

તાનપુરાના સૂર · કલાકાર: સ્વ. પ્રો. લૅંગહૅમર. ભૌમિતિક આકૃતિઓ કે આકારવિહીન રંગરચનાઓનાં ચિત્રસર્જનના આજના સમયમાં આવાં ચિત્રો હવે જૂનવાણી ભલે ગણાય, પણ વિષય-નિરૂપણની આ શૈલીની પાછળ, આજના કલાકારોને માટે કદાચ આહ્વાન રૂપ થઈ પડે તેવી સાધનાનું બળ છે. નિસર્ગદૃશ્યો અને અન્ય વિષયોના નિરૂપણ ઉપરાંત, માનવપાત્રો ને તસવીરાલેખનમાં પ્રો. લૅંગહૅમરે પોતાની આગવી શૈલી વિકસાવી હતી. એના નમૂનારૂપ બેએક દાયકા પહેલાંની એમની આ કૃતિમાં પશ્ચાદ્ભૂને માત્ર સૂચન પૂરતી જ આલેખવા છતાં તેમાં જોવા મળતી વિગતોને પડછે રંગ કે રેખાને ઘૂંટ્યા વિના પણ પાત્રને એમણે જે ઉઠાવ આપ્યો છે એમાં એમની કલાશક્તિ અને પ્રયોગશીલતા બંને પ્રકટ થાય છે. તાજેતરમાં જ પ્રો. લૅંગહૅમરનું અવસાન થયું. (જુઓ 'કલાવાર્તા')



વર્ષ ચોપનમું · અંક નવમો · સપ્ટેમ્બર · ઈસ્વી સન ઓગણીસસો સિત્યોતેર · સળંગ અંક ૬૪૫




ભીંતશોભન • કલાકાર શાંતિ શાહનાં મોઝેઈકનાં ભીંતશોભનો હવે તો સારી પેઠે જાણીતાં બની ગયાં છે. ગુજરાતનાં અનેક શહેરનાં એસ. ટી.નાં મુખ્ય બસસ્ટેશનો તથા અન્ય અનેક જાહેર ઈમારતો પર એમનું આ કૌશલ જોવા મળે છે. નડિયાદ નગરપાલિકાની ઈમારત માટે એમણે સંયોજેલા આ ૩૯' × ૧૯' જેવડા વિશાળ શોભનમાં નળ-ગટર, શિક્ષણ, આરોગ્ય ને આગનિરોધ વગેરે જેવાં નગરપાલિકા હસ્તકનાં કાર્યોનાં સૂચન સાથે નડિયાદનું જાણીતું ટાવર તથા ગામની લાક્ષણિક બાંધણી બતાવતાં મકાનો વગેરેની સૂચક આકૃતિઓને એકબીજીમાં ગૂંથી લઈને એને ભભકભર્યું સુંદર શોભાત્મક રૂપ આપ્યું છે.

કુમાર

સપ્ટેમ્બર ૧૯૭૭ · અંક ૬૪૫

તંત્રી: બચુભાઈ રાવત ∽ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક



'કુમાર' સામાન્યત: દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૧
વાર્ષિક લવાજમ: રૂ. ૨૪-૦૦; પરદેશ: રૂ. ૪૦ યા પાઉન્ડ ૨ યા ડા. ૫-૫૦; છૂટક નકલ: રૂ. ૨-૫૦

વાચકો લખે છે...

પંચરત્નો

જુલાઈ '૭૭ના 'કુમાર' ને છલ્લે પાને અંક-સંદર્ભમાં પંચરત્નો વિષે માહિતી આપી છે. પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં પંચરત્નોની ગણના અનેક રીતે કરવામાં આવી છે. નવ રત્નોનો પણ ઉલ્લેખ મળે છે. અભ્યાસુઓના વિનોદ માટે આ અવતરણો ઉપયોગી થશે:

नीलकं वज्रकं चेति
पद्मरागश्च मौक्तिकम् ।
प्रवालं चेति विज्ञेयं
पंचरत्नं मनीषिभिः ॥

सुवर्णं रजतं मुक्ता
राजावर्तं प्रवालकम् ।
पंचरत्नाक माख्यातम् ॥

कनकं हीरकं नीलम्
पद्मरागश्च मौक्तिकम्
पंचरत्नमिदं प्रोक्तम्
ऋषिभिः पूर्वदर्शिभिः ॥


નવરત્નો

मुक्ता माणिक्य-वैदूर्य-
गोमेदा वज्र विद्रुमौ ।
पद्मरागो मरकतं
नीलश्चेति यथाक्रमम् ॥

(પોરબંદર) —શંકરદેવ વિદ્યાલંકાર

મૂલેશ્વર મહાદેવની સૂર્યપ્રતિમા

'સોલંકી રાજ્યના વહીવટી વિભાગોમાં સહુથી મોટો વિભાગ 'મંડલ' કહેવાતો. રાજધાનીની આસપાસનો પ્રદેશ સારસ્વત-મંડલ તરીકે ઓળખાતો, કેમ કે એ સરસ્વતી નદી પર આવેલો પ્રદેશ હતો.' (જુઓ, 'ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ', ડૉ. શાસ્ત્રી, પૃ. ૨૩૯.) વીરમગામની નજીક આવેલું માંડલ (મંડલી) ત્યારે સારસ્વત-મંડલમાં આવેલું હતું અને વર્ધિપથક (વઢિયાર)નું વડું મથક હતું. છેક મૂળરાજના રાજ્યકાળથી અર્થાત્ સોલંકી વંશના અભ્યુદયકાળથી માંડલ મહત્ત્વનું શહેર હતું. મૂળરાજ પરમ શિવભક્ત હતો. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીના મતાનુસાર 'વર્દ્ધિવિલય (વઢિયાર)માં આવેલા મંડલી (માંડલ) ગામમાં એણે (મૂળરાજે) પોતાના નામના મૂલનાથ મહાદેવનું મંદિર બંધાવ્યું હતું.' ડૉ. બુલ્હરે માંડલ જઈ આ મંદિર વિષેની તપાસ કરી હતી પરંતુ તે કાળે ડૉ. બુલ્હર એ ભવ્યમંદિરની કોઈ નિશાની મેળવી શકેલા નહિ. 'આજે તો આ મંદિર વિદ્યમાન નથી પરંતુ ભૂતકાળમાં તેની જાહોજલાલી ખૂબ વિખ્યાત હતી' એમ નોંધીને શ્રી કનૈયાલાલ ભાઈશંકર દવેએ 'સુઈગામ પાસે પાડલા ગામમાં આવેલા મૂળનાથદેવના મંદિરનું શિલ્પસ્થાપત્ય જોતાં તેના મુકાબલે મંડલીનું મંદિર પણ શિલ્પકલાનો અદ્વિતીય નમૂનો હશે એમ જાણી શકાય છે' એ પ્રકારનો ઉલ્લેખ ઈ. સ. ૧૯૪૮ના 'પ્રજાબંધુ–ગુજરાત સમાચાર, દીપોત્સવી અંક'માં કરેલો. અનુગામી ઇતિહાસકારો ડૉ. બુલ્હર કથિત મત—સ્થળતપાસ કર્યા વિના—દર્શાવતા આવ્યા છે. પરંતુ પછી જીર્ણ થએલો માંડલનો કોટ આપોઆપ પડી જતાં તેમાંથી કેટલાંક અમૂલ્ય અદ્વિતીય શિલ્પો મળી આવ્યાં. શિલ્પકૃત ભાગ કિલ્લાના અંદરના ભાગમાં અને પાછળનો સપાટ ભાગ બહારના ભાગમાં હોઈ સ્વાભાવિક રીતે જ કોઈની પણ દૃષ્ટિ ત્યાં સુધી પહોંચી શકી નહોતી, તેથી ડૉ. બુલ્હરની 'કાંઈ નિશાની ન મળી' નોંધ સત્યની પડખે બેસી શકે તેમ છે. વસ્તુતઃ મૂલેશ્વર મહાદેવ એક ભવ્ય મંદિર હશે તેની પ્રતીતિ કિલ્લો પડી જવાથી પ્રાપ્ત થએલા અવશેષો કરાવી રહે છે. કોઈક આક્રમણથી છિન્નભિન્ન બનેલા મંદિરના અવશેષો ત્યાર બાદ કિલ્લામાં ચણી દેવાયા હતા. અહીં એ ભવ્ય મંદિરની એક સુંદર સૂર્યપ્રતિમા રજૂ કરું છું, જે આજે કોઈ આધુનિક સંસ્કૃતિ પ્રેમી (?) દ્વારા ગુમ



સૂર્યપ્રતિમા

થવા પામી છે. આ સૂર્યપ્રતિમા ઉપરાંત શિવ, કુબેર, વિષ્ણુ–લક્ષ્મી, ત્રિચંક ને અન્ય શિલ્પો પણ પ્રાપ્ત થએલાં છે, જે મૂલેશ્વર મહાદેવના જ અવશેષો છે. આ સૂર્યપ્રતિમા મૂળરાજના ઈષ્ટદેવ મૂલેશ્વર મહાદેવના મંદિરની ભવ્યતાનું દર્શન કરાવે છે. વળી એ કાળે ગુજરાતમાં સૂર્યોપાસનાનું જોર હશે તેની પ્રતીતિ પણ કરાવે છે. સપ્રમાણ આ પ્રતિમા જો ચોરાઈ ગઈ ન હોત તો ગુજરાતમાંની અન્ય સૂર્યપ્રતિમાઓની તુલનામાં સવિશેષ આકર્ષક બની હોત!

(વીરમગામ) —પ્રફુલ્લ જે. રાવળ

નાગરી લિપિ અને ગુજરાતી

નાગરી લિપિ વિષે શ્રી હંસભારતીનું 'કુમાર' અંક ૬૩૬માં છપાએલું સૂચન તેમ જ તે પરના સંપાદકીય અવલોકનના અનુસંધાને કંઈક અહીં કહીશ.

ગુજરાતી લખાણો નાગરી લિપિમાં છપાય છે ત્યારે વાંચવાં કષ્ટદાયી બને છે એવો મારો અનુભવ છે. વળાકામય ગુજરાતી લિપિ લેખન-પઠનમાં નિષ્ચરણ નાગરીની અપેક્ષાએ સરળ છે અને તેના ઉપયોગમાં હાથ અને આંખની શક્તિ ઓછી વેડફાવા ઉપરાંત લેખન-વાચનની ઝડપ–પ્રવાહિતા–પણ વિશેષ રહે છે તેવું પ્રયોગોથી સિદ્ધ થયું હોવાનું કેટલાંક વર્ષો પહેલાં મારા મિત્ર શ્રી ટંડને મને જણાવેલું. નાગરી વર્ણ 'अ' લખવામાં કલમ ચાર વાર ઉપાડવી પડે છે જ્યારે ગુજરાતી વર્ણ 'અ' એક જ રેલામાં, વિના શ્રમે લખાય છે. આવી સરળતા ગુજરાતી લિપિના ઘણાખરા વર્ણોમાં છે. નાગરી લિપિ સમાસ, પર-સવર્ણ અને સંયુક્તાક્ષરોના બાહુલ્યવાળી સંસ્કૃત ભાષા માટે સર્વથા યોગ્ય છે, પણ ગુજરાતી ભાષાલેખન માટે નહિ જ. આથી તો ગુજરાતી ભાષાની પ્રકૃતિને અનુકૂળ અને અનુરૂપ એવી લિપિનો સ્વાભાવિક વિકાસ થયો છે. સારા રાષ્ટ્ર માટે એક જ લિપિ હોય તો એકતા વિશેષ સધાય કે કેમ તે તો કોણ જાણે, પણ લિપિ-વૈવિધ્યનો તો નાશ થઈ જ જાય. માત્ર એક જ લિપિ હોય તો બીજી ભાષાઓ 'વાંચી' શકાય, પણ એ ભાષાઓના જ્ઞાન વિના તો 'સમજી' શકાય કે કેમ તે વાત તો પ્રશ્નાર્થ બની રહે છે. ફ્રેન્ચ, જર્મન, ઈટાલિયન, સ્પૅનિશ આદિ અંગ્રેજીથી ઈતર ભાષાઓ પણ રોમન લિપિમાં લખાવા છતાં કેવળ અંગ્રેજીના જ જ્ઞાન પરથી તે ભાષાઓનાં લખાણ વાંચી મર્મ પકડવો સહેલો નથી. (અને લિપિ એક હોવાના કારણે આ રાષ્ટ્રો વચ્ચે યુદ્ધો થતાં અટક્યાં નહોતાં!) છતાં સારા યે હિન્દ-રાષ્ટ્ર માટે એક લિપિ અપનાવવી જ હોય તો, વૈજ્ઞાનિક દૃષ્ટિએ તેવી

(અનુસંધાન પૃષ્ઠ ૩૦૫)

ઉપરકોટ અવલોકતાં....

ભાનુપ્રસાદ પંડ્યા

- હરિણી–સૉનેટ -

દૂસકું ભરવા મોઢું પ્હોળું અતીત રહે કરી
ત્યમ લહું ઉઘાડાં ઊંચેરાં દુવાર, જતાં મહીં
પગ થથરતા, મારી વાંસે ધસે બીજું કોણ આ ?
ચમકી રહું—એ મારી છાયા ! નહીં જયસિંહની.

અવ ભૂખર સિંદૂરી લીટામહીં ગઢ–ગોખલે
કથની ઊકલે ઝાંખીપાંખી સુભાગ્ય સર્યાતણી
હવડ ગલી, આ ટીંબા, જ્યાં ત્યાં છવાયલ ઝાંખરાં
ઘણું ય ઢબૂરી બેઠાં કિન્તુ કશું નવ ઓચરે !

નવઘણ કૂવાના ઊંડાણે તરે ઇતિહાસનું
શબ, ગરગડીથી રોતી ના છતાં ય અડીકડી ?
ઉપર ચઢું કોટે—રૂંહેસાતી સુણું ચીસ કોમળી ?
પવન સુસવે ! કાળું ઓઢી મલીર શિલા મૂગી.
નીરખી રહું ધક્કાબારી આ—શકે અહીંથી પડી
વિભવ સહુ વિલાયો;સામે વ્યથા ગિરિ શી ખડી !

આપણે / 'જટિલ'

- ગઝલ -

મીણબત્તીને સૂરજ માની જીવ્યા તે આપણે,
ને ફરીથી સ્વર્ણ-મૃગ પાછળ પડચા તે આપણે.

દૂરથી રળિયામણાની વારતા જાણ્યા છતાં,
છેક ડુંગરટોચ પર જઈ આથડચા તે આપણે.

ભીતરે ભરપૂર ને જોવા ન માંડી મીટ પણ,
આયનાના બિંબ ખાતર તરફડચા તે આપણે.

સાત સાગર પાર જઈ સામે કિનારે ઊતર્યા,
ઝાંઝવાના એક બિન્દુમાં ડૂબ્યા તે આપણે.

આંખ સામે મોલ સુકાયા, ન આપ્યું બુંદ પણ,
ને 'જટિલ' રણ-રેતમાં વરસી પડચા તે આપણે.

જલલક્ષ્મી / ભગવતીકુમાર શર્મા

- શિખરિણી–સૉનેટ -

તમે મારી સામે સરિતજલમાં ગ્રીવ સરસાં
ઊભાં; પાણી કેરી લહરલહરો સ્પર્શી તમને
વહ્યે જાતી; વારિ સુરભિત, સુભાગી તમ અડચે;
તમારી કાયા પે સલિલપડદો ધુમ્મસઝીણો,
ઝગે ચ્હેરો ભીનો ઝિલમિલ સપાટી પર થતો;
પ્રકાશંતો જાણે ગિરિશિખરની મધ્ય સવિતૃ.

ફણા શી સ્કંધે આ લટ ચીટકી; લાગે મણિ સમો
ચહેરો આખો યે; કુમકુમ કપાળે હલી ગયું;
કપોલે રક્તિમા પ્રકટતી બની પશ્ચિમ નભ;
ઝમ્યાં ઝીણાં ઝીણાં જલશિકર ચ્હેરે સ્ફટિક શાં.
હથેળી શાં ખીલ્યાં કુમુદ કરથી પાસ ગ્રહીને
ગ્રીવા હેઠે બીજો પટ રચી રહ્યાં સૂર્યદ્ધય શો.

ફગાવી દેહેથી જલકવચ જાતે જ સહસા
તમે ઊભાં સામે—જલકનકલક્ષ્મી અવતર્યાં !

મારી દશા/જિતેન્દ્ર કા. વ્યાસ

- ગઝલ -

શબ્દો સહી શકું ન, દિલ શબ્દોથી વાજ છે !
મૌને ય ના સહી શકું. એનો ઈલાજ છે ?

ક્રૌંચો હણાય રોજ, જિવાડી શકું નહિ.
ચીસો જીવાડવી હવે એ મારું કાજ છે !

પડઘાનાં જંગલો મહીં ભૂલો પડચો છું હું,
શોધ્યા કરું છું ક્યાં અસલ મારો અવાજ છે ?

મારી દશા દમામભરી કે દયામણી ?
પૃથ્વી છે મારું તખ્ત ને ગગન આ તાજ છે !

ઉપરકોટ અવલોકતાં: એક સ્થળવિશેષને અવલોકતાં કવિને જે સ્પંદનો થયાં તે આ કૃતિમાં સ્થળના આબેહૂબ વર્ણનમાં ને કલ્પનાવિહારમાં અભિવ્યક્ત થયાં છે. પ્રથમ બે પંક્તિમાં જ ઉપરકોટની કારુણ્યસભર ખંડેરાવસ્થાનું ભવ્ય ચિત્ર ઉપસાવી કવિ પોતાના પર એ દૃશ્યની શી અસર થઈ છે તે પગની ધ્રુજારીમાં —જાણે સિદ્ધરાજ જયસિંહનો— કોઈનો ભાસ થવામાં પ્રકટ કરી રહે છે. બીજી કડીમાં ગઢગોખલાની અત્યારની સ્થિતિનું તાદૃશ્ય નિરૂપણ આપ્યા પછી એના ભૂતકાળમાં કવિ ખોવાઈ જાય છે, અને તે સ્થળના ભૂતકાળનાં સ્મરણો વાગોળતાં ઉપર ચડે છે. એમાં 'નવઘણ કૂવામાં ઇતિહાસનું શબ તરતું જોવા' છતાં હેબતાઈ રહેલી અડીકડીનું ચિત્ર જુઓ...પછી કાળી શિલાને કાળું મલીર ઓઢેલી કલ્પવામાં સુંદરતાની સાથે કારુણ્યનો ભાવ પણ એવો જ તીવ્રતાથી ગૂંથાઈ ગયો છે. અને 'દૂસકા'ની કલ્પનાથી શરૂ થતું કાવ્ય 'વ્યથા'માં પૂરું કરીને કવિએ સમગ્ર કાવ્યમાંથી ભૂતકાળની વિકટ અવસ્થા ચીતરી આપી છે.

જલલક્ષ્મી: જલલક્ષ્મીનું કલ્પનામધુર ચિત્ર આલેખતું અને મનોમૂર્તિનું રોમૅન્ટિક ભાવારોપણ કરતું આ સૉનેટ તેનાં સુચારુ શબ્દચિત્રોથી આસ્વાદ્ય બન્યું છે. જલલક્ષ્મીના સ્પર્શથી સરિતાનું વારિ સુગંધિત થઈ જાય છે ! એ જલલક્ષ્મીની આડે 'ધુમ્મસઝીણો' સલિલપડદો અને એ ચહેરો–જાણે ગિરિશિખર પર સૂર્યોદય ! 'ધુમ્મસઝીણો' સમાસ કેવો ઉચિત રીતે યોજાયો છે? પછી તો એ જલલક્ષ્મીનું વર્ણન આગળ વધે છે... અને અંતે એ જલલક્ષ્મી જાતે જ જલનું કવચ ફગાવીને પ્રકટે છે તો...જાણે તમે જ સામે આવીને ઊભાં !—જલલક્ષ્મી નહિ, જલકનકલક્ષ્મી ! કવિ જલલક્ષ્મીના વર્ણન સાથે આપણને પણ કલ્પના અને બાનીની તાજપથી ખેંચી જાય છે, અને અંતે જલલક્ષ્મીનું જલકનકલક્ષ્મીમાં રૂપાંતર થઈ જાય છે ત્યાં સુધી એકશ્વાસે લઈ જાય છે.

આપણે: ગઝલકારે શીર્ષકમાં અન્યની સાથે પોતાને પણ સાંકળી લઇને ભ્રમાંધ માનવીનાં વિફલ ફાંફાં માટેની મથામણ જુદાજુદા શેરમાં વિવિધ દૃષ્ટાંતોથી અભિવ્યક્તિ કરી છે. જે નથી તેને જે હોવું જોઇએ તે માનીને ચાલતો માનવી 'સાત સાગર' તરનારો હોય તો પણ 'ઝાંઝવાના એક બુંદમાં' ડૂબી જાય છે.

મારી દશા: ચાર શેરની આ ચોટદાર ગઝલમાં કાવ્ય-નાયકની વેદના કેન્દ્રસ્થાને છે, અને એ તીવ્રતરતાની પ્રતીતિ કરાવી આપે છે એની નવીનતાભરી અભિવ્યક્તથી. પ્રથમ જ શેરમાં શબ્દો ન સહી શકનાર દિલ મૌનનો આશ્રય લે એ તો તરત જ જડી જાય તેવો ઉપાય; પણ મૌન સહન ના થાય ત્યારે? આ પ્રશ્નાર્થ જ એમાંની વેદનાનો કલાત્મક જવાબ છે. અને પછી ક્રૌંચની વાત કરી, તેની ચીસોને જિવાડવાની વાત વિવશતાની વેદનાભરી પરિસ્થિતિને આબાદરીતે તાગી રહે છે. આવો નાયક પોતાના અવાજની, પોતાની ઓળખની, શોધ માટે નીકળે છે જંગલમાં; તો મળે છે કેવળ પડઘા ! અને આમ, બધું જ ત્યાગી નીકળેલા નાયકની દશા દયાજનક છે કે દમામભરી? તે કોયડાના ઉત્તરમાં 'પૃથ્વી મારું તખ્ત છે અને ગગન મારો તાજ' એવી ખુમારી સાથે ગઝલ સમાપ્ત થાય છે.

ચિંતા

બહાદુરશાહ પંડિત

નગરશેઠના મૃત્યુ પછી એમના પુત્રે મુનીમને બોલાવી પૂછ્યું : 'આપણી પાસે કેટલું ધન છે ?' મુનીમે કહ્યું : 'આપની ત્રણ પેઢી સુધી ચાલે એટલું.' શેઠના પુત્રે કંઈ જવાબ ના આપ્યો, પણ એને એ દિવસથી પોતાની ચોથી પેઢી શું ખાશે એની ચિંતા થવા લાગી, ને એ ચિંતાને લીધે એનું શરીર સુકાવા લાગ્યું. ઘણા વૈદો–હકીમોની દવા કરી, પણ કંઈ ફાયદો ના થયો. એક વાર નગરમાં એક મોટા સંત આવ્યા. નગરશેઠનો પુત્ર એમની પાસે ગયો ને પોતાના મનની શાંતિ માટે એમને ઉપાય પૂછ્યો.

સંતે કહ્યું : 'તમે રોજ સવારે કોઈ ગરીબને એક શેર અનાજ આપવાનું વ્રત લો.' નગરશેઠના પુત્રે રોજ સવારે કોઈ ગરીબને એક શેર અનાજ આપવાનું શરૂ કર્યું. સંયોગવશાત્ એક સવારે કોઈ અનાજ લેવા ના આવ્યું. પોતાનું વ્રત તૂટવાના ભયથી શેઠનો પુત્ર ગભરાયો. એણે રસ્તે જતા એક ગરીબ જેવા માણસને બોલાવી શેર અનાજ લઈ જવા કહ્યું. પેલા માણસે કહ્યું : 'ઊભા રહો, હું ઘેર જઈ ને જોઈ આવું કે મારે આજે અનાજની જરૂર છે કે નહિ ?' થોડી વારે એણે પાછા આવી કહ્યું : 'શેઠ, આજે ચાલે એટલું અનાજ તો મારી પાસે છે.'

'તો આવતી કાલ માટે લઈ જા.'

'આવતી કાલની ચિંતા હું આજે નથી કરતો.' પેલા માણસે કહ્યું ને ચાલવા માંડયો. આથી શેઠનો પુત્ર ચોંકી ઊઠયો. એને થયું : 'આ ગરીબ માણસ આવતી કાલની ચિંતા કરતો નથી અને હું સો વર્ષ પછીની ચિંતાથી દૂબળો પડું છું !' અને એનું શરીર સુધરવા લાગ્યું.

વધતાઓછા પ્રમાણમાં આપણે બધા આ શેઠના પુત્ર જેવા જ છીએ. આવતી કાલની ચિંતામાં આપણે આપણી આજ બગાડીએ છીએ. એ ચિંતાની ખરાબ અસર દર્શાવતો એક સરસ દોહરો છે :

ચિંતા સે ચતુરાઈ ઘટે, ઘટે રૂપ બલજ્ઞાન,
ચિંતા બડી અભાગણી ચિંતા ચિતા સમાન.

ચિંતાને ચિતા સાથે સરખાવનાર આ લોકકવિએ ચિંતાની વિનાશક શક્તિનો સરસ પરિચય કરાવ્યો છે. વળી સંસ્કૃત સાહિત્યના એક કવિએ તો કહ્યું છે કે ચિતા અને ચિંતામાં માત્ર એક અનુસ્વારનો જ ભેદ છે, છતાં ચિતા જીવનમાં એક જ વાર બાળે છે જ્યારે ચિંતા તો સતત બાળ્યા કરે છે.

ચિંતાનું મુખ્ય કારણ શ્રદ્ધાનો અભાવ છે. આપણે જો આપણા પ્રારબ્ધમાં અને પ્રભુમાં શ્રદ્ધા રાખી શકીએ તો ચિંતા કરવાનું કારણ નથી. એક શ્લોકમાં લખ્યું છે કે

यद्‌भावि न तद्‌भावि भावि चेन्न तदन्यथा ।
इति चिन्ता विषघ्नोऽयमगदः किं न पीयते ।।

જે થવાનું નથી તે કદી થવાનું નથી અને જે થવાનું છે તેમાં કોઈ ફેરફાર કરે એમ નથી. આ પ્રમાણે ચિંતારૂપી વિષને દૂર કરનાર ઔષધને માણસ કેમ પીતો નથી ?

ઈશ્વર પર શ્રદ્ધા નહિ રાખવાથી પણ ચિંતા થાય છે. શ્રીમાતાજીએ કહ્યું છે કે 'સદા એ યાદ રાખો કે તમે એકલા નથી, ઈશ્વર તમારી સાથે જ છે.' ઈશ્વરની ઇચ્છામાં પોતાની ઇચ્છા ભેળવી દેનાર અથવા જે થાય છે એ બધું સારા માટે થાય છે એમ માનનાર વ્યક્તિ કદી ચિંતાનો શિકાર બનતી નથી.

એક રાજાનો પુત્ર તલવાર લઈ રમતો હતો ત્યાં એની આંગળી કપાઈ ગઈ. મહેલમાં દોડાદોડી મચી ગઈ. પણ રાજાના શાણા પ્રધાને કહ્યું : 'જે થાય તે સારા માટે.' રાજાને પ્રધાન પર ગુસ્સો આવ્યો. એણે એને કાઢી મૂકયો.

રાજાનો પુત્ર મોટો થયો અને એક વાર જંગલમાં શિકાર કરવા ગયો, એ પોતાના સાથીઓથી છૂટો પડી ગયો અને જંગલી લોકોના હાથમાં સપડાઈ ગયો. જંગલવાસીઓ એને પોતાની માતા આગળ ભોગ ધરાવવા લઈ ગયા એનો ભોગ આપવા જતા હતા ત્યાં પૂજારીની નજર એની કપાએલી આંગળી પર પડી. તેણે કહ્યું : 'આવો ખંડિત ભોગ માતાને ના ધરાવી શકાય,' અને રાજકુંવરને છોડી દેવામાં આવ્યો.

ઘેર આવી રાજકુંવરે રાજાને પોતાની વીતકકથા કહી કે તરત જ રાજાને પોતાનો શાણો પ્રધાન યાદ આવ્યો. એની વાત સાચી પડી હતી એથી રાજાએ પ્રધાનને પાછો બોલાવી નોકરીમાં રાખ્યો પણ રાજાને એક શંકા થતાં એણે પ્રધાનને કહ્યું : 'પ્રધાનજી, મેં તમને નોકરીમાંથી કાઢી મૂકયા એમાં શું સારું થયું ગણાય ?' પ્રધાને કહ્યું : 'એ પણ સારા માટે જ થયું હતું. જો હું નોકરીમાં ચાલુ હોત તો શિકારમાં આપના પુત્રની સાથે જ ગયો હોત. અને જંગલીઓ અમને બંનેને પકડત તો મારો ભોગ આપ્યા વિના ના જ રહેત ને ?'

આમ, જે કંઈ બને છે તે સારા માટે જ હોય છે એમ માનનાર કદી ચિંતા કરતો નથી.

પ્રભુશ્રદ્ધાની જેમ આત્મશ્રદ્ધા રાખનાર પણ કદી ચિંતારૂપી ડાકણનો ભોગ બનતો નથી. 'પડશે એવા દેવાશે' એમ કહી ભાવિની અનિશ્ચિતતા સામે પડકાર ફેંકતો માનવી ગમે તેવી આપત્તિ સામે પણ નિશ્ચિતપણે ઝઝૂમી શકે છે.

આપણી મોટા ભાગની ચિંતાઓ કાલ્પનિક ભયમાંથી ઊભી થએલી હોય છે. અને એ ભય પણ એટલો બધો નાનો હોય છે કે એના પસાર થઈ ગયા પછી આપણને આપણી જાત પ્રત્યે–મનની નિર્બળતા પ્રત્યે હસવું આવે છે. શ્રી રાજેન્દ્ર શાહના એક કાવ્યમાં કહ્યું છે :

'ભાઈ રે, આપણા દુ:ખનું કેટલું જોર ?
નાની અમથી વીતક વાતનો મચવીએ ના શોર.'

એમ માની ચિંતાઓ છોડી કામે લાગવું જોઈએ.

ચિંતા આપણને માત્ર મૂંઝવે છે, માર્ગ બતાવતી નથી. એ આપણા મનને નિરર્થક કાર્યમાં રોકી રાખે છે, આગળ ધપાવતી નથી. ચીની ફિલસૂફ લાઓત્સેએ કહ્યું છે કે:

Worry is like a rocking chair. It gives you something to do, but itdoesn't get you anywhere. ચિંતા ઝૂલતી ખુરશી જેવી છે. એ તમને કંઈક કામ આપે છે, પણ તમને કયાંય લઈ જતી નથી.

ચિંતામાંથી છૂટવાનો એક સહેલો માર્ગ કાર્યરત બનવાનો છે. પરીક્ષાના પરિણામ અંગે તમે બહુ ચિંતાતુર બની ગયા હો તો બગીચાના છોડને પાણી પાવા લાગી જાઓ. મન હળવું થઈ જશે. નોકરી મેળવવા અંગે બહુ ચિંતાતુર બની ગયા હો તો મહાપુરુષોનાં જીવનચરિત્રો વાંચવામાં મશગૂલ થઈ જાઓ.

આત્મસમર્પણ કરી દેવાથી પણ ચિંતામુક્ત થઈ શકાય છે. માતાના ખોળામાં સૂતેલું બાળક જેમ નિશ્ચિંતપણે ઊંઘી શકે છે એમ

'પ્રભુને સર્વ સોંપીને, પ્રભુનું ધાર્યું થાવા દે.
પ્રભુની આ બદન-બંસી પ્રભુને તું બજાવા દે.'

એમ માનનાર પણ કદી ચિંતા સેવતો નથી.

નરસિંહ મહેતાની જેમ—

જે ગમે જગદ્‌ગુરુ દેવ જગદીશને
તે તણો ખરખરો ફોક કરવો,
આપણો ચિંતવ્યો અર્થ કંઈ નવ સરે
ઊગરે એક ઉચાટ ધરવો.

પ્રભુએ રચેલી સૃષ્ટિમાં શ્રદ્ધા ધરાવતો માનવી કદી કશો ઉચાટ કરતો નથી કારણ કે

'પ્રભુએ તો સર્જ્યું છે સુખ,
મન મનનું શોધી લે છે દુ:ખ.'

અંતે ચિંતાની ઉચિતકોએ આપેલી વ્યાખ્યા જોઈએ. એક કહે છે : 'ચિંતા એટલે મુસીબતની થાપણ પાકે એ પહેલાં તેની પર આપણે ચૂકવેલું વ્યાજ.' બીજો કહે છે : 'ચિંતા એટલે આજના સૂરજને આવતીકાલના વાદળ પાછળ ઢાંકી દેવો તે.' □



ક્રાંતિકારી યશપાલ

અને હિંદુસ્તાન સમાજવાદી પ્રજાતંત્ર સેના

જેની મુદ્રા બાજુમાં આપી છે

(ગયા અંકથી ચાલુ)

લેખક
અશોક દવે-'મલાલ'

આ બાજુ પંજાબમાં જયચંદ્ર વિદ્યાલંકારના નેતૃત્વમાં ત્યાંનું દળ ખાસ કંઈ પ્રવૃત્તિ કરતું નહોતું. ભગતસિંહ હતા નહિ, સુખદેવ ખિન્ન થઈ લાયલપુર ચાલ્યા ગએલા ને ભગવતીચરણ ભારતના ક્રાંતિકારી આંદોલનોનો ઇતિહાસ લખવા લાગ્યા હતા. વળી એમનું તો નાનપણમાં લગ્ન થઈ ગએલું. ઘેર શિક્ષક રાખીને ભગવતીચરણે પત્ની દુર્ગાને ભણાવેલી. ઈ. ૧૮૨૬માં યશપાલે અને મિત્રોમાં જાણીતાં એ 'દુર્ગાભાભી'એ પંજાબ યુનિવર્સિટીની 'પ્રભાકર'ની પરીક્ષા એકસાથે આપેલી. તે પછી દુર્ગાભાભી લાહોરની મહિલા કૉલેજમાં હિંદીનાં લેક્ચરર બનેલાં. એમના વિચારો પણ આ ક્રાંતિકારી મિત્રો જેવા જ હતા, પણ ભગવતીચરણને એનો ખયાલ જ નહોતો. પત્ની સાથે એમણે ક્રાંતિની વાતો કરવાનો વહેવાર જ નહોતો રાખ્યો. આથી દુર્ગાભાભી પણ મનોમન સમસમીને ચૂપ રહેતાં.

પણ હવે સુખદેવ, ભગતસિંહ વગેરેને કંઈક કરી બતાવવાની તમન્ના સતાવતી હતી. ઈ. ૧૯૨૬ના આરંભમાં સુખદેવે યશપાલને આ અંગે પૂછ્યું યે ખરું. યશપાલે તેઓ કહે ત્યારે પોતે તૈયાર જ છે એવો જવાબ આપ્યો. આનો અર્થ તે લોકોએ એવો તારવ્યો કે પોતાની નોકરી તથા લેખનપ્રવૃત્તિ છોડયા વિના માત્ર દળના સહાયક જ બની રહેવાની યશપાલની ઇચ્છા છે. જોકે પરિવાર પ્રત્યેનું કર્તવ્ય સાચવવા સાથે પોતાના લેખન દ્વારા દળને માટેની પૃષ્ઠભૂમિકા વધુ સારી રીતે થઈ શકે એવું યશપાલ માનતા પણ હતા. પણ એનો અર્થ એવો નહોતો કે પોતે જોખમોથી બચી રહેવા ઇચ્છતા હતા. સુખદેવ અને ભગતસિંહને યશપાલનું આ વલણ ગમતું નહોતું. કટાક્ષમાં ઘણી વાર તેઓ યશપાલને 'કહાની લેખક' ને 'કલાકાર' કહેવા લાગ્યા. યશપાલ પાસેથી થોડા નવા સભ્યો મેળવવાની એમની અપેક્ષા હતી. અને યશપાલે એમને કેટલાક મેળવી પણ આપ્યા, જેમાં જયગોપાલ અને ઇન્દ્રપાલ મુખ્ય હતા.


જયગોપાલે તો અઢી વર્ષમાં સુખદેવ ને ભગતસિંહની ચાહના મેળવી લીધેલી. તેઓ એને એક 'ખરું રતન' ગણવા લાગ્યા હતા. ઇન્દ્રપાલનો પરિચય ભગતસિંહની ગેરહાજરીમાં યશપાલ જ્યારે 'હિન્દુ સંગઠન' નામના એક સાપ્તાહિકના દફતરમાં રહેતા હતા ત્યારે ત્યાં થએલો. જોકે 'હિદુ સંગઠન' હિન્દુઓનું પક્ષપાતી હતું, છતાં એ વર્તુલમાં પણ ક્રાંતિકારી દળની વગ વધારવા યશપાલે ત્યાં રહેવા જવાનું નક્કી કરેલું. તેઓ એ સાપ્તાહિકમાં અવારનવાર લેખો પણ લખતા. પણ યશપાલ ઉર્દૂ શબ્દો વાપરી હિન્દી લિપિમાં લખતા, જ્યારે હિન્દુ સંગઠન ઉર્દૂલિપિમાં પ્રકાશિત થતું. એટલે યશપાલના લેખોને ત્યાંનો એક લહિયો મંગતરામ ઉર્દૂમાં ઉતારતો. આ મંગતરામ કાંગડા જિલ્લાનો જ હતો અને યશપાલના ખયાલોનો એ ચાહક હતો. યશપાલને એની સાથે ગાઢ પરિચય સધાઈ ગએલો. આ મંગતરામ એ જ ઈન્દ્રપાલ. એના ઘડતરમાં યશપાલનો ઘણો મોટો હિસ્સો હતો. 'હિન્દુ સંગઠન' બંધ પડી ગયા પછી યશપાલે એને રાવલપિંડી મોકલી દીધેલો. ત્યાં લહિયા તરીકે નોકરી કરવા સાથે સરહદ નજીકના એ શહેરમાંથી હથિયારોની ખરીદીમાં એ કામ લાગે તેમ હતો. પર્દા પાછળ રહી ઇન્દ્રપાલે દળને માટે ઘણું કાર્ય કરેલું.

આ તરફ લાહોરમાં સંગઠનનું કાર્ય હવે જોર પકડવા લાગ્યું. ભગતસિંહે દિલ્હી અને કાનપુરના સંપર્કો સ્થાપી દીધા ને કાકોરી કેસમાં પકડાએલા યૂ.પી.ના ક્રાંતિકારી કેદીઓને છોડાવવાની યોજના તૈયાર થવા લાગી. ભગતસિંહની દિલ્હી અને કાનપુરની આવજા વધી ગઈ. પંજાબના દળનો દોર જયચન્દ્રજીના હાથમાં હતો. પણ હજી કંઈ સ્પષ્ટ રૂપરેખા તૈયાર થતી નહોતી. ભગવતીભાઈ એથી અકળાતા. દળને એમણે આર્થિક સહાય પણ ઠીક ઠીક આપેલી. જયચન્દ્રજીની નિષ્ક્રિયતા એમને કઠતી. બીજી બાજુ ભગવતીભાઈના રાજનૈતિક પ્રભાવ, પંજાબના જૂના ક્રાંતિકારીઓ સાથેનો એમનો પરિચય અને ઈ. ૧૯૨૨માં સત્યાગ્રહ આંદોલનની વ્યર્થતા પછી ગુપ્ત રૂપે સ્થપાએલી 'કૉમ્યુનિસ્ટ પાર્ટી'* સાથેના એમના સંબંધથી જયચન્દ્રજીને ભગવતીભાઈ પ્રત્યે આશંકા રહેતી હતી. આગળ જતાં એ કારણે ભગવતીભાઇને દળમાં ઘણું વેઠવું પડયું હતું.

પોતાને નોકરી મળી ગયા પછી યશપાલે ફિરોઝપુરની માતાની નોકરી છોડાવી એને લાયલપુર મોકલી આપેલાં, જેથી ત્યાં નાના ભાઈ ધર્મપાલનું ભણતર ચાલુ રહી શકે. પિતાનું અવસાન તો યશપાલ કૉલેજમાં હતા ત્યારે જ થઈ ગએલું. નૅશનલ કૉલેજના સ્નાતક હોવાથી યશપાલને સરકારી નોકરી મળવાની આશા તો હતી જ નહિ, એટલે એક સંબંધીની ખનિજ કોલસાની એજન્સીમાં થોડો સમય રહ્યા, પણ ફાવ્યું નહિ. પુત્રની બેકારી જોઈ માએ ફરી કન્યા પાઠશાળાની નોકરી લઈ લીધી. યશપાલે લાયલપુરમાં બેકારીના એ સમયમાં કેટલાક નવા સંબંધો સ્થાપ્યા જેમાંના કેટલાક આગળ જતાં દળને માટે આશ્રયસ્થાન બની રહેલા. પોતાની એક ભાણેજ પ્રેમવતીને પણ યશપાલે દળમાં સક્રિય કાર્યકર્તા

---

* 'હિંદુસ્તાન કૉમ્યુનિસ્ટ પાર્ટી' નહિ. આ પાર્ટી તો રશિયાની ક્રાંતિ પછી અફઘાનિસ્તાનને માર્ગે રશિયા જઈ આવીને ત્યાંની પ્રેરણા પામી કેટલાક પંજાબી સાહસિકોએ ભારતમાં સમાજવાદ આણવા સ્થાપી હતી. પાછળથી ભગવતીભાઇએ એની સાથેનો સંબંધ તોડી નાખેલો.



ભગતસિંહ : (ડાબી બાજુ) ૧૯૨૭માં જ્યારે એમને માથે કેશ અને ચહેરા પર દાઢીમૂછ હતાં. (વચ્ચે) ફરાર હતા ત્યારે ગ્રામીણ પંજાબીના વેષમાં અને (જમણી બાજુ) નૅશનલ કૉલેજમાં હતા ત્યારે.

બનાવી, જે દળમાં 'બેબે' (મોટી બહેન) તરીકે ઓળખાતી.

પણ લાયલપુરમાં બેકાર બેસી રહેવું યશપાલને પરવડે તેમ નહોતું. તેઓ લાહોર આવતા રહ્યા. ત્યાં એમને અખબારોમાં કામ મળી શકત પણ એમને ઉર્દૂ લિપિ આવડતી નહોતી. અંગ્રેજી છાપાંઓમાં પણ તક નહોતી. એક માત્ર હિન્દી સાપ્તાહિક 'આકાશવાણી' હતું, પણ તે ભાઈ પરમાનંદની દોરવણી તળે હતું જેની નીતિ યશપાલને ફાવે તેમ નહોતી. આ સમયે કૉંગ્રેસની રાજનીતિમાં પં. મોતીલાલ નેહરુની સ્વરાજ પાર્ટી અને લાલા લાજપતરાયની નૅશનાલિસ્ટ પાર્ટી વચ્ચે ખેંસાતાંસી ચાલતી હતી. લાલાજીના એક મુખ્ય અનુયાયી ડૉ. ગોપીચંદ ભાર્ગવને લાહોરના વેપારીઓનો સારો ટેકો હતો. તેઓ ચુસ્ત કૉંગ્રેસી હતા ને પંજાબ લેજિસ્લેટિવ ઍસેમ્બ્લીમાં કૉંગ્રેસના પ્રતિનિધિ હતા. ગાંધી ખાદી ભંડારોનું કાર્ય પણ તેઓ સંભાળતા. લાલાજીના ટેકાથી તેઓ હિંદુઓના રાજનૈતિક સંગઠનના હિમાયતી હતા. સેવાસમિતિ અને વ્યાયામસમિતિ દ્વારા તેઓ આવું સંગઠન કરવા ઇચ્છતા હતા. યશપાલે પોતાની બેકારીનો પ્રશ્ન એમને જણાવ્યો. ડૉ. ભાર્ગવે સમિતિઓનું કામ સવેતન એમને સોંપ્યું. આ સાથે ડૉ. ભાર્ગવનું વિધાનસભા સંબંધી કામ પણ યશપાલે સંભાળ્યું. યશપાલે આ કામ સ્વીકાર્યા પહેલાં ભગતસિંહ અને ભગવતીચરણ સાથે એ અંગે વાતચીત કરી લીધી હતી.

યશપાલે હવે હિન્દુ વ્યાયામશાળામાં લાઠી છરીના દાવ, કવાયત વગેરેની તાલીમ આપવા માંડી. આ ઉપરાંત સેવાસમિતિના કામ તરીકે મેળા-ઉત્સવોમાં વ્યવસ્થાનો પ્રબંધ કરવા ઉપરાંત; હુલ્લડ સમયે હિંદુ મહોલ્લાઓની સલામતીની યોજનાઓના વ્યૂહ વગેરે પણ તે વિચારતા. લાહોરમાં ત્યારે મુસ્લિમ બહુમતી હતી અને બંને કોમો વચ્ચે ઠીકઠીક તંગદિલી રહ્યા કરતી હતી. ડૉ. ભાર્ગવે યશપાલને એક મકાન ભાડે લઈ આપેલું. ત્યાં થોડો સમય હિંદુ સંગઠન ને સેવાસમિતિના વડીલો આવતાજતા રહ્યા, પણ નીચેની ભજિયાંવાળાની દુકાનમાંથી ઉપર આવતા ધુમાડાથી ત્રાસી તેઓએ આવવું-જવું ઓછું કરી નાખ્યું અને પછી તો ત્યાં ભગતસિંહ ને સુખદેવનો આવરોજાવરો વધી ગયો.

ભગતસિંહ એ દિવસોમાં બહુ ચિંતિત હતા. એક તરફ ઘરમાં પિતા એમને બહુ ટોક્યા કરતા હતા. બીજી બાજુ જયચન્દ્રજીએ ભગવતીભાઈ છૂપી પોલીસના માણસ છે એવો પ્રચાર ફેલાવવા માંડ્યો હતો. આથી દળનું સંગઠન ભાંગી પડવાની પણ શક્યતા હતી. જયચન્દ્રજીનો પ્રચાર કૉંગ્રેસમાં અને છેક યુક્ત પ્રાંત સુધીનાં ગુપ્ત દળોમાં પ્રસરી ગયો હતો. બીજી બાજુ યશપાલ અને ભગતસિંહ ભગવતીભાઈ પર શંકા કરી શકતા નહોતા. અંતે આ પ્રશ્નનો નિવેડો લાવી દેવા ભગતસિંહ ભગવતીભાઇને કંઈ બહાના તળે પોતાને ગામ સાંડા લઈ ગયા અને એની ગેરહાજરીમાં યશપાલે કંઈ નિમિત્ત ઊભું કરી ભગવતીચરણના ઘેર જઈ ખાનગીમાં તપાસ કરી; પણ એમની વિરુદ્ધ કશું મળ્યું નહિ. સારું થયું કે દળે ભગવતીચરણની હત્યાનો નિર્ણય હજી નહોતો લીધો, નહિતર એ ગોઝારું કાર્ય કદાચ યશપાલને જ સોંપાયું હોત !

એ દિવસોમાં યશપાલ દળનાં હથિયારો પણ સાચવતા અને જરૂરી ગુપ્ત સંદેશાની આપલે પણ કરતા. પણ એમની ચાલુ નોકરી એ છોડવા માગતા નહોતા, અને દળને માટે પણ એ ઉપયોગી હતી.

બીજી બાજુ ભગતસિંહના પિતા પુત્રને ઠેકાણે લાવવા પરણાવી દેવા ઇચ્છતા હતા. ભગતસિંહ એ વાત પાછી ઠેલતા. સરદારજીએ સામ દામ ભેદ દંડ બધું અજમાવ્યું. એમને આ લોકોની ક્રાંતિની ધૂન પ્રત્યે નફરત હતી. ઘણી વાર એ યશપાલ કે સુખદેવને એ માટે ધમકાવતા પણ ખરા, ને એ ખિજાતા ત્યારે ભાષાવિવેકનું ભાન પણ ગુમાવી બેસતા. ક્યારેક ભગતસિંહનાં હાડકાં ખોખરાં પણ કરી દેતા.

એવામાં—ઈ. ૧૯૨૭માં લાહોરમાં દશેરાને દિવસે એકઠી થએલી ભીડમાં કોઈ વિકૃત માનસવાળા માણસે બૉંબધડાકો કર્યો. હિંદુ તહેવાર હોઈ ઘણા હિન્દુઓ જખમી થયા, એટલે એવું મનાયું કે આ ધડાકો કોઈ મુસલમાને જ કર્યો હશે. સેવાસમિતિ તરફથી ઇસ્પિતાલમાં દાખલ કરાએલા લોકોની શુશ્રૂષા માટે યશપાલ જતા આવતા. પોલીસે આડેધડ કેટલાકની ધરપકડો કરી, એમાં ભગતસિંહને પંદરેક દિવસની હવાલાત વેઠવી પડી. પણ પછી કોર્ટમાં રજૂ કર્યા વિના ચાળીસ હજારની જામીનગીરી પર છોડયા. જામીન થનારાઓને હેરાન ન થવું પડે એટલા માટે ભગતસિંહ ઘરમાં જ પુરાઈ રહ્યા. દરમિયાન યશપાલે ડૉ. ભાર્ગવ મારફત આ પ્રશ્ન છેક ઍસેમ્બ્લી સુધી પહોંચાડી ભગતસિંહની જમાનત પાછી મેળવી આપી. આ પછી થોડો સમય ઘરમાં ડાહ્યા બની રહી એકાએક ભગતસિંહ ગુમ થઈ ગયા, તે છેક ૧૯૨૯ના માર્ચમાં કેન્દ્રીય ઍસેમ્બ્લીમાં હિંમતભર્યો બૉંબધડાકો કરી દળનાં ચોપાનિયાં વહેંચીને ગિરફતારી વહોરી લઈ પ્રકટ થયા ત્યાં સુધી ભૂગર્ભમાં રહ્યા.

લાહોરથી નાસી જઈ ભગતસિંહ દિલ્હી, આગરા, કાનપુર, પટણા ને કલકત્તા સુધી પહોંચી તે તે સ્થળોના ક્રાંતિકારીઓને સંગઠિત કરવા મથ્યા હતા. યોગ્ય સંગઠન ને સાધનોના અભાવે બધાં દળોની સ્થિતિ બગડેલી હતી. ગુપ્ત ક્રાંતિકારીઓની બીજી મુશ્કેલી એ હતી કે એમના ઉદ્દેશો સાર્વજનિક હોવા છતાં તેઓને જનતાથી દૂર રહી એની સહાય વગર ચલાવવું પડતું હતું. વ્યક્તિગત રીતે પણ મોટા ભાગનાની આજીવિકાનાં ઠેકાણાં નહોતાં. હથિયારો ખરીદવા કે લાંબી સફર ખેડવા પાર્ટી પાસે પણ ધન નહોતું. ચોરી લૂંટફાટ પણ તેમનાથી થઈ શકે નહિ. એટલે જ ક્રાંતિના જેટલા પ્રયાસો થયા એનો આરંભ મોટે ભાગે સરકારી ધન લૂંટવાથી જ થયો. જે થોડાઘણા સારાં સ્થાને ગોઠવાઈ ગએલા તેઓ પોતાની કમાઈમાંથી દળને શક્ય એટલી સહાય કરતા. પંજાબના દળમાં ભગવતીચરણ આવા જ એક હતા, ને કાનપુરમાં વિજય. એ અંગ્રેજી અખબારોના સંવાદદાતા હતા.

એ ગાળામાં બનારસમાં માત્ર એક મહત્ત્વપૂર્ણ સાહસ થએલું. ત્યાંના દળે રાયબહાદુર જે. બૅનરજીને ગોળીએ દેવાનું કામ મણીન્દ્રનાથ બૅનરજીને સોંપેલું. આ રાયબહાદુર રાજનૈતિક ષડયંત્રો પકડી પાડવાની બાબતમાં ખ્યાત હતા. કાકોરી ષડયંત્ર પકડી પાડવામાં એમની જ મુખ્ય કામગીરી હતી ને એ બદલ સરકારે એમને રાયબહાદુર બનાવી નવાજ્યા હતા. મણીન્દ્રના એ મામા હતા. પણ મણીન્દ્રે સંબંધ ભૂલી જઈ સોંપેલી ફરજ બજાવી હતી. જોકે રાયબહાદુર માત્ર ઘાયલ થયા અને જીવી ગયા, એટલું જ નહિ પોતાની ફરજ પર પણ ચીટકી રહ્યા.

યુક્ત પ્રાંત-યૂ.પી ના દળમાં યે નિરુત્સાહ હતો. ત્યાંના અગ્રણી કાર્યકરો કાકોરી કેસમાં કેદ ભોગવતા હતા. એમને છોડાવવાની અનેક યોજનાઓ વિચારાઈ, પણ એકે અમલમાં મુકાઈ નહિ. પાછળ રહેલા સાથીઓની નિષ્ક્રિયતાથી જેલ ભોગવતા રામપ્રસાદ 'બિસ્મિલ' કેટલા

હતાશ હશે તે એમની આ પ્રસિદ્ધ ગઝલની પંક્તિમાં દેખાઈ આવે છે:

'મિટ ગયા-જબ મિટનેવાલા ફિર સલામ આયા તો ક્યા?
દિલકી બરબાદી કે બાદ ઉન કા પયામ આયા તો ક્યા?'

જેલમાંથી નાસીને વિદેશી સરકારને પડકારવાની 'બિસ્મિલ'ની ઇચ્છા ત્યાંનું દળ પૂરી ન જ કરી શક્યું અને ૧૭મી ડિસેમ્બરે એમને ફાંસી અપાઈ. પણ એ પહેલાં શિવ વર્મા નામે એક સાહસિક કાર્યકરે બિસ્મિલના કુટુંબ સાથે જેલમાં પહોંચી જઈ એમની પાસેનાં હથિઆરો ક્યાં છુપાવ્યાં છે તેની થોડી માહિતી મેળવી લીધી. બિસ્મિલને છેલ્લી વાર મળવા ગયાં ત્યારે એનાં માતાએ પુત્રની સજાનું દુઃખ દર્શાવવાને બદલે જે ગર્વ પ્રદર્શિત કરેલો તેનું બહુ રોચક અને પ્રેરક વર્ણન 'ચાંદ'ના ફાંસી અંકમાં પ્રકટ થએલું છે. એ વર્ણન કોઈ બીજા જ નામે આ શિવ વર્માએ જ લખેલું છે. બિસ્મિલે બતાવેલા ઠેકાણેથી શિવ વર્માએ શક્ય એટલાં હથિયારો મેળવી લીધાં.

કાકોરી કેસના કેદીઓને છોડાવવામાં મદદ કરવા ભગતસિંહ, સુખદેવ વગેરે પણ કાનપુર ગએલા. ત્યાં વિજય અને શિવ વર્માનો એમને પરિચય થયો. કાકોરી કેસના કેદીઓને ન નસાડી શકાયા, એટલે પછી ફતેહગઢની જેલમાંથી જોગેશચંદ્ર ચૅટરજીને છોડાવવા એમણે પ્રયાસ આદર્યો. આમાં વિજય અને શિવ વર્મા પકડાઈ ગયા, પણ ચાલતી ગાડીએ કૂદી પડી નાસી ગયા.

એક તરફ ભગતસિંહ વિવિધ દળોના સંગઠનનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે બીજી તરફ પંજાબના દળમાં જયચંદ્રજીની અને યુક્ત પ્રાંતમાં અલ્લાહાબાદના સાન્યાલની શિથિલતાને કારણે બંને દળોના સાથીઓ કંટાળી ગયા હતા. આથી ભગતસિંહ અને શિવ વર્માએ પોતાનાં સ્વતંત્ર દળ રચવા વિચાર્યું. હવે સુખદેવ, ભગતસિંહ, વિજય ને શિવ વર્માએ સાથે મળી ક્રાન્તિની યોજના ઘડવા માંડી.

ઈ. ૧૯૨૮ના સપ્ટેમ્બરની ૮-૯મી તારીખે દિલ્હીમાં ફિરોઝશાહનાં ખંડિયેરોમાં એક ગુપ્ત સભા મળી. આ સભામાં પંજાબથી સુખદેવ અને ભગતસિંહ, રાજપૂતાનાથી કુંદનલાલ, યુક્ત પ્રાંતથી શિવ વર્મા, બ્રહ્મદત્ત મિશ્ર, જયદેવ, વિજયકુમાર સિંહા, સુરેન્દ્રનાથ પાંડે અને બિહારથી ફણીન્દ્રનાથ ઘોષ તથા મનમોહન બૅનરજી આવેલા. ચંદ્રશેખર આઝાદ ન આવી શકેલા, પણ ભગતસિંહ ને શિવ વર્મા એમને મળી આવ્યા હતા અને બહુમતીએ જે નિર્ણય લેવાય તેમાં પોતાની સંમતિ આઝાદે આપી હતી. બંગાળના પ્રતિનિધિ પણ નહોતા આવ્યા. શિવ વર્મા કલકત્તા જઈ એમને યે મળી આવેલા પણ તેઓએ પોતાના 'અનુશીલન'દળના નેતૃત્વના સ્વીકાર માટે આગ્રહ રાખતાં, પ્રજાતંત્રની ભાવનાવાળા આ સૌને કોઈની 'દાદાગીરી' સ્વીકાર્ય નહોતી એટલે, બંગાળના સહકારની એમણે આશા જ છોડી દીધેલી. જયચંદ્રજી અને જે. એન. સાન્યાલ પણ આ સભામાંથી બાકાત રખાયા હતા.

અત્યાર સુધી દરેક પ્રાંતમાં અલગ દળ હતાં ને એમનાં નામ પણ વિવિધ હતાં. બંગાળ–બિહારમાં 'અનુશીલન' ને 'યુગાન્તર' તથા યૂ. પી.માં 'હિન્દુસ્તાન પ્રજાતંત્ર સેના' ને 'બનારસ રેવોલ્યુશનરી પાર્ટી' દ્વારા પોતપોતાની રીતે કામ થતું. દિલ્હીની સભામાં ભગતસિંહ અને સુખદેવે બધા પ્રાંતોના પ્રતિનિધિ લઈને એક કેન્દ્રીય સમિતિ રચી અને એના સંચાલન તળે 'હિંદુસ્તાન સોશ્યલિસ્ટ રીપબ્લિકન આર્મી' (હિંદુસ્તાની સમાજવાદી પ્રજાતંત્ર સેના)ની રચનાનો નિર્ણય લેવાયો. ઈ. ૧૯૩૧માં આ હિંદુસ્તાન સોશ્યલિસ્ટ રીપબ્લિકન આર્મીએ જે એક ઢંઢેરો પ્રકટ કરેલો તે એના કમાન્ડર-ઈન-ચીફ યશપાલને નામે થએલો. વિજયકુમાર સિંહા અને ભગતસિંહને આંતરપ્રાંતીય સંબંધ ટકાવવા વધારવાની ફરજ સોંપાઈ. સુખદેવને પંજાબ, શિવ વર્માને યુક્તપ્રાંત તથા કુંદનલાલને રાજપૂતાના ને ફણીન્દ્રનાથ ઘોષને બિહારના પ્રતિનિધિ



ભગવતીચરણ દુર્ગાભાભી બટુકેશ્વર દત્ત

સંગઠનકર્તા બનાવાયા.

ચંદ્રશેખર આઝાદ આ બધા નવજવાનોમાં વડીલ સમા હતા. વળી, હથિયારોના ઉપયોગનું સૌથી વધુ જ્ઞાન એમને જ હતું. એટલે બંધારણથી દળનું નેતૃત્વ કેન્દ્રીય સમિતિનું હોવા છતાં દળમાં એમને સ્થાન નેતા સમાન હતું: આ અંગે અંદરોઅંદર આછી ચડભડ પણ થતી, પણ આઝાદને નેતૃત્વની નહિ, દળ દ્વારા દેશકાર્ય કરવાની જ ખેવના હતી, અને દળમાં પણ એમણે બંધારણીય મર્યાદામાં રહીને જ કાર્ય કર્યું. અન્ય સાથીઓ જેટલું એમનું ભણતર ન હોવા છતાં પણ એમણે દાખવેલી વ્યાવહારિકતા અને નિષ્ઠા અંગે કોઈને કશી ફરિયાદ નહોતી.

પૈસાની ત્યારે એટલી તો ખેંચ હતી કે કેન્દ્રીય સભામાં આવતા પ્રાંતીય પ્રતિનિધિઓનાં ગાડીભાડાંની પણ ત્રેવડ શક્ય નહોતી. ફણીન્દ્ર ઘોષે બેતિયામાં એક લૂંટ કરવાની યોજના કરેલી. ભગતસિંહ ને આઝાદ હથિયારો લઈ ત્યાં પહોંચી ગયા, પણ અનુકૂળ ન જણાતાં એ યોજના રદ કરાઈ. બીજી યે ઘણી યોજનાઓ હતી, જેમાં એ સમયે આવેલા સાઈમન કમિશન પર બૉંબ ફેંકી એની સામેના પ્રજાના વિરોધને પ્રકટ કરવાનો ભગતસિંહનો પ્રસ્તાવ સ્વીકારાયો પણ હતો, પણ એ માટે પૂરતા પૈસા નહોતા. આ દરમિયાન કૈલાસપતિ ગોરખપુર જિલ્લાના બરહેલગંજની પોસ્ટ ઑફિસમાં નોકરી કરતો હતો ત્યાંથી લગભગ ૧૮૦૦ રૂપિયા ઉઠાવીને નાસી આવેલો એના પર દળનો ખર્ચ નભતો હતો.

લાહોરમાં 'નવજવાન ભારત સભા'ને સાઈમન કમિશનના આગમન સમયે ત્યાંનાં શક્ય એટલાં રાજનૈતિક દળોનો સાથ લઇને મોટા પાયે વિરોધ પ્રદર્શિત કરવાનો આદેશ અપાયો હતો. કૉંગ્રેસની તો આ કમિશન અંગે એટલી જ ફરિયાદ હતી કે પોતાના કોઈ પ્રતિનિધિનો કમિશનમાં સમાવેશ નહોતો. જ્યારે નવજવાન ભારત સભા તો અંગ્રેજ સરકારને આ દેશનું ભાગ્યનિર્માણ કરવાનો અધિકાર જ નથી એ મુદ્દા પર ચળવળ કરી રહી હતી. કમિશન વિરુદ્ધની મુંબાઈમાં પડેલી હડતાળ પણ આ દૃષ્ટિએ જ પડી હતી. લાહોરના વિરોધ-પ્રદર્શનનો દોર મુખ્યત્વે ન. ભા. સ.ને હાથ જ હતો, એટલે ત્યાં પણ સંપૂર્ણ હડતાળ પડી. સર્વત્ર કાળા વાવટા અને ઉઘાડાં માથાં (એ સમયે શોક પાળવા સિવાય ઉઘાડે માથે ફરવું એ અભદ્રતા ગણાતી.) દેખાતાં હતાં. આ વ્યાપક વિરોધમાં કૉંગ્રેસે પણ સાથ આપવો જ પડયો.

જ્યારે કમિશન લાહોર પહોંચ્યું ત્યારે લાલા લાજપતરાયના નેતૃત્વમાં લોકો સ્ટેશને પહોંચી ગયા. ન. ભા. સ.ના સભ્યો મોખરે રહી લાલાજીને માથે છત્રી ધરીને તડકાથી તથા મામલો બિચકે તો એની સામે એમને રક્ષણ આપવા એમની આજુબાજુ ગોઠવાઈ ગયા હતા. યશપાલ અને ભગવતીચરણ પણ ત્યારે હાજર હતા. લોકોના ટોળાએ કમિશનનો માર્ગ રોકી રાખ્યો. પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ સ્કૉટે લાઠીમારનો હુકમ આપ્યો. ડી. એસ. પી. સૉંડર્સ પોતે પણ લાઠી લઈ લોકો પર તૂટી પડયો. લાલાજી પર પણ એણે લાઠી ચલાવી. લોકો પર અમાનુષી માર પડતો જોઈ લાલાજીએ વિરોધ-પ્રદર્શન અટકાવી દીધું અને હતોત્સાહ થએલા લોકો



જયદેવ કપૂર　　રાજગુરુ　　શિવ વર્મા

કાળા વાવટા સાથે શહેરમાં ઘૂમવા લાગ્યા. ત્યાં પણ કેટલાકને માર ખાવો પડ્યો. આ છતાં એ જ દિવસે સાંજે એક જાહેર સભા યોજાઈ. સવારે માર ખાધા છતાં યે લોકોએ ઉત્સાહથી એમાં હાજરી આપી. લાલાજીએ વ્યાખ્યાન કર્યું. ત્યાં પણ લાઠીમાર થયો. પણ લોકોનો જુસ્સો અજબ હતો.

લાઠીમારને પરિણામે ૧૭મી નવેમ્બર (૧૯૨૮)ના રોજ લાલાજીનું અવસાન થયું. લાખ દોઢ લાખ લોકોએ એમની સ્મશાનયાત્રામાં ભાગ લીધો. સવારે દસ વાગ્યે આરંભાએલી એ યાત્રાને ચાર જ માઈલ દૂર રાવી તટે પહોંચતાં સાંજ પડી ગઈ હતી. યશપાલ એ સમયમાં ડૉ. ભાર્ગવની સેવાસમિતિમાં નોકરી કરતા હોઈ આ અંગેના પ્રબંધમાં ખૂબ જ વ્યસ્ત રહેલા. લાલાજીની ચિતાને કોઈ અપમાનિત ન કરી જાય એ સારુ કડકડતી ઠંડીમાં યે તેઓ આખી રાત સ્મશાનમાં રોકાઈ રહેલા. બીજી બાજુ ક્રાંતિદળનું કાર્ય પણ તેઓ નેપથ્યમાં રહીને સંભાળતા હતા. પંજાબના દળનું નેતૃત્વ સુખદેવને હાથ હતું. જયચંદ્ર સાથેનો બધો સંપર્ક આ લોકોએ તોડી નાખેલો કેમકે ભગવતીચરણ વિરુદ્ધ જયચંદ્રે ચલાવેલા પ્રચારનું જુઠાણું પકડાઈ ગયું હતું. ન. ભા. સ.નું કામ હવે ભગવતીચરણના હાથમાં હતું, પણ 'મેરઠ ષડ્યંત્ર' અંગે ચાલતી ધરપકડો-માં એમના કૉમ્યુનિસ્ટો સાથેના જૂના સંપર્કોના કારણે એમની ગિરફ્તારીનો પણ ભય હોઈ એ લગભગ છુપાતા ફરતા હતા.

હિં. સ. પ્ર. સે.ના નેજા તળે દળનું સંગઠન વ્યવસ્થિત બનતાં લાહોર-માં અવારનવાર પરપ્રાંતના પ્રતિનિધિ રહેતા પણ આવતાંજતાં મોટે-ભાગે તેઓ યશપાલને ત્યાં ઊતરતા. પંજાબી પોશાકોમાં રહેવા છતાં ભાષા તથા અન્ય વ્યવહારોથી તેઓ બહારના હોવાનું ગુપ્ત રહેવું મુશ્કેલ હતું. યશપાલ હજી પ્રકટપણે એમની સાથે ગુપ્ત કાર્યક્રમ ચર્ચતા નહિ.

સાઈમન કમિશનના વિરોધ અંગે યુક્ત પ્રાંતના કેટલાક સાથીઓ લાહોરમાં આવેલા. આ મોકાનો લાભ લઈ સુખદેવે પંજાબ નૅશનલ બૅંક લૂંટવાની યોજના ઘડી. આઝાદ, ભગતસિંહ અને રાજગુરુને પણ બોલાવ્યા. જોકે યશપાલને આ કાવતરું સફળ થવા અંગે શંકા હતી. ભગવતીચરણે પણ આ બૅંકમાં બહુધા આર્યસમાજી લોકોના પૈસા રોકાએલા હોઈ બીજી કોઈ બૅંક લૂંટવા સૂચવેલું. પણ બધી તૈયારી થઈ ચૂકી હોઈ એમાં કંઈ ફેરફાર થયો નહિ. છતાં છેવટની ઘડીએ નાસી જવા માટે જરૂરી ટૅક્સી ન મળતાં સૌ ખાલી હાથે પાછા ફર્યા. આઝાદ ધારત તો દુ:સાહસ કરી શકત, અને વ્યક્તિગત રીતે એ કરે પણ ખરા જ, પણ જ્યારે સંગઠિત પ્રયત્ન હોય ત્યારે પોતાના આવેશને અંકુશમાં રાખવાનો એમનામાં એક મોટો ગુણ હતો.

ખેર, બૅંક તો ન લૂંટી શકાઈ, પણ એ નિમિત્તે આટલા બધા સાથીઓ એકઠા થયા હતા તો કંઈક તો કરી બતાવવા આઝાદે સૂચવ્યું. ભગતસિંહે લાલાજીની હત્યાનો બદલો લેવાનો પ્રસ્તાવ કર્યો ને કેન્દ્રીય સમિતિએ એ મંજૂર રાખી સ્કૉટ અને સૅાંડર્સની હત્યા કરવાની યોજના વિચારાઈ. બંને પોલીસ ઉપરીઓની આવજાના સમય વગેરે જાણી લઈ બધી વિગતો નિશ્ચિત કરી લેવાઈ. પોલીસ થાણામાંથી પોતાની મોટર-સાઈકલ પર સૅાંડર્સ બહાર નીકળે ત્યારે એના પર ગોળી ચલાવવાનું નક્કી થયું. ૧૭મી ડિસેમ્બરે (૧૯૨૮) પોલીસ થાણા નજીક ગોઠવાએલા જયગોપાલે સૅાંડર્સના નીકળવાનો સંકેત આપ્યો. સૅાંડર્સ થાણાના ફાટક પાસે દેખાતાં જ નજીકમાં છુપાએલા રાજગુરુએ એના મસ્તક પર ગોળી છોડી. સૅાંડર્સ મોટરસાઈકલ સહિત ઊછળી પડ્યો. ભગતસિંહે નજીક દોડી જઈને બીજી બેચાર ગોળીઓ છોડી સૅાંડર્સને પૂરો કર્યો, અને યોજના પ્રમાણે બાજુની ડી. એ. વી. કૉલેજની હોસ્ટેલના માર્ગે બંને નાઠા.

સૅાંડર્સને પડતો જોતાં જ થાણામાંથી એક સિપાઇએ ચીસ પાડી. એ સાંભળી ટ્રાફિક ઈન્સ્પેક્ટર ફર્ન અને બેએક સિપાઇઓ દોડી આવ્યા. નાસતા ભગતસિંહે પાછા ફરી ફર્ન પર ગોળી છોડી. એથી બચવા નમી પડેલો ફર્ન ભોંય પર પડી ગયો, આ જોઈ ખમચી ગએલા સિપાઇઓ-માંનો એક ચંદનસિંહ હિંમત કરી આગળ ધસ્યો, પણ હવે માર્ગ રોધી ઊભેલા આઝાદે એના પર ગોળી છોડી ને સૌ ત્યાંથી સલામત છટકી ગયા.

સૅાંડર્સની હત્યાથી લાહોરમાં સનસનાટી મચી ગઈ. પણ હજી એનું રહસ્ય કોઈ જાણતું નહોતું. જૂની અદાવતથી કોઈ ડાકુઓએ તેને માર્યો હોવાનું પણ મનાતું હતું. પણ બીજે દિવસે લાહોરમાં હિં. સ. પ્ર. સે. એ વહેંચેલાં લાલરંગી ચોપાનિયાંએ એ ગેરસમજ દૂર કરી દીધી. રાષ્ટ્ર-ના સમ્માન માટે પ્રાણ નિછાવર કરવાની હિંદુસ્તાનીઓમાં હજી યે તાકાત હોવાનું આ પ્રમાણ આપી ક્રાંતિકારીઓએ લાલાજીની હત્યાનો બદલો લીધાની સ્પષ્ટતા તેમાં કરેલી હતી. સૅાંડર્સની હત્યા બદલ ખેદ વ્યક્ત કરવા સાથે એ અનિવાર્ય હોવાનું પણ એમાં જણાવ્યું હતું.

પણ ક્રાંતિકારીઓનો મૂળ ઉદ્દેશ આવી એકલદોકલ હત્યાનો નહોતો. મનુષ્ય દ્વારા મનુષ્યના થતા શોષણને અટકાવવા સામૂહિક ક્રાંતિ કરવાનું એમનું લક્ષ્ય હતું. હિં. સ. પ્ર. સે.નું કાર્ય અને ઉદ્દેશ હવે પ્રકટ થઈ ગયાં. લોકોમાં પણ એક પ્રકારનું ગૌરવ જાગ્યું. ધરપકડો થવા લાગી. પણ પકડાએલામાંથી કોઈ આ કાવતરાથી જ્ઞાત નહોતા.

બીજા જ દિવસે સુખદેવ યશપાલને મળ્યા. લાલાજીની હત્યાનો બદલો લેવાયો હોઈ ડૉ. ભાર્ગવ સહાય આપશે એમ ધારી સુખદેવના સૂચનથી યશપાલ ડૉ. ભાર્ગવને મળ્યા. એ વખતે ડૉ. ભાર્ગવે યશપાલને બસો રૂપિયા આપ્યા તો ખરા, પણ એ તો યશપાલના પગાર પેટે આપેલા એમ યશપાલને બહુ પછીથી જાણ થએલી. યશપાલ ક્રાંતિકારીઓ સાથે ભળેલા છે એ પણ ડૉ. ભાર્ગવ હવે જાણી ગયા, અને એ પછીનો એમનો વ્યવહાર ઠંડો પડી ગયો. યશપાલે લાવી આપેલા બસો રૂપિયાથી શું વળે? અંતે ભગવતીચરણની ગેરહાજરીમાં જરૂર પડ્યે કામ લાગે એ સારુ રાખેલા પાંચસો રૂપિયા એમનાં પત્ની દુર્ગાભાભીએ કાઢી આપ્યા, એનાથી લાહોર આવેલા સૌ સાથીઓ એક એક કરી બહાર નીકળી ગયા. પણ હજી ભગતસિંહને નસાડવા બાકી હતા. એ કામ કઠિન હતું. પોલીસથી એ છુપાતા ફરતા હતા. સૅાંડર્સના ખૂન પછી પોલીસ એમની શોધમાં જ હતી. જોકે હવે એમણે પોતાનાં કેશ-દાઢી કઢાવી નાખી વેશપલટો કરી નાખેલો, પણ ફર્ન પર ગોળી છોડતી વેળા બેત્રણ સિપાઇ-ઓએ એમને નજરે જોએલા એટલે ઓળખાઈ જવાનો ડર તો હતો જ.

મેરઠના બનાવ પછી નાસતા ફરતા ભગવતીચરણ કૉંગ્રેસના અધિ-વેશન નિમિત્તે કલકત્તા પહોંચી ગયા હતા. સુખદેવે એક દિવસ દુર્ગા-ભાભીને કલકત્તા જવા માટે પૂછી જોયું અને પછી ધીરે રહી ફોડ પાડ્યો કે એક સાથીને નસાડી જવાનો છે. દુર્ગાભાભીએ તૈયારી બતાવી એટલે એક રાત્રે સાહેબના વેશમાં ભગતસિંહને દુર્ગાભાભીને ત્યાં પહોંચતા કરી દીધા. ત્યારે જ ખબર પડી કે નાસનાર સાથી કોણ હતો. બીજા

(અનુસંધાન પૃષ્ઠ ૨૯૫)

'કુમુદસુંદરી'ના પત્ર

કુશળ હશો

લેખક • અશ્વિન દેસાઈ

તમને યાદ હોય તો, સ્કૂલના દિવસોમાં હું ખૂબ શરમાળ હતી. 'સર' કોઈ વાર મને ઊભી કરીને સવાલ પૂછતા, ત્યારે મારી શી હાલત થતી તે તમારાથી અજાણ્યું નથી. ઊભા થતાં જ મારી છાતી ધડક ધડક થવા માંડતી! અને સર પ્રશ્ન પૂછે એ પહેલાં તો હું પરસેવે રેબઝેબ થઈ જતી! સર પણ મારો ગભરાટ જાણતા, એટલે પ્રશ્ન પૂછતાં પહેલાં સહેજ હસી પડતા: 'કેમ સરુ! તબિયત ઠીક નથી?'

'ના જી! આ તો અમસ્તું જ! પૂછો ને!' હું ચહેરા ઉપરથી પરસેવો લૂછતાં લૂછતાં કહેતી, એટલે આખો ક્લાસ હસી પડતો. તમે પણ કદાચ હસ્યા જ હશો ને? અને સર બધાં તરફ જોઈને સહેજ આંખો કાઢતા, અને પછી બધાં શાંત પડી જતાં એટલે મને પૂછતા: 'હં, તો બોલો! કુમુદસુંદરીની મનોવ્યથા શી હતી?'

સવાલ સાંભળીને જ હું સ્તબ્ધ થઈ જતી! ફરી પાછા પરસેવાના રેલા ઊતરવા માંડતા અને હું સહેજ 'તતફફ' કરવા જતી, એટલામાં તો આખો ક્લાસ ફરીથી હસી પડતો! સર ઘાંટો પાડતા એટલે બધાં ફરીથી શાંત થઈ જતાં. સર ફરીથી મારી સામે જવાબની અપેક્ષાએ જોતા. હું સરની નજરનો ભાર ન ખમી શકતી એટલે નીચું જોઈ જતી, અને તમે છેક પાછલી બેન્ચ ઉપરથી, સહેજ મોટેથી શાંત ક્લાસમાં બોલી પડતા: 'સર! સરુ અભિનય કરીને જ જવાબ આપે છે!'

ફરીથી આખો ક્લાસ હસી પડતો ને બેન્ચ ઉપર હાથ પછડાતા અને શોરબકોર થઈ જતો! મારી હાલત કાપો તો લોહી ન નીકળે એવી થઈ જતી. અને સર પણ બધાંને ફરીથી શાંત રાખીને મારી સામું જોઈને સહેજ હસતા! હું એમના કહ્યા વગર જ બેસી જતી અને બેન્ચ ઉપર માથું છુપાવીને રડી પડતી! કોને ખબર, તમે ય કદાચ ત્યારે, તમારી બેન્ચ ઉપર બેસીને, બધાં સાથે મારી તરફ જોઇને હસ્યા પણ કર્યું હશે! એટલે સર પછી તમારી તરફ વળતા: 'તું ઊભો થા!' સર તમને કહેતા.

તમે નવાઈ પામીને તમારી આજુબાજુ જોતા—કદાચ એવો અભિનય કરવા, કે પ્રશ્ન ખરેખર તમને જ પુછાયો છે? અને સર તમારી ચાલાકી સમજી જઇને નામથી બોલાવતા: 'પીયૂષકુમાર! હું તમને કહું છું!' તમે આજ્ઞાંકિત વિદ્યાર્થીની અદામાં ઊભા થઈ જતા: 'જી સાહેબ!'

'સરુને પૂછ્યો તે જ પ્રશ્નનો હવે તમારે જવાબ આપવાનો છે!' સર ગંભીર થઈને તમને કહેતા. હું પણ પછી તમારા ચહેરાના ભાવ જોવામાં પડી જતી! તમે થોડી ક્ષણો સહેજ વિચાર કરીને કહેતા: 'સર! સરસ્વતીચંદ્ર વિષે કહું?' ફરીથી આખો ક્લાસ હસી પડતો. તમે ગંભીર થઈને જ ઊભા રહેતા. સર સહેજ મલકાઇને પૂછતા: 'કેમ? કુમુદસુંદરી નથી ગમતી?' બધાંના હાસ્ય વચ્ચે, તમે સહેજ નફ્ફટાઈથી મારા તરફ જોઈને સરને કહેતા: 'સર! ગમે ગમે તો છે, પણ એના વિષે ખાસ માહિતી નથી!' હું નીચું જોઈ જતી, અને શરમની મારી પછી પિરિયડ પૂરો થાય ત્યાં સુધી ઊંચે ન જોઈ શકતી!

અને તમે? રિસેસમાં જ મારી પાછળ પાછળ ચાલીને મને ધીમા દબાતા સ્વરે કહેતા: 'સરુ! મને કુમુદસુંદરી વિષેની તારી નોટબુક આપીશ?' અને હું ખૂબ જ સંકોચ પામીને, આજુબાજુ જોઈને, જવાબ દીધા વિના, ઝડપથી અમારા લેડીઝ રૂમમાં ચાલી જતી! તમે પણ પછી કદાચ રૂમની બહાર થોડીઘણી રાહ જોઈને ચાલ્યા જતા. અને સાંજે સ્કૂલ છૂટ્યા પછી તમે મારી પાછળ આવીને ધીમેથી કહેતા: 'સરુ! તારી નોટબુક મેં તારી બેન્ચના ખાનામાંથી લઈ લીધી છે! કાલે આપી દઈશ!' ને તમે હસતા. મને ખૂબ આંચકો લાગતો! હું ચાલતાંચાલતાં જ મારા હાથમાંની નોટબુક્સ ગણી જોતી. એક ઓછી થતી, એટલે સહેજ ઠપકાની નજર તમારી ઉપર નાખીને, ઝડપથી ઘર તરફ ચાલવા માંડતી. તમારી ઉપર ગુસ્સો આવતો તો ય હું બોલી ન શકતી!

પછી બીજે દિવસે મારી નોટબુક તમે હસીને, નફ્ફટ થઈ ને, ક્લાસરૂમમાં જ મારા હાથમાં પાછી મૂકતા, ત્યારે હું ખૂબ ગુસ્સાથી સહેજ હોઠ ફફડાવતી! તમે 'થૅંક યૂ વેરી મચ, સરુ!' કહીને હસતા હસતા ચાલ્યા જતા. પછી હું સલામતી ખાતર જ નોટનાં પાનાં ઉથલાવતી જતી, તો તેમાંથી ગડી વાળેલો એક કાગળ બહાર ધસી આવતો! હું ચમકીને, કાગળને પાછો નોટમાં મૂકીને તમારા તરફ જોતી, તો તમે હસતા હસતા તમારી જગ્યા ઉપર બેઠાબેઠા, સંમતિપૂર્વક માથું હલાવતા! મને એવો તો ગુસ્સો ચડતો કે.........

અને ક્લાસરૂમમાં તો તમારો એ ગડી વાળેલો કાગળ ઉકેલવાની હિંમત નહિ; પણ ઘરે જઈને હું, રાત્રે જમી પરવારીને, ઉપરની મેડીએ પરીક્ષાનું વાંચવા ચડી જતી; અને ત્યાં, આજુબાજુ જોઈને, ફાનસની વાટ સહેજ નીચે ઉતારીને, હું તમારો નોટમાં મૂકેલો કાગળ કાઢતી, ધડકતા હૈયે ગડી ખોલતી! તમારા તદ્દન ખરાબ અક્ષરો ઉકેલવામાં ખાસ્સી તકલીફ પણ પડતી! ખૂબ જ ધીરજથી હું વાંચવાનો પ્રયત્ન કરતી:

'સરુ!

તું મારા ઉપર ગુસ્સે કેમ થાય છે? હું તને સતાવું છું એટલે? તું જો હવે, મારી તરફ જોઈ ને એક સ્મિત કરશે, તો કોઈ દિવસ નહિ સતાવું, બસ? રાહ જોઈશ! પીયૂષ.

મને હસવું આવતું. ફરીથી વાંચી જતી. ફરીથી હસવું આવતું, અને પછી મને, તમને જવાબ લખવાનું મન થતું. હું નવી નોટ-બુકમાંથી, વચ્ચેથી, બે પાનાં કાઢતી અને ખૂબ જ સારા અક્ષરે લખતી:

'પીયૂષિયા!

તું આટલો બધો નફ્ફટ કેમ છે? હું તારી સામે જોતી નથી, વાત નથી કરતી, તો ય મારી જ પાછળ કેમ પડ્યો રહે છે? ક્લાસની પેલી ચિબાવલીઓ સાથે હસી હસીને વાત કરતો રહે છે તો ય સંતોષ નથી થતો? મારી નોટ બુક હવે જો લઈ જઈશ, તો હેડમાસ્તરની ઑફિસમાં જવાબ દેવા તૈયાર રહેજે.'

આટલું લખીને પછી નીચે 'સરુ' લખવાનું મન થતું, પણ તમે એનો અવળો અર્થ લો એ બીકથી, નીચે કંઇ જ ન લખતી. એમ ને એમ જ વાળી દેતી. પછી આ મારી લેખિત 'નોટીસ' તમને પહોંચાડવાની ખૂબ જ મૂંઝવણ થતી! પછી સર નિબંધની નોટ્સ વહેંચવા માટે લાવીને ટેબલ ઉપર ઢગલો કરતા, ત્યારે મારી નોટ શોધવાને બહાને, હું રિસેસમાં તમારી નોટ શોધીને મારી 'નોટીસ' અંદર મૂકી દેતી.

અને સાંજે સ્કૂલ છૂટવા પહેલાં તો તેનો જવાબ પણ મારી નોટમાં આવી જતો! અને રાત્રે હું ફરીથી વાંચતી:

'પ્રિય સરુ,

તારો ગુસ્સો જોકે મને ખૂબ ગમે છે, પણ હેડ માસ્તર પાસે મહેરબાની કરીને ન લઈ જતી! બેત્રણ વખત બીજાં કારણોસર જઈ આવ્યો છું તેટલું પૂરતું છે! તારે મને સ્કૂલમાંથી કઢાવી મૂકવો હોય તો જજે! કાલે પણ તારી એકાદ નોટ લઈ લેવાનો છું, અને પછી હેડમાસ્તરની ઑફિસની બહાર તારી રાહ જોઈશ! મારા ઉપર દયા આવે તો ન આવતી.

'ચિબાવલીઓ' વિષે કોઈ વાર રૂબરૂમાં વાત કરીશ—જો તું સાંભળે તો! અને હા..., ગુસ્સે ન થાય તો! બાકી તારો ગુસ્સો જ મને તો ગમે છે! તારો પીયૂષિયો!'

અને આમ ધીમે ધીમે તમે મને હેડી પાડી દીધેલી! ચાલાક તો પ-

હેતથી જ ખરા ને! પછી, કદાચ જેને 'પ્રેમપત્ર' કહેવાય એવું, મેં તમારા શરણે આવીને, લગભગ મૅટ્રિ ના વરસમાં લખેલું, હજી મોઢે યાદ છે :

'વહાલા પીયૂષિયા!

તારી નફ્ફટાઈ, કોને ખબર કેમ, હવે જાણે કે મને સહી ગઈ છે! કાલે સ્કૂલે કેમ નહોતો આવ્યો? મને ન ગમ્યું!

અને હા, ભૈયાની હોટલમાં ભરાઈને, તું પણ પેલી ટોળકીમાં સિગારેટ પીએ છે ને? મને ખબર છે! સિગારેટનું પાણી મૂક્યા વગર, હવે મારી સાથે વાત કરવા ન આવતો! અને ન જ છોડવી હોય તો, મને જવાબ પણ ન લખતો! -લિ. સિગારેટ છોડે તો જ તારી, સરુ!'

અને તમે સિગારેટ છોડી દીધેલી! હું સ્નેહથી તમને, રિસેસમાં ડાહ્યા થઈને લાયબ્રેરીમાં બેઠેલા જોઈ રહેતી અને હરખાતી! પછીના એક—બે વર્ષમાં તો આપણે પૂર બહારમાં પ્રેમમાં પડી ચૂક્યાં હતાં! પછી, રસ્તા ઉપર કે ગલીમાં ઊભા રહીને વાતો કરતાં સંકોચ થતો એટલે, સંવાદરૂપે પણ 'પ્રેમ-પત્રો' જ લખતાં રહ્યાં! અને સારી એવી પ્રેમ-પત્રોની થોકડી આપણા બન્નેના ખાનગી કબાટમાં થઈ ગએલી! એ બધાં જો યાદ કરીને અહીં લખું, તો 'સરસ્વતીચંદ્ર' કરતાં પણ મોટું પુસ્તક તૈયાર થાય!

પણ, પછીના બધા પત્રો યાદ કરવા જરૂરી નથી. તમારો છેલ્લો પત્ર, અને મારો છેલ્લો જવાબ, આજે ય કોને ખબર કેમ, ય દદારત ઉપરથી ખસતા નથી! અને, ઘણી વાર હું બેઠી બેઠી એ પત્રોને મમળાવ્યા કરું છું :

'પ્રિય સરુ,

તને કદાચ આઘાત લાગશે, પણ લખ્યા વિના ચાલે એમ નથી.

મેં મારાથી બનતા બધા જ પ્રયત્નો કરી જોયા! પણ ઘરનાં કોઈ એકનાં બે નથી થતાં! મને મુંબાઈ ધકેલી દેવા માગે છે! ત્યાં આગળ મામાએ કંઈક નક્કી પણ કરી નાખ્યું છે એવી ગંધ આવે છે! છતાં ય હું તો મક્કમ જ છું! તું જરા ય ચિંતા ન કરતી! તારા સિવાય હું કોઈની સાથે લગ્ન કરવાનો નથી! છતાં, એક સજા રૂપે, તને પ્રેમ કર્યો તેની સજા રૂપે, જો એ લોકો મને મુંબાઈ ધકેલી દેવા માગતા હોય, તો મને લાગે છે કે, મારે એ સજા ભોગવીને પણ તાકાતવાન બનવું જ જોઈએ! તને શું લાગે છે? રૂબરૂમાં જ તને પૂછવું હતું પણ હું આજે સાંજની ગાડીમાં જાઉં છું. તારા પ્રત્યાઘાત નીચેના સરનામે નિરાંતે લખજે. દરમ્યાનમાં હું તારા સંપર્કમાં રહીશ. —હમેશનો તારો જ, પિયૂષ!'

અને આ પત્ર મળ્યા પછી, મને શું લખવું તે તાત્કાલિક સૂઝેલું નહિ! હું રડીરડીને મૌન થઈ ગએલી. બેપાંચ વરસો એમ જ વીતી ગએલાં.

અને એક સાંજે, અચાનક જ, મેં તમારો છેલ્લો પત્ર કાઢીને, તેમાંથી જોઈને, મારા જવાબ રૂપે લખવાના પત્ર ઉપર સારા મરોડદાર અક્ષરે સરનામું કરેલું. અને શું લખવું તેના વિચારમાં પછી કલાકો સુધી બેસી રહેલી! પછી ઝડપથી મેં પત્રમાં બે જ શબ્દો લખેલા: 'કુશળ હશો!'

એ પત્ર તમને મળ્યો હશે? અને મળ્યો હોય તો ય, સિગારેટની રાખ ખંખેરતાં ખંખેરતાં પણ તમે વાંચ્યો હશે કે નહિ, કોને ખબર! □

લઘુકથા

અંતરનું ઊંડાણ

સરોજ ત્રિવેદી

વાત બહુ સામાન્ય હતી, પણ જિદ્દે ચડી ગઈ હતી, ને પરિણામે ઉગ્ર ઝગડા પછી મારા પડોશી મોહનભાઈએ એમનાં ઘરવાળાં મુક્તાબેનને સૌના દેખતાં જ ધીબી નાખ્યાં. મુક્તાબેનનાં મોં પર લીલાં ચકામાં ઊપડી આવ્યાં હતાં.

અરસિક જણાતા મોહનભાઈને ફૂલછોડ ઉગાડવાનું કોણ જાણે ક્યાંથી ભૂત ભરાએલું તે ક્યાંકથી બોગનવેલી, ડોલર, જૂઈ ને ગુલાબની ડાળીઓ લાવી આંગણામાં રોપી દીધેલી ને જાતે પાણી પાઈ છોડવાઓ ઉછેરેલા. ઉનાળો આવતાં તો છોડવાઓ પર કૂણી કૂણી ચમકતી લીલી કૂંપળો ફૂટી રહી.

ધોમ ધખતા ઉનાળે દૂરથી પાણી સિંચી લાવી છોડવાઓને પાવાની મુક્તાબેને ના પાડી ને ઝગડો થયો અને અંતે ધણીના હાથે માર ખાધો. મુક્તાબેનને બધાની વચાળે અપમાનભર્યો માર પડ્યો એનો ડંખ બહુ ઊંડે ઊતરી ગયો. બન્નેનાં જીવનમાં એક તિરાડ પડી ગઈ, ને એ તિરાડ વચ્ચે એક સૂનકાર ઘુમરાતો થઈ ગયો. એના ભારે મુક્તાબેનના જીવનમાં ચુપકીદીભરી ઉદાસી છવાઈ ગઈ. મોહનભાઈ પહોંચતા નહિ તો પણ પૈસા દઈ છોડને પાણી પીવડાવતા.

થોડા દિવસ પછી 'આઠેક દિવસમાં આવું છું' કહી મોહનભાઈ છોકરાઓ પાસે મુંબાઈ ગયા. ગયા તે ગયા! ન કશા આવવાના અણસાર કે ન કશો કાગળપત્ર! મુક્તાબેનના મોં પર ક્ષોભ ને ઉદાસીનતા સાથે ચિંતા પણ ઊભરાઈ આવી. પાણી વગર છોડવાઓનાં પાંદડાં સુકાઈને ખરી પડવા માંડ્યાં.

એક દિવસ વહેલી સવારે હું ને મારા પતિ લૉબીમાં દાતણ કરવા આવ્યાં તો આંગણામાં મુક્તાબેન છોડવાઓની ક્યારીઓમાં છલોછલ ભરેલાં પાણીમાંથી ખરી પડેલાં સૂકાં પાંદડાં કાઢતાં બેઠાં હતાં.

અમે બન્ને આંખે છેડો દબાવતાં મુક્તાબેનને જોઈ રહ્યાં. □

અનુસંધાન] **અંગ્રેજી સાહિત્યનું આચમન** [પૃ. ૨૮૯થી

જ પુત્રી છે, અને મૃત્યુ એ બેના સમાગમનું ફળ છે) ચિત્કાર કરી ઊઠે છે :

'O father, what intends thy hand' she cried,
'Against thy only son? What fury, O son,
Possesses thee to bend that mortal dart
Against thy father's head?'

પાપ અને મૃત્યુનો પૂર્વ-ઇતિહાસ હકેલાય છે અને નર્કના સીમાન્તે પિતા, પુત્રી અને પુત્રનું પુનર્મિલન ઊજવાય છે. નર્કાગારની ચાવી સેતાનને મળે છે અને સેતાન નર્કાગારની બહાર અરાજકતા (Chaos)ના પ્રદેશમાંથી વસમો પ્રવાસ ખેડીને પોતાના ધ્યેયની સીમા આગળ, નવી માનવસૃષ્ટિની સમીપ આવી પહોંચે છે.

મિલ્ટને 'Chaos'માં સેતાનના પ્રવાસનું જે વર્ણન કર્યું છે તે તેની ચિત્રાત્મક શૈલીનું સમર્થ ઉદાહરણ છે. એમાં સેતાનની મુશ્કેલીનું—તેના પુરુષાર્થનું ચિત્ર આપવા માટે તેણે યોજેલી પદાવલી જુઓ :

So eagerly the Fiend
Over bog or steep, through strait, rough,
dense or rare,
With head, hands, wings, or feet, persues his way,
And swims or sinks, or wades, or creeps, or flies. (ચાલુ)

હિંમતલાલ કપાસી



'વિનોદ'ની નજરે

[૧૮]

લેખક

વિનોદ

ભટ્ટ

દરેક વ્યક્તિમાંથી 'વેઈવ્ઝ' નીકળતાં હોય છે. આંખો મીંચીને એ વ્યક્તિનું સ્મરણ કરીએ એટલે એ વેઈવ્ઝ આપણા મગજ પર ઝિલાય છે; ને તરત જ માનસિક પ્રક્રિયા શરૂ થઈ જાય છે. કોઈક વાર મને જ્યારે માનસિક થાક જેવું વરતાય ત્યારે હું હિંમતલાલ કપાસીનું મનોમન સ્મરણ કરું છું ને માનસિક થાક ઓગળવા માંડે છે. દૂધમાં ગ્લુકોઝ નાખીને પી ગયા પછી રાહત વરતાય એવી જ લાગણી થાય છે.

આ હિંમત કપાસીના મિત્રો તેમને આનંદી કાગડા તરીકે ઓળખે છે. આ માણસને જોયા-મળ્યા પછી જ પેલા લેખકે આનંદી કાગડાની વાર્તા લખી હશે એવું પણ લોકો માને છે. ગમે તેવી પરિસ્થિતિમાં તે હસી શકે છે. ૪૯ વર્ષના આ યુવાનના તમામ વાળ સફેદ છે. સહેજ લીલાશપડતા કાચનાં ગૉગલ્સ પહેરે છે. ટટ્ટાર પણ લયબદ્ધ ચાલે તે ચાલે છે. જીવનનાં ઘણાં બધાં ક્ષેત્રોમાં તે આ જ પ્રમાણે ચાલ્યા છે.

અમદાવાદની એક ઘણી જ સારી ગણી શકાય એવી વિદ્યાનગર હાઈસ્કૂલના તે પ્રિન્સિપલ છે. શિક્ષણક્ષેત્રમાં કોઈ પણ મિત્ર ન હોવા છતાં આ લાઈનમાં તે કેવી રીતે પ્રવેશ્યા એની ય એક રસપ્રદ વાત છે. બી.એ.માં સારો ક્લાસ આવ્યો એટલે તેમના મગજમાં એક 'ફની' વિચાર આવ્યો: પ્રોફેસર થવાનો. મોટા ભાઈને વાત કરી 'તું અને એ ય પાછો પ્રોફેસર!' કહી, કોઈ સારી જોક સાંભળી હોય એમ તેમની પ્રોફેસર થવાની વાત ભાઈએ હસી નાખી. શિસ્ત સાથે જરા પણ લેવા-દેવા ના હોય એવો માણસ પ્રોફેસર બને તો? આ વિચાર જ મોટા ભાઈ માટે મનોરંજક હતો. અને એક વિચારનો ઝબકારો થતાં જ મોટા ભાઈ ઉત્તમભાઈએ હિંમતભાઈને સ્કૂલ ખોલી આપી: એ બહાને, કમસે-કમ, હિંમતમાં થોડી તો શિસ્ત આવશે? આમ, આજથી લગભગ ૨૫ વર્ષ અગાઉ અમદાવાદમાં ઉસ્માનપુરામાં, ખેતરોની વચ્ચે એક જુદા જ કારણસર સ્કૂલ ઊભી થઈ. આ સ્કૂલ હિંમતે ચલાવવા લીધી છે એટલે તો ચાલવાની જ નથી એવું ઘણા એ વખતે માનતા. સ્કૂલ જો નહિ જ ચાલે તો આ મકાનને રેસિડેન્શીઅલ હોટેલમાં ફેરવી નાખવાનો વિકલ્પ પણ હિંમતલાલે વિચારેલો. શહેરનો આ વિસ્તાર એ સમયે બહુ ખીલેલો નહિ. શાળાની બારીમાં દૂરબીન માંડીને હિંમતભાઈ બેસતા—કોઈ વિદ્યાર્થી આ તરફ ફરકે છે? એ જોવા. ઉસ્માનપુરા–નવરંગપુરા ગામોમાં હૅન્ડબિલો વહેંચવા ય તે જાતે જ સાઈકલ પર જતા.

ને સાલી ગમ્મતની વાત એ બની કે સ્કૂલ તો ચાલી! ને આજ પચ્ચીસ વરસથી થાક્યા વગર, નવા ઉત્સાહથી આજે ય તે ચાલે છે.

'આ સ્કૂલ ચલાવવામાં તમે સફળ કેવી રીતે થયા?' એવું કોઈ પૂછે તો પોતાના આગવા લહેજામાં હિંમત કહે છે: 'રિકવાયર્ડ રૂટીનનો સદંતર અભાવ, બીજું કશું જ નહિ....'

અત્યારે પણ છોકરાઓને તેમની ઑફિસમાં દોડતા તમે જોઈ શકો. કોઈ શિક્ષક વિદ્યાર્થી પર ખિજવાઈને 'ચાલ તને પ્રિન્સિપલ પાસે લઈ જાઉં' એવી ધમકી આપે કે તરત જ વિદ્યાર્થી તે શિક્ષકની પહેલાં કપાસી સાહેબની ચેમ્બરમાં પ્રવેશી જાય છે. શિક્ષા થવાને બદલે વિદ્યાર્થીને પોતાની સલામતી ત્યાં વધુ દેખાય છે. તોફાની વિદ્યાર્થી પર ગુસ્સે થવાને બદલે પ્રેમથી તેના ખભા પર હાથ મૂકીને કપાસીસાહેબ વાત કરે છે.

એક દિવસ ત્રણચાર તોફાની બારકસો સ્કૂલમાં યુનિફૉર્મ પહેરવાને બદલે લૂંગી પહેરીને આવ્યા. શિક્ષકો તેમના પર નારાજ થઈ ગયા. શિક્ષા કરવા તેમને કપાસીસાહેબને હવાલે કરી દીધા. તેઓએ આચરેલ ગેરશિસ્ત બદલ નશ્યંત કરવાને બદલે કપાસીસાહેબે જાતે જ એ લોકોને લૂંગી પહેરી બતાવી; લૂંગી સાચી રીતે કેમ પહેરાય એ શીખવ્યું. ને ઉપરથી સારી લૂંગી કયે ઠેકાણે ને શી કિંમતે મળે છે, કયા કયા રંગોમાં મળે છે એની રસપ્રદ માહિતી આપી.

પોતે શાળાના પ્રિન્સિપલ છે એ વાત હિંમતભાઈને માત્ર પ્રિન્સિપલ તરીકે સહી કરતી ક્ષણે જ યાદ આવે છે, પછી ભૂલી જાય છે. (સ્કૂલને ઝાંપે જ સ્કૂલને ખંખેરીને તે આગળ વધી જાય છે.) પ્રિન્સિપલ તરીકે તે કેમ નભ્યા છે એનું તો ખુદ તેમને ય ભારોભાર આશ્ચર્ય છે. (ને કદાચ એટલે જ વિશ્વના કોઈ પણ સમાચાર તેમને ચોંકાવી શકતા નથી.) સ્કૂલ વધારે સારી રીતે ચાલે એ માટે પ્રિન્સિપલ તરીકે ખસી જવા ય તે બે-ત્રણ વાર તૈયાર થએલા, પણ સ્ટાફે એમને તેમ કરતાં રોકેલા; કેમ કે એ શિક્ષકો પણ આ પ્રિન્સિપલ સિવાય ક્યાં ય ચાલે એવા નથી. (ફૂટેલ પિયાલાના છે.)

તેમનામાં નિખાલસતા ય ભારોભાર છે. પોતાની ભૂલ હોય ત્યાં તરત જ સ્વીકારી લેવાના. એમાં તે જરા પણ નાનમ નથી અનુભવતા. એક વખત તે નવમા ધોરણમાં, પ્રૉક્સીમાં પીરિયડ લેવા ગયા. પાઠ્ય પુસ્તકમાં ડૉક્ટર ઝાકીરહુસેનની પ્રખ્યાત વાર્તા 'અબૂખાંકી બકરી' ચાલે. આ વાર્તા કપાસીસાહેબ ભણાવવા માંડી. વાર્તાની છેલ્લી લીટી આવી: 'ઔર ફિરસે અબૂખાં, બેબકરિયાં હો ગયા.' આ લીટીનો અર્થ સમજાવતાં સાહેબ બોલ્યા: 'પછી તો અબૂખાં પાસે બે જ બકરીઓ રહી. એક વિદ્યાર્થીએ ઊભા થઇને વચ્ચે જ કહ્યું: 'સાહેબ, બેબકરિયાંનો અર્થ બકરી વગરનો થાય.'

'બેસી જા, તને સમજણ ના પડે.' કહી સાહેબે તેને બેસાડી દીધો.

પીરિયડ પૂરો થયો એટલે ટીચરરૂમમાં જઇને હિંદીના 'હેડ ઑફ ડિપાર્ટમેન્ટને તેમણે પૂછ્યું: "અરે ભાઈ, આ 'બેબકરિયાં'નો શો મામલો છે? શો અર્થ થાય, એનો?"

'સાહેબ, બે બકરિયાં એટલે બકરી વગરનો.'

'એમ? તો તો પેલો છોકરો સાચો જ હતો ને? હવે એમ કરો તમારો પીરિયડ આવે ત્યારે તમે એ છોકરાને કહી દેજો કે એ સાચો હતો.'

હિંમતભાઈ કોઈ પ્રશ્નને પ્રતિષ્ઠાનો સવાલ ક્યારે ય ના બનાવે. ભૂલ જણાય એટલે સુધારી લે. મારો પ્રિય મિત્ર વિનોદ જાની (પ્રીત, પિયુ ને પાનેતર ફેઈમ) તેમની શાળામાં શિક્ષક છે. (આ માટે કપાસી કે જાની બેમાંથી કોને અભિનંદન આપવાં એ પ્રશ્ન છે.) વિનોદે સ્કૂલના એક વિદ્યાર્થી પર સારી એવી મહેનત લઈને તેને 'મોનો ઍક્ટિંગ'નો એક ટુકડો તૈયાર કરાવ્યો. પ્રોગ્રામના દિવસે વિદ્યાર્થીએ, વિનોદે શીખવેલું મોનો ઍક્ટિંગ કરવાને બદલે કોઈ બીજો જ ટુકડો કર્યો. જો કે તેને ઈનામ તો મળ્યું, પણ વિનોદ ખફા થઈ ગયો. થોડુંક સ્વમાનભંગ જેવું

પણ લાગ્યું. આ વિદ્યાર્થી સામે શિસ્તભંગનાં પગલાં લેવાં જોઇએ. કપાસીસાહેબને અનુરોધ કર્યો. સાહેબે વિદ્યાર્થીનો બચાવ કરતાં કહ્યું: 'એમાં મને કશું ખાસ ગંભીર નથી જણાતું. છોકરું છે તે ભૂલ તો કરે. છોકરો ઈનામ તો લઈ આવ્યો છે ને?' વિદ્યાર્થીના શિસ્તભંગ કરતાં ય કપાસીસાહેબના બચાવથી જાનીને વધારે માઠું લાગ્યું. અન્ય શિક્ષકો પણ છેડાઈ પડયા ને સ્કૂલમાં હડતાળ પડી.

એ સાંજે સાહેબ સ્કૂલના કૉમ્પાઉન્ડમાં ખુરસી નાખીને બેઠેલા. કવિ રાજેન્દ્ર શુક્લ તેમને મળવા આવ્યો. હડતાળ બાબત વાત નીકળતાં કવિએ કહ્યું: 'તમે, સાહેબ, એ કેમ નથી સમજતા કે શિક્ષકને મમત્વ હોય. તમારે એ રીતે વિચારવું જોઇએ.' બીજી જ પળે સાહેબે કાનની બૂટ પકડતાં કહ્યું: 'એ વાત સાલી મારા મગજમાં અત્યાર સુધી કેમ આવી જ નહિ!' ને તરત જ શિક્ષકો આગળ પોતાની ભૂલ કબૂલી લીધી.

મારા મતે, કદાચ મોરારજીભાઈ કરતાં ય વધારે તે લોકશાહીના હિમાયતી છે. તેમને ત્યાં છે એવી લોકશાહી ભાગ્યે જ બીજી કોઈ સ્કૂલમાં હશે. ખેતરોની વચ્ચે જહેમતથી તેમણે સ્કૂલ ઉગાડી છે. પોતાના બાળકની જેમ પાળીપોષીને મોટી કરી છે. છતાં આ સંસ્થા તેમની પોતાની જ છે એવી માલિકી ભાવનાથી તે પીડાતા નથી. એક વાર શિક્ષકોની મીટિંગમાં એક શિક્ષક ગુસ્સે થઈને બોલ્યો: 'કોઈના બાપની સ્કૂલ થોડી છે?' ત્યારે કપાસીસાહેબ તેની સામે જોઈને માથું હલાવવા માંડયા.

એક વાર સાહેબે કોઈકના મોઢે એક શિક્ષક વિષે કશીક ટીકા કરી, જેની જાણ એ શિક્ષકને થઈ. બીજા બે-ત્રણ શિક્ષકોને સાથે લઈને એ રાત્રે સાહેબના ઘેર ગયો. સાહેબ સ્પૉર્ટ્સ ક્લબમાં ફિલ્મ જોવા ગએલા. શિક્ષકોએ ત્યાં જઈ તેમને ઘેર્યા. પછી ગાંધીબ્રિજના સર્કલ પર પલાંઠી વાળીને શિક્ષકોને સાંભળ્યા ને પોતે કરેલ ટીકાનો અર્થ સમજાવ્યો.

આ સાહેબ વૅકેશન પડવાના આગલા દિવસે ભરાતી શિક્ષકોની મીટિંગમાં કાયમ કહે છે: 'વૅકેશનમાં બહાર ફરવા જજો. તબિયત બનાવજો. સ્કૂલ તો ચાલ્યા કરશે.'

કપાસીસાહેબ પ્રિન્સિપલ છે ને ગુજરાતીના શિક્ષક છે; પણ ગુજરાતીના હેડ ઑફ ધ ડિપાર્ટમેન્ટ પોતે નથી-વિનોદ જાની છે. વિનોદ ક્યારેક ગમ્મતમાં તેમને પૂછીય લે છે; 'તમે નિબંધ કેટલા લખાવ્યા?'

અમદાવાદની-કદાચ ગુજરાતની આ એક જ એવી સ્કૂલ છે જેમાં પીરિયડ બદલાય ત્યારે 'બેલ'ને બદલે મ્યૂઝિક વગાડવામાં આવે છે। તેમને મન બેલ તો જેલમાં વાગે, સ્કૂલમાં નહિ.

સ્કૂલના ધંધાને તેમણે બ્રેડ-બટર માટે સ્વીકાર્યો છે, પણ તેમનાં પાન પટ્ટી—શૉખ—તો સંગીત જ છે.

એક વાર તેમને કાનની તકલીફ ઊભી થઈ. તે દોડયા ડૉક્ટર પાસે. ખૂબ જ ગંભીરપણે ડૉક્ટરને કહ્યું: 'જોઈએ તો સાહેબ, આંખ લઈ લો: તેના વગર ચાલશે, પણ કાનની તકલીફ નહિ પોસાય.'

'કેમ?' ડૉક્ટરે પૂછ્યું.

'મારા કાન જશે તો બીથોવન (Beethoven) કે બાખ (Bach)ને સાંભળશે કોણ?' આ પ્રસંગ પરથી જ તેમની સંગીતપ્રિયતાનો ખયાલ આવી જશે. સંગીત માટે તેમને અનન્ય પ્રીતિ છે. તેમના આ શૉખને કારણે જ મિત્રો તેમને 'પંડિત', 'બાપુ' વગેરે ઉપનામે ઓળખે છે. તેમને ત્યાં પાશ્ચાત્ય સંગીત તથા ભારતીય શાસ્ત્રીય સંગીતની હશે એટલી રેકોર્ડ તો અમદાવાદના કોઈ મોટા દુકાનદારને ત્યાં ય કદાચ નહિ હોય. પ્લેઅર પર તેમને રેકોર્ડ ગોઠવતા જોવા એ ય એક લ્હાવો છે. કોઈ નવોઢા દુલ્હનના કપોલ પર હાથ ફેરવતા પ્રીતમની નજાકતથી રેકોર્ડ પર સ્પન્જ મારી સાફ કરીને પ્લેઅર પર તે ગોઠવે છે.

અમદાવાદમાં સંગીતનો કોઇ જાહેર જલસો હોય તો મોખરાની જગ્યા પર જ આ બાપુ જડી જવાના. સાજિંદા સાજ પર ટ્યૂનિંગ કરતા હોય એ પરથી જ તે કહી શકે કે એ લોકો કયો રાગ વગાડશે. છેલ્લાં કેટલાંક વર્ષોથી તે સિતારવાદન પણ શીખી રહ્યા છે. (કોઈ કહેતું'તું કે તે કાન-ટોપી પહેરીને સિતાર પર રિયાઝ કરે છે!)

સંગીતના તે અચ્છા ક્રિટિક છે. ને ક્રિટિક મોટે ભાગે સર્જક નથી હોતા-કોઈ શાપને કારણ. એવું આ પંડિતનું ય છે. તે સંગીતજ્ઞ હોવા છતાં સંગીત અંગે, સાંભળવાથી વિશેષ આગળ વધી શક્યા નથી. પોતાનામાં સર્જનાત્મક શક્તિનો સદંતર અભાવ છે એ વાત બહુ જ વહેલા તે પામી ગયા હોઈ તરત જ એમાંથી બહાર નીકળી ગયા. શા માટે બાકીની જિંદગી કોઈ વહેમમાં બસર કરવી?—આ સમજ વહેલી આવી જવાથી તે ફ્રસ્ટ્રેશનમાંથી બચી શક્યા છે.

છતાં સંગીત માટેનો આદર તેમનામાં અકબંધ પડયો છે. સંગીતનું અપમાન તે સાંખી શકતા નથી. શાસ્ત્રીય સંગીતના કોઈ જાહેર કાર્યક્રમમાં આયોજક મિત્રને ખોટ જાય તો પોતે તે ભરપાઈ કરી આપે છે. મિત્રની ઇજ્જત ખાતર નહિ, પણ સંગીતની ઈજ્જત ખાતર...ને પછી આયોજકને ટપારે છે: 'જો, હવે આવી ભૂલ ના કરતો.'

પણ તેમના મિત્ર-વર્તુળમાં કિશન મહારાજ, નંદન, અતુલને, એવા સંગીતવાળા જ હોય એવું નથી. ઉદયન ચૅરોનેટ, બાલકૃષ્ણ પટેલ, જયરામ પટેલ, જયંતી પટેલ, લાભશંકર કે સ્ટેશન પરનો કોઈ હમાલ પણ હોય. એક વાર તે સ્ટેશન પર કોઈ હમાલના ખભે હાથ મૂકીને ચા પીતા'તા કોઈ ઓળખીતા તેમને જોઈ ગયા. પૂછ્યું: 'એ તમારો દોસ્ત હતો'?

'દોસ્ત? અરે, જિગરી દોસ્ત!'

'હમાલ?... એ તમારો દોસ્ત કેવી રીતે?'

'એ જ તો ગમ્મત છે ને! રેલવે કૉલોનીમાં શંકર-શંભુની કવ્વાલીનો કાર્યક્રમ દર વર્ષે હોય છે ત્યારે એ જ મારી જગ્યા આગળ રોકી રાખે છે.'

અને મધુ રાય પણ. મધુ રાય ઊર્ફે મધુસૂદન ઠાકર તેમનો પરમ મિત્ર છે. (આજકાલ મધુ અમેરિકા છે એટલે મને આ જરા મોડું યાદ આવ્યું) સંગીતમાંથી ઉઠાવીને તેમને નાટકના ચાળે ચડાવનાર મધુ છે. 'કોઈ પણ એક ફૂલનું નામ—' એ કપાસીનું પહેલું નાટક. લગભગ પિસ્તાળીસ મિનિટ જેટલો રોલ તેમણે એમાં કરેલો. (રોલ બહુ જ સારો કરેલો એવું એ અને મધુ બે જણ આજે ય માને છે.) આ નાટકના પહેલા શોને યાદ કરતાં એ મને કહે: 'અરે વિનુભાઈ, હું ને મધુ પહેલે જ દિવસે સામસામે હતા. મધુને ડાયલૉગ્સ યાદ આવે નહિ એટલે નાટક અમે બન્ને ખેંચ્યા કરીએ...ને નાટક પૂરું થયું ત્યારે મને બહુ જ આનંદ થએલો: ચાલો, આખરે નાટક પૂરું તો થયું!—એ વિચારે ઝૂમી ઊઠીને હું ને મધુ આખી રાત શહેરમાં રખડેલા.'

આ નાટક ભજવ્યા પછી તેમની કેટલીક જૂની સમજો દૂર થઈ છે ને નવી વધી છે. અગાઉ તે આઈ. એન. ટી.નાં નાટકોના જબરા આશક હતા. વિનોદ જાનીનાં નાટકો માટે તે કહેતા: 'વિનોદ જાનીનાં નાટકો કરતાં આઈ. એન. ટી. સો વર્ષ આગળ છે.' પણ તેમનું આ 'કોઈ પણ એક ફૂલનું નામ' ભજવાયા પછી કહે છે કે 'દર્પણ, આઈ. એન. ટી કરતાં સો વર્ષ આગળ છે.' જો કે આ સ્ટેટમેન્ટ તેમણે ગમ્મતમાં કર્યું છે કે ગંભીરતાથી એ કોઈ તો શું, ખુદ પોતે ય કહી શકે એમ નથી; કેમ કે તેમનો સ્વભાવ શરારતી છે. ગંભીર ચહેરે, ઘેરા અવાજે, લીલા કાચમાં તોફાની આંખો છુપાવીને તે બોલતા હોય ત્યારે તેમની વાતનો મર્મ પકડવો અઘરો પડે છે.

એક વાર તે ખાંસાહેબની રેકોર્ડ મસ્તીથી સાંભળતા બેઠેલા. ત્યાં કેટલાક મિત્રો ધસી આવ્યા: ''લ્યા, હિમત, તું તો માસ્તર છે, એટલે ઘણું ફર્યો હોઈશ. અમને આ ઉટિંગ માટે કોઈ સરસ જગ્યા સજેસ્ટ કર.'

'તમારે આઉટિંગ કરવા જ જવું છે ને? તો તો પછી કદેપુર બાજુ જ તૂટી પડોને! કદેપુરની જમણી બાજુ પંદર કિલોમીટર અંદર જશો

એટલે એક સરસ મહાદેવ આવશે. બહુ જ રળિયામણું સ્થળ છે.'

ચાર દિવસ પછી એ મિત્રો પાછા આવ્યા ને હિંમતલાલ પર તૂટી પડ્યા; 'દુષ્ટ, તેં કહેલી જગ્યા પર અમે મોટરો લઈને જઈ આવ્યા. ઘણું રખડ્યા પણ એવા કોઈ મહાદેવ જ ત્યાં નથી.'

'એવું બને જ નહિ. તમને મેં ઉદેપુરની ઉત્તરે પંદર કિલોમીટર અંદર જવાનું કહેલું. બરાબર ત્યાં જ આ મહાદેવ છે.'

'સાલા, અમે ચારે દિશામાં પંદર નહીં, પચ્ચીસ કિલોમીટર સુધી અંદર આથડ્યા, પણ મહાદેવ જ નથી.'

'એવું બને જ કેમ?' હિંમતલાલે હોઠ પર આંગળી મૂકતાં કહ્યું: 'હજુ ગયા રવિવારે તો અમદાવાદ રેડિયો પર મેં એક નાટક સાંભળેલું, તેમાં આ જ લોકેશન આવતું'તું...'

આ માણસ કોઈ પણ દિશામાંથી રમૂજ સૂંઘી શકે છે. તેમની શાળામાં એક સંગીત શિક્ષક છે. એ સંગીત શિક્ષક માટે તે હમેશાં કહે છે: 'આપણા સંગીત ટીચરને સંગીત સિવાય બધું જ આવડે છે.' (સંગીત-ટીચરનો તેમના વિષેનો મત પણ એવો જ છે.) એમની સ્કૂલના એક ક્લાર્કને તે કાયમ પોતાની સામેની જગ્યાએ જ બેસાડે છે. એને જોઈને, જતાંઆવતાં હસી શકાય એ જ કારણે તેને નોકરીએ રાખ્યો છે.

એક વાર તેમણે શિક્ષકોને સ્કૂલમાં પાર્ટી આપી. તેમની સિતાર ઊંચકીને એક પટાવાળો ઑફિસમાં મૂકવા જતો'તો. એ જોઇને કોઈ શિક્ષકે કહ્યું: 'આ તંબૂરો આવ્યો.' સાહેબ પાછળ ઊભા છે એની તે શિક્ષકને ખબર નહિ. સાહેબ પાસે આવીને તે શિક્ષકને કહ્યું: 'આ જ તો કૉમિક છે ને! તમે જેને તંબૂરો કહો છો એને જ સંગીતની દુનિયામાં સિતાર કહે છે!'

આ માણસ આમ હસી શકે છે, આનંદી શકે છે એ રીતે દુઃખી થઈ શકતો નથી. તેમને માટે આ એક મોટો શાપ છે. કદાચ એટલે જ ક્યારેક તે રડવાની જગ્યાએ હસી પડતા હશે. લાગણીપ્રધાન થયું હૃદય માટે ક્યારેક આશ્વાસન રૂપ બની જતું હોય છે. તેમને જેના પ્રત્યે ખૂબ જ પ્રેમ હતો એવા નાના ભાઈનું ૩૨ વર્ષની કાચી ઉંમરે હાર્ટ-ઍટૅકથી મુંબાઈમાં મૃત્યુ થયું. હિંમતલાલ એ સમયે સ્કૂલમાં બેઠેલા. સમાચાર લાવનારે તે કહ્યા. તેમણે સાંભળ્યા. થોડી સેકન્ડ ચૂપ રહીને તરત જ તે બોલ્યા: 'ચાલો...' સમાચાર આપનાર સ્તબ્ધ થઈ ગયો. તેણે તો કલ્પેલું કે આ હૈયાફાટ સમાચાર સાંભળતાં જ હિંમતભાઈ બેહોશ થઈ જશે; પણ બહુ જ ઓછી પળોમાં તેમણે વાસ્તવિકતા સ્વીકારીને સ્વસ્થતા તો મેળવી લીધી...પરંતુ ભાઈના અવસાનના આઘાતને લીધે તેમના માથાના કાળા વાળ સફેદ થઈ ગયા. એક પણ કાળો વાળ બચ્યો નહિ.

કાળા વાળ ભૂતકાળ થઈ ગયા! ધોળા વાળના વર્તમાનમાં તે જીવે છે. વર્તમાન પર કલપ કરીને ભૂતકાળ માણવાનું તેમને પસંદ નથી, કેમ કે તે વર્તમાનમાં જ જીવવાવાળો જીવ છે. આથી જ, કાં તો, જ્યોતિષ-શાસ્ત્રમાં તેમને મુદ્દલે શ્રદ્ધા નથી. આવતી કાલમાં રસ હોય એને જ જ્યોતિષમાં રસ પડે. ઘડી પછીની પળની જ જેને તમા ના હોય તેનું ભવિષ્ય તેનું બગાડી પણ શું શકે?

આ માણસ માટે રહીરહીને મને એક જ વિચાર આવે છે કે આ પ્રકારના અનેક સૂક્ષ્માત્માઓના મિશ્રણને જ વૈજ્ઞાનિકોએ 'ઑક્સિજન' નામ નહિ આપ્યું હોય? □

ડૉક્ટર શિવપ્રસાદ ત્રિવેદી (ઠાકરવગા-ઉમરેઠ) ની સલાહ

૧. સગર્ભાવસ્થામાં સ્ત્રીઓ કોલસા માટી વગેરે શા માટે ખાય છે?

ઉ. દર ત્રણ સ્ત્રીએ એક સ્ત્રી સગર્ભાવસ્થાના કોઈ સમયે અખાદ્ય વસ્તુઓ કે અસામાન્ય ખોરાક ખાવાનું વલણ ધરાવે છે. શરમ કે ભયના લીધે ઘણી સ્ત્રીઓ આવું છાનુંછપનું ખાય છે અને એ સમય ગાળો પૂરો થયા બાદ આ બાબત પરત્વે આશ્ચર્ય પણ ધરાવે છે.

૨. લોહીના ઊંચા દબાણ વખતે કયા પ્રકારની ચરબી ખાવી ઇષ્ટ છે? બીજું શું જાળવવું જોઈએ?

ઉ. વનસ્પતિજ તેલો ઇચ્છનીય છે. પણ તે યે ઓછા પ્રમાણમાં લેવાય તો જ. તલ, મગફળી, કે કપાસિયાનું તેલ, મકાઈનું તેલ અને બીજાં વનસ્પતિમાંથી કાઢેલાં તેલ પથ્ય છે. માખણ, વનસ્પતિ ઘી, શુદ્ધ ઘી અને માંસની ચરબી કે જે ઘરના ઉષ્મામાનમાં ઘટ્ટ બને છે. તેમાં ફેટી ઍસિડો છે. તેમનાથી લોહીમાં કૉલેસ્ટૅરોલનું પ્રમાણ વધે છે, જે લોહીની નળીઓ કઠણ બનાવે છે. આ સ્થિતિમાં લોહીનું દબાણ ઊંચું રહે છે. માટે પ્રાણીજ ચરબી અપથ્ય છે.


રોગીને રોગનો ખયાલ હોવો જોઈએ. મીઠું મર્યાદિત ખાવાનું છે. શ્રમ કે કસરત અને વિશ્રાંતિનો ક્રમ જાળવવો જોઈએ. કામકાજ, રમત અને ખાતી વખતે મનની પ્રસન્નતા હોવી જોઈએ. ચાલીસની વય પછી વજન વધવા પર અંકુશ રાખવો જોઈએ. આ વયે ચોવીસ વર્ષની વયે જે વજન હોય તેનાથી વધારે વજન થવું ન જોઈએ. શરીર ઉપર વધારે ચરબી ન જોઈએ. હાથની ચામડીને ચપટીમાં પકડવાથી શરીરમાં આવેલી ચરબીના પ્રમાણનો ખયાલ આવે છે.

શતરંજના કોયડા

સુરેશ મોદી

આ વખતે આપણે ત્રણ ચાલનો Reflex mate કોયડો જોઈશું. આ કોયડામાં કાળા પાસે ફક્ત બે ઘોડા છે પણ તેના સુંદર ઉપયોગથી ચાર જુદા જુદા મ્હાત જોવા મળે છે.

T. R. Dawson



Reflex Mate in 3

ચાવીની ચાલ: 1 PE6 (Waiting)

વિકલ્પો: 1..., Sc7; 2Sg4+; Kh5; 3SE5, Sb5.

1..., S(a8)b6; 2SE8+, Kh5; 3Sc7, Sc4.

1..., S(a4) b6 કે Sb2; 2 SE4t, Kh5: 3 Sc5 Sch. 1..., Sc3 કે Sc5; 2Sg4+, Kh4, 2SE4,SE4.

આ ચારે ય મ્હાતમાં સફેદના રાજાની આસપાસનાં ચારેય સફેદ ખાનાં પર તેનાં પ્યાદાં છે, એક કાળા ખાના પર ઊંટ અને એક પર ઘોડો છે. બાકીના બેમાંથી એક પર જે ઘોડો શેહ આપે છે તેનો કાબૂ આવે છે. ને બીજા પર બીજા ઘોડાનો કાબૂ રહે છે. આવા સરખા મ્હાત એક-બીજાના પડઘા લાગવાથી તેને Echo-mates કહે છે. અહીં દરેકમાં સફેદ રાજા એક જ રંગના ખાના પર છે તેથી આને Monochrome Echoes કહે છે. (જુદા જુદા રંગનાં ખાનાં પર હોત તો Chameleon Echo કહેવાત) આ આપણે અગાઉ જોઈ ગયા છીએ તે વાચકોને યાદ હશે.

કૉલેજિયનોને જ નહિ, પણ સૌ સાહિત્યરસિક ઉત્સુક વાચકો સુધ્ધાંને આકર્ષી રહેલી—ડૉ. મધુસૂદન પારેખની—લેખમાળા

અંગ્રેજી સાહિત્યનું આચમન

—ખંડ ૫મો · પ્રકરણ ૫મું(ચાલુ) · પૅરૅડાઈઝ લૉસ્ટ—

સેતાનની ઘોર ગંભીર વાણીના પ્રભાવથી બળવાખોર સૈનિકોનાં ટોળેટોળાં તેની સામે એકત્ર થાય છે. હજી તેમની આંખ નીચી ઢળેલી છે. એ આંખોમાં સંકોચ છે, વેદના છે; પણ પોતાના નેતાના મુખ પર પ્રકટ થતો ઉત્સાહ તેમને સ્વસ્થ બનાવે છે, આંખોમાં નવી આશા ચમકવા માંડે છે. સેતાન તેમનાં વિવશ બનેલાં ચિત્તમાં એક જ વાત ઠસાવે છે:

War, then war
Open or understood, must be resolved.

મિલ્ટને સેતાનને એવો સમર્થ સેનાપતિ નિરૂપ્યો છે કે કેટલાક વિવેચકોને તેનામાં ખલનાયકનાં નહિ પણ કથાનાયકનાં દર્શન થયાં છે. એનામાં શક્તિશાળી નેતામાં આવશ્યક એવી વાગ્છટા છે, સ્વતંત્રતા પાછી મેળવવા માટેનો અદમ્ય ઉત્સાહ છે, યુયુત્સા છે; શત્રુને કેમ હંફાવવો તેનું કુશળ આયોજન કરવાની દૃષ્ટિ છે. સેતાનની સ્વાતંત્ર્ય માટેની ઝંખનામાં કેટલાકને મિલ્ટનના આત્માના અંશ પણ દેખાયા છે. ચાર્લ્સ પહેલાની જોહુકમીને પડકારવામાં, પ્રજાની સ્વતંત્રતા અકબંધ રાખવામાં મિલ્ટને દાખવેલી ખુમારી કંઈ કમ નહોતી. એની પણ યુયુત્સા જ્વલંત હતી. મિલ્ટને જાણે પોતાના એ ખમીરમાંથી સેતાનનું પાત્ર ઘડ્યું છે એટલે એ ખૂબ અસરકારક લાગે છે. તેમ છતાં જે મહાકવિએ આ વીર કાવ્યના આરંભમાં જ to 'justify the ways of God to men'નું સ્પષ્ટ પ્રયોજન વ્યક્ત કર્યું છે તે સેતાનને 'હીરો' તરીકે નિરૂપે એ સર્વથા અસંભવિત છે. ખરી વાત એ છે કે આ મહાકાવ્યમાં સેતાન અને મનુષ્યના આત્મા વચ્ચેનો જે અંતર્ગત સંઘર્ષ રહેલો છે તેને તીક્ષ્ણ બનાવવા માટે સેતાનમાં સામર્થ્ય અને કુશળતા આવશ્યક છે. માનવજાત એ ઈશ્વરી અંશ છે. સામે આસુરી તત્ત્વ પ્રબળ હોય તો જ એનો પુરુષાર્થ ખીલે. વળી પહેલી નજરે સેતાનની વાગ્મિતા આકર્ષક લાગે, પણ એમાં તત્ત્વ નથી, તર્કાભાસ ને આડંબર છે. મિલ્ટને એ વસ્તુ સ્પષ્ટપણે કહી છે. સેતાનની વાણી એટલે 'Semblance of worth, not substance'.

સેતાન પોતાના અનુયાયીઓનો ઉત્સાહ વધે તેવી એક યોજના રજૂ કરે છે. ઈશ્વર એક નવી સૃષ્ટિ અને તેમાં માનવનું સર્જન કરવાનો છે એવા ખબર તેને મળ્યા છે. આ ખબરમાં તથ્ય કેટલું છે એની તપાસ માટેની અને નવી માનવસૃષ્ટિનો પોતાના પ્રયોજનની સિદ્ધિ માટે શો ઉપયોગ કરી શકાય તેની વિચારણા તે અસુરોની સામાન્ય સભામાં કરવા ઇચ્છે છે. ઉત્સાહિત બનેલા અસુરો જોતજોતાંમાં એમના બીજા એક નેતા મૉલૉક(Moloch)ની દોરવણી નીચે મોટો મહેલ–પૅન્ડેમોનિયમ(Pandemonium) રચી દે છે અને એ સભામાં સેતાન ઈશ્વર સામે યુદ્ધ અંગે 'લોકશાહી' ઢબે બીજા નેતાઓના અભિપ્રાયો મેળવવાનો આડંબર કરે છે. લોકશાહીનો આડંબર કરનારી નેતાગીરી પરનો કવિકટાક્ષ આ પ્રસંગમાં પ્રતીત થાય છે. મૉલૉક પરિણામની પરવા કર્યા વિના ઈશ્વર સામે ખુલ્લા યુદ્ધની તરફેણ કરે છે. બીજો નેતા બિલાયલ (Belial) ઈશ્વર સામે યુદ્ધનો વિરોધી છે. સ્વર્ગનો સર્જનહાર સર્વશક્તિમાન છે. એની સામે યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરવો એ કેવળ અશક્ય છે. એની સામે યુદ્ધ કરી યાતનાઓ વધારવી તેના કરતાં ભલે દોજખમાં શાંતિથી, સલામતીથી જીવવું એ વધારે હિતાવહ છે. બિલાયલ સુખચેન ઝંખનારો અસુર છે. મૉલૉકના 'ખુલ્લા યુદ્ધ' અંગેના અભિપ્રાયને દલીલપૂર્વક રદિયો આપવામાં એની કુશળતા છે. મોટા ભાગના સૈનિકોને એની વાત પસંદ પડે એ સંભવિત છે. એની પછી ભૌતિક સુખોનો હિમાયતી મૅમન (Mammon) પણ બિલાયલના મતને જ અનુમોદન આપે છે. સર્જનહાર સામે યુદ્ધ કરવા કરતાં દોજખમાં જ સુખ-સગવડ, શાંતિ-સલામતી ઊભાં કરવાં, એવો તેનો અભિપ્રાય સમગ્ર સભાને અનુકૂળ નીવડે તો સેતાનની કામગીરી સમાપ્ત થઈ જાય! એટલે તરત જ સેતાનના હજુરિયા જેવો બીલઝેબબ (Beelzebub) ચાલાકીપૂર્વક ઈશ્વરના પ્રિય સર્જન–માનવને લલચાવી ઈશ્વરના આદેશનો દ્રોહી બનાવીને એ રીતે ઈશ્વર પર વેર લેવાનો પ્રસ્તાવ સભા સમક્ષ મૂકે છે:

Seduce them to our party, that their God
May prove their foe, and with repenting hand
Abolish his own works.

બીલઝેબબની યોજનાને સ્વાભાવિક રીતે જ સમસ્ત સભાગૃહ વધાવી લે છે. પણ મૂંઝવતો પ્રશ્ન બીલઝેબબ હવે મૂકે છે: 'દોજખના દરવાજાની બહાર નીકળવાનું ભયંકર સાહસ કરવા કોણ તૈયાર છે?' બધા અસુરો એકબીજાની આંખમાં નિરાશાનો ભાવ નિહાળે છે. તે જ ક્ષણે સેતાન ઊભો થઇને ઈશ્વરે રચેલી નવીમાનવસૃષ્ટિમાં પહોંચવાનું દુઃસાહસ પોતાને શિરે લે છે...અને મેઘગર્જના જેવા ઘોર કલશોરથી સહુ એમના સેનાનાયકને વધાવી લે છે. ચિંતામુક્ત બનેલા સર્વ સૈનિકો આનંદ પ્રમોદમાં ગૂંથાઈ જાય છે. એમની એ રમતોનું અને જ્ઞાનગોષ્ઠિનું ચિત્ર મિલ્ટને વીરકાવ્યના પરંપરાને અનુસરીને આપ્યું છે. સેતાનના અનુયાયીઓ પણ ઉચ્ચ બૌદ્ધિક તત્ત્વલક્ષી ચર્ચાઓમાં રાચે છે. મિલ્ટન એક જ પંક્તિમાં તેમની ચર્ચાઓ વિષે પોતાનું મંતવ્ય પ્રગટ કરી દે છે:

Vain wisdom all and flase philosophy!

સેતાનની દોજખના દ્વાર તરફની અતિમુશ્કેલ યાત્રાનું મિલ્ટને ઉપમાથી સમૃદ્ધ ચિત્ર આપ્યું છે. સેતાન નર્કપ્રદેશની સીમા સુધી આવી પહોંચે છે પણ સીમા ઓળંગીને એ પ્રદેશની બહાર છટકવું આસાન નથી. નર્કપ્રદેશના દ્વાર પર પાપ અને મૃત્યુ—એ બે ચોકીદાર ખડા છે. એનાં સ્મરણીય સુરેખ ચિત્રો મિલ્ટનની કલ્પના શક્તિના સમર્થ નમૂનારૂપ છે:

The one seemed woman to the waist, and fair,
But ended foul in many a scaly fold,
Voluminous and vast-a serpent armed
With mortal sting. About her middle round
A cry of Hell-hounds never-ceasing barked...

એ જ પ્રમાણે મૃત્યુનું રૂપક-ચિત્ર જુઓ:

The other Shape;
If shape it might be called that shape had none
Distinguishable in member, joint or limb;
Or substance might be called that shadow seemed;
For each seemed either--black it stood as Night,
Fierce as ten Furies, terrible as Hell,
And shook a dreadful dart.

સેતાન એમનાં બિહામણાં વિકૃત રૂપ જોઈ ડરતો નથી, આશ્ચર્ય પામે છે. મૃત્યુ સાથે સેતાનના યુદ્ધની ક્ષણ આવે છે ત્યાં જ પાપ (એ સેતાનની

(અનુસંધાન પૃષ્ઠ ૨૮૪)

—ક્રિકેટ જગતની યાદગાર ટેસ્ટ મૅચો-૬—

ટેસ્ટમાં 'ત્રીજી શક્તિ'નો પ્રવેશ

—ભરત ના. ભટ્ટ—

ઈંગ્લૅન્ડ વિરુદ્ધ દ. આફ્રિકા, પ્રથમ ટેસ્ટ, વૉન્ડરર્સ : જ્હોનિસબર્ગ. જાન્યુઆરી ૭-૯-૧૯૦૫-'૦૬.

મર્યાદિત જુમલાઓની આ ટેસ્ટમાં ઠીકઠીક જહેમત પછી દક્ષિણ આફ્રિકાનો વિજય થયો અને તેના આ પ્રથમ ટેસ્ટ-વિજયથી, ઈંગ્લૅન્ડ-ઑસ્ટ્રેલિયા પછી, ટેસ્ટ-ક્રિકેટમાં 'ત્રીજી શક્તિ'નો પ્રવેશ થયો. બે વર્ષ પહેલાં જ શોધાએલી ગૂગલી બોલિંગમાં અસાધારણ હથોટી મેળવનાર ચાર દ. આફ્રિકન બોલરો આ ટેસ્ટથી જ વધુ પ્રકાશમાં આવ્યા અને આ સીરીઝમાં ઇંગ્લૅન્ડને ૪-૧થી હરાવ્યું. દ. આફ્રિકા આ સીરીઝ એક પણ નોંધપાત્ર ઝડપી બોલર વગર જીત્યું હતું એ નોંધનીય છે.

ઈંગ્લૅન્ડના મહાન સુકાની વૉર્નરે ટોસ જીતીને દાવ લીધો ને સ્વાર્ઝ, ફૉકનર, વૉગ્લેર અને વ્હાઈટની ગૂગલી બોલિંગ સામે ઇંગ્લૅન્ડ ૧૮૪ રનમાં ખખડી ગયું. પરંતુ દ. આફ્રિકાએ આથી પણ વધુ નબળું બૅટિંગ કરી લીઝ, બ્લાઈથ અને ક્રૉફર્ડની બોલિંગ સામે પ્રથમ દાવમાં માત્ર ૯૧ રન કર્યા. ઇંગ્લિશ ટીમે તાજગી સાથે બીજો દાવ આરંભ્યો. આમ છતાં ઇંગ્લિશ બૅટ્સમૅનોને મુશ્કેલી પડવા લાગી. એક તો મૅટિંગ વિકેટ એટલે ઘાસની પીચ કરતાં બૉલ બેવડો ટર્ન થાય અને અસમાન રીતે ઊછળે. વળી, જાદુઈ ગૂગલી બોલિંગનો મારો તો ખરો જ! છતાં આંકડો પાંચ વિકેટે ૧૬૬ રને પહોંચ્યો ત્યારે વિજયનું પલ્લું ઈંગ્લૅન્ડ તરફ નમતું લાગ્યું, પણ બાકીની વિકેટો જલદી પડતાં બીજો દાવ ૧૯૦માં સંકેલાયો. જો કે ચોથા દાવમાં ૨૮૪ રન કરવા એ અશક્ય નહોતું, પરંતુ આ ટેસ્ટમાં એક પણ દાવ ૨૦૦ ઉપર નહોતો ગયો ને દ. આફ્રિકાએ જીતવા માટે પોતાના પહેલા દાવ કરતાં લગભગ ત્રણગણા રન કરવાના હતા.

દ. આફ્રિકા બીજી સાંજે ૨૮૪ રન કરવા આવ્યું અને ત્રીજી સવારે ૬૮ રને બે વિકેટે દાવ આગળ ચલાવ્યો. સ્થિતિ સંતોષકારક હતી. પણ પછી શેલ્ડર્સ રન આઉટ થયા ને સ્નૂક તથા ઑલ રાઉન્ડર સિંક્લેર લીઝના બૉલમાં ગયા. મહાન ઑલરાઉન્ડર ફૉકનર પણ રન આઉટ થયા ને ૧૦૫ રનમાં છ વિકેટો ગઈ. આ પળે એ. ડી. નર્સ (બીજા વિશ્વયુદ્ધ પછીના દક્ષિણ આફ્રિકાના જાણીતા બૅટ્સમૅન અને સુકાની ડડલી નર્સના પિતા) ક્રીઝ પર આવ્યા. વ્હાઈટ અને નર્સ બંને ઑલરાઉન્ડરોએ હવે પકડ જમાવી અને દ. આફ્રિકાના વિજયનું પલ્લું નમવા લાગ્યું. આંકડો ૨૨૬ રને પહોંચ્યો ત્યારે વ્હાઈટ ૮૧ રન કરીને ગયા. હજી ૫૮ રન બાકી હતા. વૉગ્લેર ૨૩૦ રને અને સ્વાર્ઝ ૨૩૯ રને ગયા. ૪૫ રન બાકી હતા ત્યારે બૅટ્સમૅન, સુકાની અને વિકેટકીપર, શેરવેલ નર્સ સાથે જોડાયા. રન થશે કે વિકેટ જશે એ સૌના મનની મથામણ હતી. પ્રેક્ષકોને જાણે હાથમાં આવેલો પોતાનો પ્રથમ વિજય સરી જતો લાગ્યો ને ઈંગ્લૅન્ડની ટીમ ફરી રંગમાં આવી. આ બાજુ શેરવેલે પહેલે જ બૉલે ચોગ્ગો માર્યો ને પછી તો રન થવા લાગ્યા! ધીરેધીરે વિજય નજીક દેખાવા લાગ્યો, ને પ્રેક્ષકો ઉલ્લાસમાં આવતા ગયા. આખરે શેરવેલે ચોગ્ગો મારી દ. આફ્રિકાને ૧ વિકેટે વિજય અપાવ્યો ત્યારે નર્સ ૯૩ રન સાથે અને શેરવેલ ૨૨ રન સાથે અણનમ હતા. નર્સની ખડક સમી અડગતા થકી આ વિજય સ્વપ્ન સિદ્ધ થયું ને તેમાં શેરવેલે અમૂલ્ય ફાળો આપ્યો. આ વિજયની ચિચિયારીથી અવકાશ ભરાઈ ગયું. પ્રેક્ષકોએ ઈંગ્લૅન્ડના સુકાની વૉર્નરને બાલ્કનીમાં બોલાવ્યા. સર વૉર્નરે કહ્યું: 'મારા ક્રિકેટના લાંબા અનુભવમાં પણ આવી હિમ્મતભરી જીત મેં જોઈ નથી. જો કે હારેલી ટીમના સુકાની તરીકે સૌથી વધુ ખેદ મને હોવા છતાં, હું જ જીતનારાઓની શક્તિની કદર કરું છું. આ મૅચ હું મૃત્યુ સુધી ભૂલીશ નહિ.'

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૮૦

બ્લડપ્રેશર

આપણા હૃદયના એકધારા આકુંચન-પ્રસારણ વડે રક્તવાહિનીઓ દ્વારા, આખા શરીરમાં લોહી સતત વહે છે. લોહીનું આ પરિભ્રમણ ચોક્કસ દબાણથી થતું હોય છે. તેને 'બ્લડપ્રેશર' કહે છે. આ દબાણ વધી જાય તે 'હાઈ બ્લડપ્રેશર', ઘટી જાય તે 'લો બ્લડપ્રેશર' કહેવાય છે.

સામાન્ય રીતે કામનું વધુ પડતું ભારણ, અતિ ચિંતા, ભય, ક્રોધ, ઉત્પાત વગેરે જેવી માનસિક તાણ, ઓછી ઊંઘ, અજીર્ણ-કબજિયાત જેવા રોગો, અને નિરંકુશ જીવનવ્યવહાર, અતિ મેદવૃદ્ધિ, કાયમ અપથ્યનું સેવન વગેરે બ્લડપ્રેશર વધારે છે.

પરંતુ આયુર્વેદની દૃષ્ટિએ ઉપરના અપથ્યથી દોષ પ્રકોપે છે અને તે રક્તવહન સંસ્થાન ઉપર અસર કરે છે. જેમકે વાતવૃદ્ધિને લઈને રક્તવાહિની સુકાઈ જાય કે સ્થિતિસ્થાપકતા ગુમાવી જડ બની જાય છે. પરિણામે હૃદયની આકુંચન-પ્રસારણ ક્રિયામાં વિક્ષેપ પડે છે. જેથી લોહી આગળ ધકેલી શકાતું નથી અને એક જ જગ્યાએ તેનો ભરાવો થાય છે. વળી, જો વાયુના પ્રકોપથી હૃદય વધુ વખત આકુંચન-પ્રસારણ કરે તો ચોક્કસ પ્રમાણ કરતાં વધારે લોહી રક્તવાહિનીમાં ધકેલાય અને તેથી પણ દબાણ વધે. પિત્તની ગરમીથી લોહી પાતળું બને જેથી તેનું કદ વધે તેથી પણ દબાણ થાય. વળી ગરમીથી રક્તવાહિનીઓ લચીલી બની જઈ લોહીને સારી રીતે ધકેલી શકે નહિ, તેથી પણ લોહીનો ભરાવો થઈ દબાણ વધે. કફને લઈને રક્તવાહિની જાડી બને. અને લોહીમાં પણ કફ કે મેદ હોય તો લોહીની ગતિ ધીમી પડે, અને કફ મંદ રક્તવાહિનીમાં જામતો જાય તેથી તે અંદરથી સાંકડી બને. આ રીતે તે રક્તનું વહન બરાબર ન કરી શકે અને દબાણ વધે; આનાથી વિપરીત સ્થિતિમાં દબાણ ઘટે.

સામાન્યતઃ લોહીનું દબાણ ૮૦ થી ૧૫૦ વચ્ચે હોવું જોઈએ.

લક્ષણો : ૧) રોગી બેચેન બને છે, ૨) તેને મોળ કે ઊબકા આવે છે, ૩) માથું ભમે કે દુખે છે, ૪) ખૂબ ચક્કર આવે છે, ૫) ઊંઘ ઘટે છે, ૬) વારંવાર પેશાબની હાજત થાય છે, ૭) આંખનું તેજ ઘટી જાય છે, ૮) તે જલદી થાકી જાય છે, ૯) સહનશક્તિ ઘટી જાય છે અને ૧૦) જો તે ઉગ્ર બને તો રોગી બેભાન થઈ જાય છે, તેની રક્તવાહિની ફાટી જાય છે કે હૃદયરોગ થાય છે. વળી હૃદય, મગજ અને મૂત્રપિંડ ઉપર અસર વર્તાય છે. પક્ષાઘાત પણ થાય.

સારવાર : હાઈ બ્લડપ્રેશરમાં ૧) મીઠું બંધ કરવું કે ઓછું કરવું, ૨) અવારનવાર ઉપવાસ-એકટાણાં કરવાં, ૩) સંપૂર્ણ આરામ કરવો-શારીરિક અને માનસિક, ૪) ઘર-કુટુંબ ધંધાની બધી પળોજણ મૂકી દેવી, ૫) આખા શરીરે તેલ માલિશ કરાવવું, ૬) પેટ નિયમિત સાફ રહે તે જોવું, ૭) સર્પગંધા અને આરોગ્યવર્ધિની વટીનું નિયમિત સેવન કરવું, ૮) ઊંઘ ઓછી આવે તો અશ્વગંધારિષ્ટ લેવું, ૯) બ્રાહ્મીવટી, સૂતશેખર રસ, આમલકી રસાયન લઈ શકાય, ૧૦) ખોરાકમાં લસણનું વધુ સેવન કરવું અને ૧૧) બારે માસ રસાયન ચૂર્ણ લેવું.

લો બ્લડપ્રેશરમાં ૧) મીઠું વધુ લેવું, ૨) લીંબુનું મીઠાવાળું શરબત લેવું, ૩) અર્જુનારિષ્ટ, દશમૂલારિષ્ટ, કે અશ્વગંધારિષ્ટ ને ૪) ચંદ્રપ્રભાવટીનું સેવન કરવું. **વૈદ્ય નવીનભાઈ ઓઝા**

કલાવાર્તા

સ્વ. કલાકાર પ્રો. લૅંગહૅમર

રવિશંકર રાવળ



△ ઘડો. રંગ-લપકા વડે ઉપસાવેલું પાત્ર. લૅંગહૅમરની એક લાક્ષણિક ચિત્રશૈલી

પ્રો. લૅંગહૅમરનું ચિત્રકામ મેં પહેલી વાર ઈ. ૧૯૩૮ કે '૩૯માં બૉમ્બે આર્ટ સોસાએટીના વાર્ષિક પ્રદર્શનમાં જોયાનું યાદ આવે છે. પૂરા કદનાં માનવપાત્રોનાં એ બે તૈલચિત્રો હતાં. એ જોઈને મુંબાઈના ચિત્રકારોને પોતાનું કામ વામણું લાગ્યું હશે એટલાં ઉત્કૃષ્ટ એ ચિત્રો હતાં. પરંતુ એમની કલાશક્તિની લાક્ષણિકતા તો એમના આશ્રયદાતા તાતા કંપનીના લોખંડના કારખાનામાં મુકાએલાં એમનાં અવનવાં ચિત્રોના સમૂહમાં જોવા મળતી હતી. એ ચિત્રો હતાં તો ૧૨×૧૮ ઈંચ જેટલા કદનાં જ, પણ એમાં એમણે લોખંડનો રસ ઢાળતા અને એ અંગેની અન્ય ક્રિયાઓ કરતા અડીખમ કામદારો અને એ કારખાનાની ભીષણ કામગીરીનો તાદૃશ ખયાલ આપતી સુંદર ચિત્રરચનાઓ કરી હતી. એમની આ આગવી મૌલિક ચિત્રરચનાઓ બદલ એ વર્ષનો સુવર્ણચંદ્રક અપાયો હતો. એ પછી તો તેઓ નિયમિતપણે આર્ટ સોસાએટીનાં વાર્ષિક પ્રદર્શનોમાં ભાગ લેતા રહેલા. ભારતના પ્રાકૃતિક સૌન્દર્ય ને અહીંનાં વિવિધ શહેરોની બજારોનાં દૃશ્યો એમાં મુખ્યત્વે જોવા મળતાં.

પ્રો. લૅંગહૅમરનું એ ચિત્રકામ જોઈને અમારા જેવા નવા ચિત્રસાધકોને એ સમયની યુરોપની જુસ્સાદાર રંગશૈલીનો ખયાલ આવ્યો. શ્રી બેન્દ્રે ને શ્રી આરા જેવા પ્રથમ કક્ષાના કલાકારોનાં એ કાળનાં ચિત્રસર્જનોમાં એની અસર જોવા મળે છે. તેઓ પણ આર્ટ સોસાએટીના સભ્યો હતા અને લૅંગહૅમરના મિત્ર પણ; એટલે સંભવ છે કે તેઓ એમની પદ્ધતિનું રહસ્ય પણ પામી શક્યા હશે. પ્રો. લૅંગહૅમરનાં ચિત્રોની રંગભભકથી ચિત્રપ્રદર્શનોમાં એમની કૃતિઓ તદ્દન અલગ તરી આવતી. એમની રંગ મૂકવાની રીત પર કેટલીક ટીકાઓ પણ થતી, પણ લૅંગહૅમર પોતાની શૈલીને વળગી જ રહેલા. સૂકી ભઠ ભૂમિનું દૃશ્ય હોય કે સરોવરનાં હિલ્લોળતાં જળ હોય, પણ એમનાં દૃશ્યાલેખનો પ્રદર્શનમાં ઝબૂકી ઊઠતાં.

વચ્ચે એક સમયમાં એમણે પોતેઆલેખેલાં માનવપાત્રોનું પ્રદર્શન યોજેલું. અલબત્ત, એ એમનું ધંધાકીય કામ હતું, પણ એમાં પણ પાત્રની લાક્ષણિકતા પ્રકટ કરવા સાથે રંગની એમની આગવી ઝલક તરી આવતી હતી અને તસ્વીરાલેખનમાં પણ એમની કાબેલિયત કેટલી હતી તેની એમાં પ્રતીતિ થતી હતી.

એમની કલાશક્તિથી આકર્ષાઇને 'ટાઈમ્સ-ઑવ ઇંડિયા'નાં પ્રકાશનો માટેના કલાવિભાગના ડિરેક્ટરપદે એમની નિમણૂક થઈ હતી. એ અરસામાં પોતાની મોટરગાડીમાં અનેક સ્થળે ઘૂમીને એમણે ભારતનાં વિવિધ જાણીતાં સ્થળોનાં સુંદર ચિત્રો કરેલાં. 'ટાઈમ્સ ઑવ ઇંડિયા'ના ખાસ વાર્ષિક અંકો, 'વેસ્ટર્ન રેલવે'ના વાર્ષિક અંકો ને મોટી કંપનીનાં કૅલેન્ડરોમાં એમનાં એવાં સંખ્યાબંધ ચિત્રો પ્રકટ થએલાં છે.

દેશમાં ઘૂમતાં ઘૂમતાં એક વાર તેઓ અમદાવાદ પણ આવી પહોંચેલા. એની જાણ થતાં 'ગુજરાત કલાસંઘ'માં અમે એમને ચાપાણીનું આમંત્રણ આપ્યું અને એમણે એ ખુશીથી સ્વીકાર્યું. બપોરે તેઓ કલાસંઘની મુલાકાતે અમારે ત્યાં પોતાનાં પત્ની શ્રીમતી કેટી સાથે વખતસર આવી પહોંચ્યા ત્યારે યે તેઓ માણેકચોકમાં જઇને ત્યાંની માનવભીડ વાળું એક ચિત્ર ચીતરીને સીધા જ આવેલા. રંગભરી પીંછીઓ અને હાથ પણ એમણે અમારે ત્યાં આવીને ધોયાં. કલાસંઘના વિદ્યાર્થીઓને એમણે એ તાજું જ દોરેલું ચિત્ર બતાવ્યું.


ચાપાણી પતાવ્યા પછી એમણે વિદ્યાર્થીઓની માગણી પરથી મારા ઘર સામેના છાપરામાં રહેતી બારેક વર્ષની રબારી કન્યા 'મીઠી'ને બેસાડીને, તેની પાછળ પોરબંદરી સફેદ ધાબળો લટકાવી એક આખા ઑઈલ પેપર (તૈલચિત્ર માટેના ખાસ કાગળ) પર ફક્ત બે જ કલાકમાં એનું સર્વાંગ ચિત્ર કરી બતાવીને એનો પ્રત્યક્ષ ચિત્રપાઠ આપેલો. ત્યારે રંગો મેળવવાની એમની રીત અમને જોવા મળી. દરેક રંગને માટે તેઓ અલગ પીંછી વાપરતા. જ્યારે અમે તો અમારા ચિત્રકામમાં બે ચાર પીંછીઓ લૂછીલૂછીને વાપરતા. એમનાં ચિત્રોમાં દેખાતી રંગ-તેજસ્વિતા અમારાં ચિત્રોમાં કેમ નહોતી ઊતરી શકતી એ હવે અમને સમજાયું.

મીઠીનું ચિત્ર પૂરું કરી મારા આશ્ચર્ય વચ્ચે એમણે પીંછી વડે જ એના પર લખી નાખ્યું 'ટુ માઈ ફ્રેન્ડ મિ. આર. એમ. રાવલ.' (મારા મિત્ર શ્રી આર. એમ. રાવલને ભેટ.) એ ચિત્ર મેં જતનથી સાચવ્યું છે. આવી સરળતા ને ઉદારતા બહુ જ ઓછા ચિત્રકારોમાં જોવા મળે છે.

વૉલ્ટર લૅંગહૅમર એમનું પૂરું નામ. ઑસ્ટ્રીઆના ગ્રાઝ નામના ગામે ઈ. ૧૯૦૫માં એમનો





પ્રો. લૅંગહૅમર (સ્કેચ: ર. મ. રા.)



રોમન સમ્રાટ ઑગસ્ટસના દરબારમાં હિંદી વેપારીઓ. ઈસ્વી સન પૂર્વેના રોમ અને ભારતના વ્યાપારી સંબંધોને પ્રકટ કરતા લૅંગહૅમરના આ કલ્પનાચિત્રમાં એમણે તે સમયના રોમના દરબારની ભવ્યતાને પર્સ્પૅક્ટિવ અને તેજછાયાની કરામત વડે ઉઠાવ આપ્યો છે. આ અને સાથેનાં અન્ય ચિત્રોમાં એમની આલેખનશૈલીનું વૈવિધ્ય પ્રકટ થાય છે.

જન્મ થએલો. વીએનાની ઍકેડેમી ઑવ ફાઈન આર્ટ્સમાં એમણે ૧૯૨૭માં ચિત્રકળાની તાલીમ પૂરી કરી. ઈ. ૧૯૩૮માં તેઓ મુંબાઈ આવ્યા અને ત્યાર પછી સળંગ બે દાયકા સુધી તેઓ અહીંનાં સાંસ્કૃતિક વર્તુળોમાં કલાની એક અગ્રગણ્ય વ્યક્તિ બની રહેલા. પોતાનાં ચિત્રસર્જનો વડે એમણે અહીંના કલાક્ષેત્રમાં મોટો અને આગવો ફાળો આપી એને સમૃદ્ધિ બક્ષી છે. અનેક હિંદી કલાકારોને એમણે શિક્ષણ અને સહાય આપ્યાં છે. બિલાડીઓ પ્રતિ એમને કોઈ અજબ લાગણી હતી. તેઓ કહેતા હતા કે 'અમારે ત્યાં તો જેઓ ૧૮ વર્ષ સુધી આગળપડતું કામ કરી પ્રગતિશીલ રહ્યા હોય એમને જ પ્રોફેસરની પદવી મળે છે.' પ્રૂન આવે ત્યારે સારાંનરસાં ચિત્રોનો ઢગલો કરી





પ્રો. લૅંગહૅમરનાં બે લાક્ષણિક દૃશ્યચિત્રો.
ઉપર: રાજપૂતાનાનું દૃશ્ય.
જમણી બાજુ: ગામડાનો માર્ગ

પચ્ચીસ વર્ષ પહેલાં

સપ્ટેમ્બર ૧૯૫૨•સળંગ અંક ૩૪૫



આજથી બરાબર પચ્ચીસ વર્ષ પહેલાંના અંકથી લઘુ રહસ્યકથાઓની એક શ્રેણી શરૂ કરેલી. તેમાંની 'ઘરફોડ' નામની પહેલી વાર્તા:

કલ્યાણદાસ શેઠે સાંજની ગાડીમાં ઘેર આવતાં પોતાના સૂવાના ઓરડાની પાછલી બારી ખુલ્લી જોઈ, અને વહેમ પડચો. સવારે નડિયાદ એક સગાના મરણમાં પોતે ને શેઠાણી લૌકિકે ગયાં ત્યારે તો બધું સગે હાથે બરોબર બંધ કરીને ગયાં હતાં. રસોયો ત્રણ દિવસથી રજા પર હતો અને ઘરકામ કરનારી બાઈ બપોર પછી પોતાની માંદી બહેનને જોવા ઇસ્પિતાલમાં જવાની હતી એમ કહેતી હતી. તપાસ કરી તો કબાટમાંથી બધી રોકડ રકમ અને શેઠાણીના ચાલુ દાગીના ગુમ થયા હતા. પોલીસ ચોકીએ ટેલિફોન કરતાં જ ઈન્સ્પેક્ટર દીક્ષિત આવી પહોંચ્યા. તેણે બધું સાંભળી-જોઈ લઈને પૂછ્યું: 'આ ઉપરાંત બીજો કોઈ નોકર તમારે ત્યાં નથી?'

'માળી આવે છે, પણ તે તો કામ કરીને જતો રહે છે.'

દૂરના પરામાં રહેતા માળીને ઘેર જઈ જુબાની લેતાં તેણે જણાવ્યું કે તે રોજને વખતે સાડા પાંચે કામ બંધ કરીને સાઈકલ પર ઘેર આવ્યો હતો. કામ દરમ્યાન ચાર વાગ્યા પછી વરસાદનું સખત ઝાપટું પડચું ત્યારે પોતે સામાનની ઓરડીમાં આશ્રય લીધો હતો. વરસાદ વરસતો હતો તે ગાળામાં ટૂંકી ચડ્ડી ને અરધી બાંહના બુશ શર્ટવાળા એક માણસને સાઈકલ પર મુખ્ય સડકેથી ઊતરી બંગલે આવવાના કાચા રસ્તે સાઈકલ પર ઝાંપાની દિશામાં જતો જોયો હતો, ને વરસાદ રહ્યા બાદ તરત જ તે જ રસ્તે તેને પાછો વળતો જોયો હતો; પણ સાઈકલ ક્લબનો કોઈ સભ્ય હશે એમ માનીને શંકા આવી ન હતી.

પાછા વળીને ઈન્સ્પેક્ટરે બંગલાથી થોડે દૂર આવેલા રેસ્ટોરાંમાં જ્યાં સાઈકલ ક્લબની મીટિંગ મળતી તેના માલિકની જુબાની લીધી. તેણે જણાવ્યું કે મીટિંગ ચારથી પાંચ વાગ્યા સુધી ચાલી હતી, અને સૌ વિખરાયા ત્યારે તો ઝાપટું પડીને ઉઘાડ થઈ ગયો હતો.

'કોઈ સભ્ય મીટિંગ દરમ્યાન તો બહાર નહિ ગયો હોય?'

'હું ચોક્કસ કહી ન શકું; પણ બધા નાગરિક પોશાકમાં હતા એટલે સંભવ નથી.'

પછી તેણે માળીને સાઈકલ પર નીકળેલા માણસનો ચહેરો, ઉમર, રંગ વગેરે વિષે કાંઈ યાદ છે કે કેમ તે પૂછ્યું. પણ માળીએ કહ્યું કે પોતે આ દરમ્યાન પોતાની સાઈકલનું પંક્ચર સમારતો હતો તેથી તેને નીરખીને જોઈ શક્યો ન હતો.

બંગલે પાછા આવતાં ઈન્સ્પેક્ટરે કાચી સડક પર નજર કરી તો બંગલામાંથી નીકળીને પાકી સડકે જતી સાઈકલના ટાયરની છાપ ડાબી બાજુએ પડેલી જોઈ. છાપ પરથી સાઈકલનાં ટાયર ઘસાએલાં લાગતાં હતાં; જ્યારે માળીની સાઈકલનાં ટાયર તો નવાં હતાં.

છતાં તેણે કલ્યાણદાસ શેઠને કહ્યું કે 'તમારો માળી જ ચોર છે. તેને હું ગિરફતાર કરું છું.'

ઈન્સ્પેક્ટર દીક્ષિતે એ કેવી રીતે શોધી કાઢ્યું? એનો પુરાવો ઉપરની વાતમાં આવી જાય છે. તમે શોધી ન શકો તો આ નીચે છાપ્યો છે.

■ રહસ્યકથાનો ખુલાસો: પોતાના પર વહેમ ન આવે તે માટે માળીએ સાઇક્લિસ્ટ જોયાની વાત ઊપજાવી તો કાઢી, પણ સાઈક્લિસ્ટ આવ્યો હોય ને ગયો હોય, તો સડક પર પૈડાંની આવતાં જતાંની બે છાપ પડી હોવી જોઈએ. તેને બદલે માત્ર બંગલામાંથી નીકળતી ને ડાબી બાજુ જ પડેલી એક જ છાપ હતી. તે દર્શાવતી હતી કે બંગલામાં રહેલા માળીનું એ કામ છે. અને તેનાં ટાયર ઘસાએલાં હતાં તેની સાબિતી તો પોતે પંક્ચર કર્યાનું કહી દીધું તે પરથી મળી ગઈ હતી. તેણે પોલીસને થાપ આપવા ઘેર જઈને ટાયર બદલવાની ચતુરાઈ વાપરેલી, પણ જતી–આવતી વખતના બેવડા પાટા પાડતાં ચૂકી ગયો, ને તેમાં પકડાઈ ગયો.

અને પચ્ચીસ વર્ષ પહેલાંના (આ નીચેના અવતરણમાંના) સ્વ. કનૈયાલાલ મુનશીના શબ્દો આજે પણ સાચા નથી લાગતા?

'આપણા નવજુવાનોને તો લાંબા લાંબા વાળ રાખવા છે, સિનેમાનાં ગાયનો ગાવાં છે અને સિસોટીઓ મારવી છે, બુશશર્ટ પહેરીને કાં તો પોતાના તીતીઘોડાના પગ જેવા કે કાં તો પાડાની ફાંદ જેવા શરીરનાં પ્રદર્શન કરવાં છે! અને એમાં પણ આપણા નવજવાનો શું કરે છે? ગંધાતી ને ઢંગધડા વગરની કહેવાતી અંગ્રેજીમાં બોલવું, સિગારેટો ફૂંકવી, લચકાતી કમરે ચાલવું, તાજા મળેલા પૈસાનું ન દીઠાના દીઠા જેવું પ્રદર્શન કરવું...હું નવા યુગના બંધારણવાળા એક એવા પ્રજાસત્તાકમાં જીવું છું કે જેના લોકોને મન કામ એ તો કોઈ અક્ષમ્ય પાપ ગણાય છે.' □

દઈને રાતોરાત પ્રતિષ્ઠા મેળવી લેવાના ખયાલમાં રાચતા ચિત્રકારોના સર્જન અને વર્ષોની સાધનાના બળે મેળવેલી સિદ્ધહસ્તતા વચ્ચે જે તફાવત પડે છે એનું કારણ આના પરથી સહેજે સમજી શકાશે.

ઈ. ૧૯૫૩માં 'પીસ કૉન્ફરન્સ' નિમિત્તે વીએના અને મૉસ્કો વગેરે સ્થળે જઈ આવ્યા પછી મુંબાઈમાં હું કેટલાક મિત્રોને મૉસ્કોના 'આર્ટિસ્ટ યૂનિયન'ના બેએક હજાર સભ્યો, એના મકાન, લાયબ્રેરી ને સ્ટૂડિયો વગેરે વિષે વાતો કરતો હતો ત્યારે લૅંગહૅમરે કહેલું: 'મિ. રાવલ, તમે મારા દેશમાં જઈ આવ્યા તેથી હું બહુ ખુશ થાઉં છું, પણ ત્યાંની પ્રજામાં પણ તમે જોયું હોત તો કળાનો શૉખ ઓછો નથી. મૉસ્કો કરતાં પણ વધારે ચિત્રકારો તમને ત્યાં મળી શકત.' એમની વાત ખરી હતી, પણ એ વખતે ડિસેમ્બરના પાછલા દિવસોમાં દરેક શાળા ને વિદ્યાલયો નાતાલના કારણે બંધ હતાં. છતાં જે પુરાણો રાજમહેલ હું જોઈ શકેલો તેમાં ચીન, જાપાન, ભારત વગેરે દેશોની કલા પ્રકટ કરતા ખાસ અંડો જોઈ રાજ્ય દ્વારા કલાને અપાતા આશ્રય અને ઉત્તેજનનો ખયાલ પામી શકેલો. કલાનો જ્યાં આ રીતે આદર થતો હોય ત્યાં કલાનો વ્યાપ અને વિકાસ કેમ ન વધે?

લૅંગહૅમર ઈ. ૧૯૫૭માં મુંબાઈ છોડી લંડન જઈ વસેલા ને ત્યાં જ આ જુલાઈ માસમાં એમનું અવસાન થયું. એમના જવાથી અહીંના કલાવર્તુળમાં એક સહૃદયી મિત્ર અને કલાક્ષેત્રમાં એક પ્રભાવક વ્યક્તિની દુઃખદ ખોટ પડી છે. પાછળ રહેલાં એમનાં પત્ની કૅટીને આપણું આશ્વાસન હો. □

ચિત્રકારની કસોટી

રાજસ્થાન એક વખતે ભારતનું ચિત્રકળાનું મોટું મથક હતું. તેથી જ આજે પણ તેના પ્રત્યેક નગરમાં ભાતભાતની કળાશૈલીઓ પ્રચલિત થઈ છે. ત્યાં કૃતિઓ પરખવા તથા તેમની કદર કરવા કળાના પર્યાયો યોજાયા છે. તે પૈકી જયપુરના પ્રમુખ ચિત્રકાર શ્રી કૃપાલસિંહ શેખાવત દ્વારા હું નીચેનો દોહો પ્રાપ્ત કરી શક્યો છું. તેમાં સારા કલાકારનો હાથ કેટલા વિષયો પર જામેલો હોવો જોઈએ તેનું વર્ણન છે:

હાથી, હાથ, ઊંટ, ઘોડા,
　　ઔર સબ ગિત્રામણ થોડા;
કેશ, વેશ, પાણી, આકાશ
　　નહિ ચિતેરો દેખે આશ.

મતલબ કે હાથની અનેક મુદ્રાઓ, હાથી-ઊંટ-ઘોડા જેવાં અટપટી શારીરિક ભંગિઓવાળાં પ્રાણીઓ, કેશની અવનવીલીલા, પોશાકની વિવિધ કરચલીઓ અને ફરફરાટ, પાણીની લહરીઓથી માંડીને તોફાની મોજાં સુધીની સર્વ સ્થિતિ, અને આકાશની વાદળમઢી રંગલીલા જે ચિતારો બરાબર ચીતરી ન શકે તે આગળ વધવાની આશા રાખી શકે નહિ.

—રવિશંકર રાવળ

સાહિત્યસંપર્ક

શબ્દકથા : અતાગ · અથાગ · અથાહ

'તાગ' એટલે મૂળે તો 'પાણીનું ઊંડાણ, તળિયું.' જ્યાં પાણી અતાગ કે અથાગ હોય ત્યાં ઊંડાણ કે તળિયું ન કળાય તેવું હોય–અગાધ હોય.

આપણા 'તાગ'ને મળતો હિંદીમાં थाह છે, અને अताग કે अथाग એટલે હિન્દી अथाह. સિંધી થાહુ, કાશ્મીરી, પંજાબી થાહ, કુમાઉની, બંગાળી થા વગેરે પણ એ શબ્દ વ્યાપક હોવાનું દર્શાવે છે.

પ્રાકૃતમાં थग्घ અને थाह (તથા अत्थग्घ અને अत्थाह) પ્રાપ્ત થાય છે. મૂળમાં स्ताघ्य અને स्तग्घ એવા શબ્દો સ્વીકારીએ તો તેમાંથી ઉક્ત બંને રૂપો સિદ્ધ થાય; જો કે સંસ્કૃતમાં આવા કોઈ પ્રાચીન પ્રયોગ મળતા નથી.

ગુજરાતીમાં थाघની જેમ ताघ રૂપ સ્વીકારીને ચાલીએ તો જ અંત્ય મહાપ્રાણ घ નો અલ્પપ્રાણ ग થતાં ताग એવું રૂપ સમજાવી શકાય. अथाग ની જેમ, છેલ્લો વ્યંજન અઘોષ ઉચ્ચારાતાં अथाक એવું રૂપ પણ થયું છે. 'થાક વગરનું' એવા અર્થના अथाक થી આ જુદું છે.

હેમચંદ્રે ટાંકેલા નીચેના રસિક દૂહામાં थाहનો યાદગાર ઉપયોગ થયો છે:

बलयावलि निवडण–भएण घण उद्ध–ब्भुअजाइ।
वल्लह–विरह–महादहहो थाह गवेसइ नाइ॥

પ્રિયતમના વિરહે શરીરે કૃશ બની ગએલી તરુણી બંને હાથ ઊંચા રાખીને ચાલે છે. નીચા રાખીને ચાલે તો પાતળા હાથમાંથી સૌભાગ્યના ચિહ્ન રૂપ બલોયાં નીચે સરી પડે. આ જોઈને કવિ કહે છે, એ તરુણી જાણે પ્રિયતમના વિરહરૂપી ઊંડા ધરાની ઊંડાઈનો તાગ કાઢી રહી છે.

હરિવલ્લભ ભાયાણી

ગુજરાતના ઇતિહાસની
બહુમૂલ્ય ગ્રંથત્રયી

ધીરુ પરીખ

ઓગણીસમી સદીનો ઉત્તરાર્ધ જેમ અનેક ક્ષેત્રોમાં નવજાગ્રતિનો કાળ હતો તેમ ઇતિહાસ–ગુજરાતના ઇતિહાસ–ની અભ્યાસપ્રવૃત્તિમાં પણ નવજાગ્રતિનો કાળ બની રહ્યો હતો. ઈસુની ઓગણીસમી સદીના ઉત્તરાર્ધ પહેલાં ગુજરાતનો ઇતિહાસ વ્યવસ્થિત રીતે લખાએલો જાણ્યામાં નથી. પણ વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુથી ગુજરાતનો ઇતિહાસ લખવાનો સૌપ્રથમ પ્રયાસ ઍલેક્ઝાન્ડર ફૉર્બ્સે ઈ. ૧૮૫૬માં 'રાસમાળા' પ્રકટ કરીને કર્યો. પછી નર્મદે ઈ. ૧૮૮૭માં 'ગુજરાત–સર્વસંગ્રહ' તૈયાર કર્યો, જેમાં ઇતિહાસ વિષયક પ્રકરણમાં ગુજરાતની જિલ્લાવાર માહિતી પૂરી પાડવામાં આવેલી. ત્યાર બાદ વિખ્યાત પુરાતત્ત્વવિદ ડૉ. ભગવાનલાલ ઇન્દ્રજીએ તૈયાર કરેલી સામગ્રી પરથી, એઓ અવસાન પામતાં, જૅમ્સને મુંબાઈ ઈલાકાનાં ગેઝેટિયરની માળાના પ્રથમ ગ્રંથ નિમિત્તે ઈ. ૧૮૯૬માં અંગ્રેજીમાં એ ઇતિહાસ તૈયાર કર્યો. પછી વીસમી સદીના પૂર્વાર્ધમાં દુર્ગાશંકર શાસ્ત્રીનો પ્રયાસ, ભારતીય વિદ્યાભવનનું પ્રકાશન, રત્નમણિરાવ જોટેનો પ્રયત્ન નોંધપાત્ર છે.

પરંતુ ગુજરાતનું સ્વતંત્ર રાજ્ય (૧ મે ૧૯૬૦ ના રોજ) અસ્તિત્વમાં આવ્યા પછી ઐતિહાસિક અસ્મિતા તીવ્રતર બની. આનું એક સુભગ પરિણામ તે પ્રસ્તુત ગ્રંથત્રયી–'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ'ની વિસ્તૃત ગ્રંથમાળાના આ ત્રણ મૂલ્યવાન ગ્રંથો: ગ્રંથ ૧–ઇતિહાસની પૂર્વભૂમિકા, ગ્રંથ ૨–મૌર્યકાલથી ગુપ્તકાલ અને ગ્રંથ ૩–મૈત્રક કાલ અને અનુ-મૈત્રક કાલ. આ સમૃદ્ધ ગ્રંથશ્રેણીમાં ગુજરાતનો આજ સુધીનો ઇતિહાસ આપવાના ઇરાદાથી નવ ગ્રંથોની યોજના કરવામાં આવી છે, ને તેમાંના ઉક્ત ત્રણ ગ્રંથો ઈ. ૧૯૭૦થી ૧૯૭૪ સુધીમાં આપણને પ્રાપ્ત થયા છે. આશા રાખીએ કે બાકીના છ ગ્રંથો પણ આપણને યથાસમય મળતા રહેશે.

આ ગ્રંથશ્રેણીનું સંપાદન બે વિદ્વદ્વર્યો સર્વશ્રી રસિકલાલ છોટાલાલ પરીખ અને હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રીએ કર્યું છે. પ્રથમ ગ્રંથમાં કુલ ચાર ખંડમાં મળીને ૧૩ પ્રકરણો આપવામાં આવ્યાં છે. આમાં ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ ગુજરાતનાં ભૌગોલિક લક્ષણો, ડૉ. હસમુખ સાંકળિયાએ ગુજરાતની ભૂસ્તર-રચના અને અધ્યા. કે. કા. શાસ્ત્રીએ ગુજરાતની સીમાઓનો પ્રથમ ખંડમાં વિસ્તૃત પરિચય કરાવ્યો છે. ત્યાર પછીના ખંડોમાં ગુજરાતના પ્રાગ્-ઇતિહાસ અને આદ્ય-ઇતિહાસ, પ્રાગ્ ઐતિહાસિક સંસ્કૃતિઓ, આદ્ય-ઐતિહાસિક સંસ્કૃતિઓ, આદ્ય-ઐતિહાસિક કાલનાં અનુશ્રુતિક વૃત્તાંતો, પ્રાચીન સ્થળો, જાતિઓ અને કાલગણના, પ્રાચીન ભૌગોલિક ઉલ્લેખો, પ્રાચીન જાતિઓ તેમ જ જુદી જુદી કાલગણના વિષયક સવિગત અને સાધાર ચર્ચા કરવામાં આવી છે. વળી, અહીં પ્રથમ જ વાર લોથલની સંસ્કૃતિ વિષે સિત્તેરેક પૃષ્ઠોમાં વિષદ નિરૂપણ કરવામાં આવ્યું છે, તો પ્રાચીન ગુજરાતમાં પ્રયોજાએલા જુદાજુદા સંવતો અને એની સાલ તથા મહિના ગણવાની સંશોધનાત્મક પદ્ધતિઓ વિષે પણ પ્રથમ જ વાર સમીક્ષા થએલી છે. આ ગ્રંથમાં આગળ ઉલ્લેખ્યા તે વિદ્વાનો ઉપરાંત સર્વશ્રી એસ. આર. રાવ, સુમનાબહેન શશિકાંત શાહ, પ્રિયબાળાબહેન શાહ, ઉષાબહેન શશિકાંત કાન્હેરે ને ભારતીબહેન કાંતિલાલ ઠાકર જેવાં તજ્જ્ઞોનો પણ લાભ મળ્યો છે.

બીજા ગ્રંથના ચાર ખંડનાં મળી સત્તર પ્રકરણોમાં ઈ. પૂ. ૩૨૨ થી લગભગ ઈ. સ. ૪૭૦ સુધીના સમયગાળાને આવરી લેતા મૌર્યકાલથી ગુપ્તકાલ સુધીનો લગભગ આઠસો વર્ષોનો ઇતિહાસ આલેખવામાં આવ્યો છે. ઈ. સ.ના પ્રથમ ચારસો વર્ષના ક્ષત્રપકાલીન ગુજરાતને લગતી અદ્યતન માહિતી અહીં સવિગત નોંધાઈ છે. પ્રકરણ ૧માં ઇતિહાસ-વિજ્ઞાનની સામગ્રી તથા પ્રકરણ ૨માં ગુજરાતના પ્રાચીન ઇતિહાસનાં સાધનોની છણાવટ કરવામાં આવી છે. ત્રીજા પ્રકરણમાં તે વખતના ગુજરાતના મુખ્ય કેન્દ્ર 'ગિરિનગર'ની ઝીણવટથી ચર્ચા થએલી છે તો પ્રકરણ ચોથામાં મૌર્યકાલ, પાંચમામાં અનુ-મૌર્યકાલ, છઠ્ઠામાં ને સાતમામાં પશ્ચિમી ક્ષત્રપો, નવમામાં ગુપ્તકાલ, દસમામાં તેનું રાજ્યતંત્ર, અગિયારમામાં સામાજિક–આર્થિક સ્થિતિ, બારમામાં ભાષા-સાહિત્ય ને પછીનાં પ્રકરણોમાં લિપિ, ધર્મ-સંપ્રદાયો, સ્થળતપાસ તથા ઉત્ખનન દ્વારા પ્રાપ્ત થતી માહિતી, સ્થાપત્યકીય સ્મારકો, શિલ્પકૃતિઓ વગેરેનો આધારભૂત અને રસપ્રદ પરિચય કરાવવામાં આવ્યો છે. આ ગ્રંથનાં વિવિધ પ્રકરણોના લેખકો છે સર્વશ્રી રસિકલાલ પરીખ, હરિપ્રસાદ શાસ્ત્રી, રસેશ જમીનદાર, ભોગીલાલ સાંડેસરા, પ્રવીણચંદ્ર પરીખ, જીવનલાલ અમીન, રમણલાલ મહેતા, છોટાલાલ અત્રિ, કાન્તિલાલ સોમપુરા અને ઉમાકાન્ત શાહ.

ગ્રંથ ત્રીજામાં પણ કુલ ચાર ખંડ અને સ-

ત્તર પ્રકરણો આપવામાં આવેલાં છે. આ ગ્રંથ મૈત્રક કાલ અને અનુ-મૈત્રક કાલને આવરી લે છે. એમાં આ સમયગાળાનો રાજકીય ઇતિહાસ, તેની રાજધાની વલભીની અધિકૃત માહિતી, તેનું રાજ્યતંત્ર, ભાષા-સાહિત્ય, લિપિ, ધર્મસંપ્રદાયો, પુરાવસ્તુ, સ્થાપત્યકીય સ્મારકો, શિલ્પકૃતિઓ અને ચિત્રકલા આદિ સાંસ્કૃતિક ઇતિહાસ પણ આપવામાં આવ્યો છે. આ ગ્રંથમાં પણ ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી અને ડૉ. ભોગીલાલ સાંડેસરા ઉપરાંત પ્રિયબાળાબહેન શાહ, ડૉ. છોટુભાઈ નાયક, અંબાલાલ શાહ, પ્રવીણચંદ્ર પરીખ, પ્રો. ફીરોઝ કાવસજી દાવર, રમણલાલ મહેતા, જયેન્દ્ર નાણાવટી, ઉમાકાન્ત શાહ ને પનુભાઈ ભટ્ટ જેવા તજ્જ્ઞોનો લાભ મળ્યો છે. આ ગ્રંથનાં બે પરિશિષ્ટોમાં યુઅન શ્વાંગની નોંધના અંગ્રેજી અનુવાદને આધારે કરેલો ગુજરાતી અનુવાદ તેમ જ ભીનમાલ વિષેની વિગતપૂર્ણ માહિતી અનુક્રમે જયેન્દ્રકુમાર શાહ ને નીલાંજના સુબોધચંદ્ર શાહે આપ્યાં છે તે આ ગ્રંથની મહત્તામાં ઉમેરો કરે છે. આ ઉપરાંત બીજા ગ્રંથમાં પણ કેટલાંક ઉપયોગી ને માહિતીપૂર્ણ પરિશિષ્ટો–સિંહપુરનો સિંહલવંશ, ગ્રીકો અને રોમનોએ નિરૂપિત પશ્ચિમ ભારત, જાવા અને કંબોડિયા તેમ જ આનુશ્રુતિક વૃત્તાંતો–આપવામાં આવ્યાં છે તે પણ ગ્રંથોપયોગિતામાં ખૂબ જ મહત્ત્વનો ફાળો આપી રહે છે. પ્રત્યેક ગ્રંથમાં આપેલી બહુસંખ્ય આર્ટપ્લેટો પણ ગ્રંથની મૂલ્યવત્તા વધારે છે.

આ ગ્રંથત્રયીમાં એનાં વિવિધ પ્રકરણો વિવિધ લેખકોને હાથે લખાયેલાં છે તેથી નિરૂપણ અને શૈલીની એકવાક્યતા ન હોય તે સ્વાભાવિક છે; તો એકવિધતાની નીરસતામાંથી ઊગરી જવાનો લાભ પણ છે. વળી, આ ગ્રંથ શ્રેણીમાં ગુજરાત સરકારે પંચોતેર ટકા જેટલું માતબર અનુદાન આપ્યું છે તે ખરેખર પ્રશસ્ય છે અને સંપાદકોનો સાત્ત્વિક શ્રમ પણ સફળ થયો લાગ્યા વગર રહેતો નથી. સરકારી અનુદાનથી આમ તૈયાર થએલી આ ગ્રંથત્રયી જે સસ્તી કિંમતે પ્રજા સમક્ષ મૂકવામાં આવી છે તે જોતાં શિક્ષણ સંસ્થાઓ ને ગ્રંથાલયો એનો લાભ લઈ વિશાળ જનસમુદાયને પોતાની ભૂમિના રાજકીય–સાંસ્કૃતિક ઇતિહાસ તરફ અભિમુખ કરવાનું કાર્ય કરશે તો એના પ્રકાશનનો હેતુ સફળ થયો લાગશે. એ સિવાય અભ્યાસીઓને પણ અંગત રીતે પરવડી શકે તેવી આ ગ્રંથત્રયીની કિંમત જોતાં પ્રત્યેક અભ્યાસીને માટે પણ એની પ્રાપ્તિ-સગવડ ઓછા સંતોષની વાત નથી. (પ્રકા૦ શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ વિદ્યાભવન, ર. છો. માર્ગ, અમદાવાદ ૯; પ્રત્યેકનું પાકું પૂઠું, ગ્રંથ ૧નાં પૃ. ૬૧૦, કિં. રૂ. ૯–૭૫; ગ્રંથ ૨નાં પૃ. ૬૪૬, કિં. રૂ. ૯–૭૫ અને ગ્રંથ ૩નાં પૃ. ૫૨૫, કિં. રૂ. ૬–૨૦.)

લોકપ્રિય પ્રકાશન
૧૧૦/૧૧૨ પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨

લોકપ્રિય વાર્તા શ્રેણી : પ્રસ્તુત શીર્ષક નીચે 'લોકપ્રિય પ્રકાશને' પોતાના જ લેખકોએ પોતે જ પોતાની ચૂંટેલી વાર્તાઓ પ્રસિદ્ધ કરી છે. આ શ્રેણીમાં 'મારી શ્રેષ્ઠ વાર્તાઓ'ના સામાન્ય શીર્ષકથી સર્વશ્રી **પ્રહ્‌લાદ બ્રહ્મભટ્ટ, આબિદ સુરતી, મનસુખલાલ ઝવેરી, દિલીપ રાણપુરા, સવિતા રાણપુરા, ગુણવંત શાહ, મૂળરાજ રૂપારેલ, પ્રીતમલાલ કવિ, નાનાભાઈ જેબલિયા** અને **હસમુખ શેઠની** ટૂંકી વાર્તાઓના સંગ્રહો પ્રકટ થયા છે. આ સંગ્રહોમાંની વાર્તાઓ લેખકે પોતે જ પસંદ કરી છે એટલે શીર્ષકમાં જણાવેલી એની શ્રેષ્ઠતા તે તે લેખકરુચિ પ્રમાણેની જ હોય એ સ્વાભાવિક છે. આ જાતની પસંદગીમાં વિવાદને પૂરતો અવકાશ રહેતો હોય છે; છતાં ય પોતાના વાર્તારાશિમાંથી પોતાને શ્રેષ્ઠ લાગી તે કૃતિ આમ સંગૃહીત કરવામાં તે તે સર્જકના અભિગમ અને સાહિત્યવિભાવના પર તો થોડો પ્રકાશ પડી રહેતો જ હોય છે. વળી, એકસાથે પોતાને સારી લાગી તે વાર્તાઓ આમ એક જ સંગ્રહમાં મૂકી હોવાથી તે તે સર્જકની વાર્તાકલાનો પરિચય પામવાની સુલભતા પણ થઈ રહે છે. (આ પ્રત્યેક સંગ્રહનું પાકું પૂઠું; પૃષ્ઠ સંખ્યા ૧૮૦ થી ૨૦૦. કિ. રૂ. ૮·૭૫ થી ૯·૭૫)

સ્વ. કંચનલાલ મામાવાળા સ્મૃતિગ્રંથ : સંગીતક્ષેત્રના જાણકાર અને કલામર્મજ્ઞ કંચનલાલ મામાવાળાની પ્રતિભાને મૂલવતા વિવિધ લેખકોના લેખોનું આ સ્મૃતિગ્રંથનું સંપાદન કર્યું છે વસન્ત નાયકે. (પ્રકા. સુંદરમતી મામાવાળા, ૪, ટાગોરપાર્ક, અમદાવાદ–૧૫; પાકું પૂઠું, પૃ. ૧૮૬, રૂ. ૧૫.)

—અને છેલ્લે

અંગ્રેજ નાટ્યકાર શેરીડન એક વાર એવા નવા જ બૂટ પહેરીને ક્લબમાં ગયો કે ઘણાનું તે પ્રત્યે ધ્યાન ખેંચાયું. તેમને એણે પૂછ્યું : 'કહો જોઈએ, આ બૂટ મને કેવી રીતે પ્રાપ્ત થયા હશે?' મિત્રોએ કંઈ કંઈ કલ્પનાઓ દોડાવીને પોતપોતાની અટકળો દર્શાવી તેને અંતે શેરીડને કહ્યું : 'તમારી કોઈની અટકળ ખરી નથી. અને એ કેમ આવ્યા તેની તમને કલ્પના પણ નહિ આવે... મેં એક દુકાનમાંથી રોકડા પૈસા આપીએ ખરીદ્યા છે.'

અનુસંધાન] **યશપાલ** [પૃષ્ઠ ૨૮૨થી

દિવસે વહેલી સવારે હૅટ કોટ પહેરેલા સાહેબ ભગતસિંહ એમનાં મડમ-ના વેશમાં દુર્ગાભાભી, અને દુર્ગાભાભીનો નાનો પુત્ર શચીન્દ્ર કલકત્તા જવા ઊપડી ગયાં. સાથે સલામતી ખાતર રાજગુરુ પણ પિસ્તોલ લઈ એમના નોકરના વેશમાં ગયા. કદાચ જો પોલીસને શક જાત તો જરૂર સામસામી ગોળીઓ ચાલત, અને તો એ વખતે દુર્ગાભાભી ને શચીન્દ્ર-નું શું થાત? પણ ભાભીએ અજબ હિંમત દાખવી હતી. કલકત્તામાં ભગવતીચરણ સુશીલાદીદીને ત્યાં રહેતા હતા. દળને દીદીની ઘણી સહાય હતી. જાલંધરના કન્યા મહાવિદ્યાલયની નોકરી છોડી તેઓ કલકત્તામાં એક શેઠ છજુરામની પુત્રીને ભણાવવા રહેલાં અને શેઠના મકાનમાં જ એક ભાગમાં વસ્યાં હતાં. સૌ કલકત્તા પહોંચ્યા ત્યારે દુર્ગાભાભીએ દાખવેલી હિંમત જોઈ ભગવતીચરણ પણ દંગ થઈ ગયા ને પત્ની વિષેનો એમનો અભિપ્રાય બદલાઈ ગયો. અત્યાર સુધી એમને મન દુર્ગાભાભી માત્ર ગૃહિણી હતાં, હવે સહધર્મચારિણી બની ગયાં.

લાલાજીની હત્યાનો સફળ બદલો લઈ પોલીસના હાથમાંથી છટકી જનારા હિ સ. પ્ર. સે.ના સભ્યોની અન્ય ક્રાંતિકારીઓમાં પ્રતિષ્ઠા વધી ગઈ અને એ જ અરસામાં તાજા જ મુક્ત થઈ આવેલા કેટલાક બંગાળી ક્રાંતિકારીઓ હિ. સ. પ્ર. સે. સાથે કામ કરવા તૈયાર થઈ ગયા. પંજાબની જેમ તેઓ પણ પોતાના નેતાઓથી વાજ આવી ગયા હતા. કલકત્તામાં ભગતસિંહને યતીન્દ્રનાથદાસનો પરિચય થયો, અને એથી હિ. સ. પ્ર. સે ને બૉમ્બ બનાવતાં શીખવનારની ખોજનો પ્રશ્ન હલ થઈ ગયો.

ભગતસિંહનો વિચાર હતો કે દળના દરેક પ્રાંતમાંથી પ્રતિનિધિને આગ્રા બોલાવવા અને ત્યાં બૉંબ બનાવવાનું શીખવવું, જેથી દરેક પ્રાંતમાં એની જાણકારી આવી જાય. પણ યતીન્દ્રનાથે કલકત્તામાં પૂરતા પ્રમાણમાં બરફ મળી રહેતો હોઈ બૉમ્બના પલીતા માટેનું ગનકૉટન ત્યાં જ બનાવી લેવાનું સૂચવ્યું. આ ગનકૉટન શીઘ્ર જ્વાલાગ્રાહી હોઈ એની કેટલીક પ્રક્રિયા બરફની પાટો વચ્ચે કરવાની હતી. લશ્કરી કાર-ખાનાંઓમાં તો એ માટે ખાસ સુવિધા હોય છે, પણ આ લોકોને ચાળીસ-પચાસ રૂપિયામાં બધી રમત કરવાની હતી, અને તે પણ ગુપ્ત-પણે. કલકત્તામાં કૉર્નવૉલિસ સ્ટ્રીટમાં આર્યસમાજ મંદિરના મકાનમાં છેક ઉપરની એક કોટડીમાં ગનકૉટન તૈયાર થયું ત્યારે ત્યાં ભગતસિંહ, ફણીન્દ્ર ઘોષ અને કમલનાથ તિવારી હાજર હતા. આ ગનકૉટન અને બૉંબની આગળની પ્રક્રિયા માટે પિક્રિટ ઍસિડ બનાવવાની સામગ્રી લઈ એકએક બબ્બે કરી સૌ આગ્રા પહોંચી ગયા. સૉંડર્સ કાંડ પછી આગ્રામાં કેન્દ્રીય આયોજન કંઈક જામવા લાગ્યું હતું. પૈસા પણ મળી રહેતા હતા. ત્યાં હીંગ કી મંડી અને નાઈ કી મંડીમાં આ સૌના રહે-વાનો પ્રબંધ હતો. પંજાબથી સુખદેવ અને રાજપૂતાનાથી કુંદનલાલને પણ બોલાવ્યા હતા. અહીં પિક્રિટ ઍસિડ બનાવી તેમાંથી કલૉરો પિક્રેટ બનાવવાનું હતું. પહેલો ધાણ નિષ્ફળ ગયો, પણ બીજા પ્રયાસમાં સફળતા મળી. ભગતસિંહે દિલ્હીમાં ઍસેમ્બલીમાં જે જે બૉમ્બ વાપર્યા હતા એનો મસાલો અહીં આગ્રામાં ૧૯૨૯ના જાન્યુઆરીમાં બન્યો હતો.

બૉંબ નિમિત્તે આગ્રામાં અનેક પ્રાંતીય પ્રતિનિધિઓ એકબીજાના સંપર્કમાં પણ આવી શક્યા. અરસપરસ વિચારવિનિમયની પણ એથી તક મળી. આ સૌની વિચારણાને પલોટે એવાં અનેક પુસ્તકોનો સંગ્રહ પણ આગ્રામાં હતો. એનાં વાચન-મનન ને એ પરથી ચર્ચાવિચારણા-ઓ પણ ચાલતી. રાજનૈતિક વાચન ઉપરાંત, નવલકથાઓ જ નહિ સેક્સ અને વિવાહ પ્રેમ વગેરે વિષયક વાંચનારાઓ પણ એમાં હતા. એક માત્ર આઝાદ આ સૌથી અલગ પડતા. નવરા પડે ત્યારે એ કોઈ વિચારપૂર્ણ પુસ્તક કોઈ પાસે વંચાવીને સાંભળતા આ એર ગન લઈ ને નિશાનબાજીનો મહાવરો કર્યા કરતા. કસરત કરવા કરાવવાનો પણ એમને શૉખ હતો, પણ નિશાનબાજી પાછળ તો એ પાગલ હતા. જેને તેઓ ઘણી વાર સોહનસિંહ અને કેટલીક વાર બાંગડુ પણ કહેતા એ યશપાલને પણ નિશાનબાજી શીખી લેવા તેઓ ઘણી વાર ભારપૂર્વક આ-ગ્રહ કરતા. પણ આઝાદ માનતા એટલી જરૂર યશપાલને જણાતી નહિ, અને કારતૂસો પણ બને એટલા બચાવવાનો એમનો ખયાલ હતો. જો કે આઝાદને એમની દલીલ ગળે ઊતરતી નહિ. તાલીમથી યે વિશેષ આઝાદનો એ એક નિજી ચસ્કો હતો. ઘણી વાર આઝાદ દેશભક્તિનાં ગીતો પણ ગવડાવતા. બ્રહ્મચર્યના એ ચુસ્ત હિમાયતી હોઈ સ્ત્રીના નામથી પણ એ નફરત કરતા. એમને ચીડવવા ઘણી વાર રાજગુરુ ઈશ્કી ગઝલો પણ લલકારતા. મહારાષ્ટ્રીઅન હોવાને કારણે રાજગુરુ એમાં ઘણી વાર ઉર્દૂ ઉચ્ચારોમાં આશિક-માશૂકનું આશૂક-માશિક જેવા છબરડા કરી સૌને રમૂજ પમાડતા.

જેમ બૉંબનો મસાલો બનાવવો વિકટ હતો તેમ એ ભરવા માટેનું ખોભળું બનાવવું પણ મુશ્કેલ હતું. બંગાળી બંધુઓ તો એ માટે સિગારેટ-ના ખાલી ડબા અને ખીલીઓ વાપરતા, પણ એવા બૉંબની હેરફેર જોખમી હતી અને એની અસરકારકતા પણ ઓછી હતી. સુખદેવે બુદ્ધિ લડાવી લોખંડનાં ખોભળાં ઢળાવી લાવવાની જવાબદારી લીધી ને એમાં આગ્રામાં બનાવેલો મસાલો ભરી ઝાંસીમાં એની અજમાયેશ પણ કરી લેવાઈ. કામ સંતોષકારક હતું. આગ્રાનું કેન્દ્ર હવે સમેટી લેવાયું. સાઈ-મન કમિશન પર બૉંબ ફેંકવાનાં અરમાન તો પૂરાં થઈ શક્યાં નહોતાં, પણ હવે આ લોકો પાસે આઠદસ બૉંબ તૈયાર હતા. દિલ્હીમાં ઍસે-મ્બ્લી હૉલમાં એ ફેંકવાનું નક્કી થયું.

એ સમયે સરકારે રજૂ કરેલાં બે બિલ'—'પબ્લિક સેઈફટી બિલ' અને 'ટ્રેઈડર્સ ડિસ્પ્યૂટ બિલ'—ને ઍસેમ્બ્લીના સભ્યોનો ટેકો મળ-વાનો સંભવ ન હોવા છતાં, વાઈસરૉયની સત્તાનો ઉપયોગ કરીને તેને કાયદાનું રૂપ અપાશે એવું લગભગ નિશ્ચિત હતું. અને એ માટેની જા-હેરાત કરવા સરકારી પ્રતિનિધિ ઊભા થાય ત્યારે બૉંબ ફેંકવો એવું નક્કી થયું. આ રીતે બૉંબ ધડાકો કરીને સરકારનાં દમનકારી વલણ સામેનો વિરોધ પ્રકટ કરી સરકારને ચેતવવાનો વિધાનસભામાં માત્ર વૈધાનિક વિરોધની નિરર્થકતા બતાવવાનો હિ. સ. પ્ર. સે. ના ઉદ્દેશ હતો.

આ માટે તૈયારી શરૂ થઇ ગઈ. ઍસેમ્બ્લી હૉલમાં પ્રવેશવા માટે-ના પાસ મેળવવા માટે જયદેવે હિન્દુ કૉલેજના અર્થશાસ્ત્રના વિદ્યાર્થી તરીકે ત્યાં વારંવાર આવજા કરીને ત્યાંના ચોકિયાતો સાથે પરિચય વ-ધારી દીધો. પોલીસોને થાપ આપીને ભગતસિંહ પણ ત્યાં જઈ આવ્યા. જો કે પંજાબના એક અગ્રગણ્ય નેતા ડૉ. કિચલુ એમને ઓળખી ગએલા, પણ એમણે તો શક્ય તે સહાય કરવાની તૈયારી દાખવેલી. બૉંબ નાખ્યા પછી એ નાખનારને નસાડી જવાનો પ્રશ્ન પણ હતો. એ માટેની શક્ય-તાઓ જોવા આઝાદ પણ ઍસેમ્બ્લીમાં જઈ આવેલા. મોટરની વ્યવસ્થા વિના સાથીઓને નસાડવા એ અશક્ય હતું. એ વ્યવસ્થા પણ થઈ ગઈ.

પણ ભગતસિંહ અને વિજયકુમારનું કહેવું હતું કે માત્ર બૉંબ ધ-ડાકો કરવાથી અને હિ. સ. પ્ર. સે.નાં હૅન્ડબિલ (ચોપાનિયાં) ઉડાડ-વાથી પૂરો અર્થ નહિ સરે. એથી કદાચ જનતા આ ક્રાંતિકારીને ભાંગ-ફોડિયા જ ગણી લે. એટલે બૉંબ ફેંકનારે નાસી જવાને બદલે ધરપકડ વહોરી લેવી. અને એમ થાય તો જ મુકદ્દમા વખતે અદાલતમાં દળની નીતિ વધુ સચોટતાથી રજૂ કરી શકાય ને જનતાને તેનો ખરો ખયાલ આપી શકાય. દળના જે વિચારો જનતાને સમજાવવાના હતા એ સા-માન્યતઃ તો રાજદ્રોહી ગણાય એટલે સીધેસીધા તો કોઈ અખબાર એ છાપે જ નહિ. જાહેર સભા દ્વારા એ પ્રકટ થઈ શકે તેમ નહોતું. એટલે કોર્ટમાં બચાવ કરતી વખતે એ રજૂ કરી શકાય અને મુકદ્દમાના અહે-વાલરૂપે છાપાંમાં એ પ્રકટ થઈ બહોળો ફેલાવો પામીને જનતા સુધી

પહોંચાડી શકાય. ક્રાંતિકારીઓની પોતાના વિચારો ફેલાવવાની આ યુક્તિ તેઓએ ઘણી વાર સફળતાથી અજમાવેલી, પણ આગળ જતાં સરકાર જાણી ગઈ કે પોતાના રાજદ્રોહી ખયાલો ફેલાવવા ક્રાંતિકારીઓ એમની અદાલતોનો જ ઉપયોગ કરે છે એટલે પછી હિ. સ. પ્ર. સે.ની બચાવની વિગતો છાપવા પર પણ પ્રતિબંધો મુકાઈ ગએલા.

આમ, ઍસેમ્બ્લીમાં બૉંબ ધડાકા કરવાની યોજના માત્ર સનસનાટી જગાડવા માટે જ નહિ, પણ પોતાના વિચારો પ્રસારવા માટેની એક તક ઊભી કરવા માટે હતી. એટલે આ યોજનામાં બૉંબ ફેંકવાનું કામ એવા માણસને સોંપવાનું હતું કે જે મુકદ્દમા વખતે પોતાનો બચાવ કરતી વેળા દળના ઉદ્દેશોને બહુ સારી રીતે રજૂ કરી શકે. ભગતસિંહ, જયદેવ અને રાજગુરુ માટે વિચારાવું હતું. પણ વિજયકુમાર અને શિવ વર્માનો મત હતો કે આઝાદ યા ભગતસિંહની ભવિષ્યમાં પણ દળને જરૂર હોઈ એમને તો આ કામ ન જ સોંપવું.

બટુકેશ્વર દત્ત ઠેઠ કાકોરીની લૂટના સમયથી દળની સાથે હતા, પણ વચ્ચે દળની નિષ્ક્રિયતાથી બિહાર ચાલ્યા ગએલા. પણ આ યોજનાની જાણ થતાં જ દળ સાથેના પોતાના જૂના સંબંધોના દાવે પોતાને આ તક આપવાના આગ્રહ સાથે પાછા આવ્યા, અને એમના દબાણથી વિજયકુમાર અને એમને એ કામ આપવાનું લગભગ નક્કી પણ થયું.

વચ્ચે એક વખત ખબર મળી કે કોઈ મોટી પાર્ટીમાં વાઈસરૉય ખુદ હાજરી આપવાના છે. તુરત આ મોકાનો લાભ લઈ એમના પર માર્ગમાં જ બૉંબ ફેંકવા વિચારાયું. બધી તૈયારી પણ થઈ ગઈ, પણ છેલ્લી ઘડીએ વાઈસરૉય કોઈ બીજા રસ્તેથી પાર્ટીમાં પહોંચી ગયા ને તૈયારી ફોક થઈ ગઈ, અને ફરી વાર ઍસેમ્બ્લીવાળી યોજના હાથ ધરાઈ.

દળની કેન્દ્રીય સમિતિએ બૉંબ ધડાકા માટે ભગતસિંહને બદલે બીજા કોઈને મોકલવાનું નક્કી કર્યું હોવાની સુખદેવને જાણ નહોતી. પણ જ્યારે એને એ ખબર પડી કે તુરત એ દિલ્હી દોડી આવ્યા ને ભગતસિંહને એ ફેરફાર અંગે પૂછ્યું. ભગતસિંહે પોતાની જરૂર હોઈ સમિતિએ બીજાનું નામ વિચાર્યાનું કહ્યું એનો સુખદેવે અવળો અર્થ લઈને એવા ટોણા માર્યા કે ભગતસિંહ પોતાની જાતનું મહત્ત્વ વધારીને દળનો એકમાત્ર સહારો સમજી બેઠા છે અને એ રીતે પોતે દળમાં જયચંદ્ર અને સાન્યાલ જેવા નિષ્ક્રિય નેતા બની પોતાની જાતને જોખમોથી ઉગારી લેવા ઇચ્છે છે, વગેરે વગેરે. ભગતસિંહને આથી આઘાત લાગ્યો અને એમણે નિશ્ચય કરી લીધો કે બૉંબ ફેંકવા પોતે જ જશે.

સાતમી એપ્રિલે (૧૯૨૭) સુખદેવે ભગવતીભાઈને ખોળી કાઢીને કહ્યું કે ભગતસિંહને છેલ્લી વાર મળવું હોય તો આજે રાતે દિલ્હી ચાલો. સુશીલાદીદી પણ કલકત્તાથી નોકરીમાંથી રજા લઈને થોડા સમય માટે લાહોર આવીને ભગવતીભાઈને ત્યાં રહેતાં હતાં. એમને તથા દુર્ગા ભાભીને સાથે લઈ એ ૮મી એપ્રિલે સવારે દિલ્હી આવ્યા. સૌને કુદસિયા બાગમાં ગઢ જોવા બેસાડીને સુખદેવ ભગતસિંહને ત્યાં લઈ આવ્યા. શું બનવાનું છે એની ખબર દીદીને કે ભાભીને નહોતી, પણ ભગતસિંહ સાથેનું આ છેલ્લું મિલન હોવાનો એ બંનેને ખયાલ આવી ગયો હતો. ભગતસિંહને રસગુલ્લાં અને સંતરાં બહુ ભાવતાં એટલે તેઓ એના સારુ એ સાથે લેતાં આવેલાં. ભગતસિંહે પણ એ બહુ રસથી ખાધાં. બંનેએ ભગતસિંહને કંકુ ચોખાથી વધાવ્યા પણ ખરા.

એ જ દિવસે બપોરે ભગતસિંહ, બટુકેશ્વર દત્ત અને જયદેવકપૂર ઍસેમ્બ્લી હૉલમાં પ્રેક્ષકોની વચ્ચે નક્કી કરેલા સ્થાને ગોઠવાઈ ગયા. એવું નક્કી થએલું કે જ્યારે હોમ મિનિસ્ટર સર જ્હૉન શૂસ્ટર વાઈસરૉયના નિર્ણયની ઘોષણા કરવા ઊભા થાય ત્યારે એની બેઠકના પાછળના ભાગમાં બૉંબ ફેંકવો કે જેથી એની સામેની જ બેઠકમાં બેસતા વિરોધ પક્ષના નેતા પં. મોતીલાલ નેહરુ તથા વિધાનસભાના પ્રમુખ વિઠ્ઠલભાઈ પટેલને આંચ ન આવે.

અંતે એ પળ આવી પહોંચી. બંને બિલોના વિરોધ છતાં વાઈસરૉયે પોતાની સત્તાથી એને કાયદાનું રૂપ આપ્યાની શૂસ્ટરે જાહેરાત પૂરી કરી કે ઉપરથી ભગતસિંહે નિશ્ચિત સ્થાન પર બૉંબ ફેંક્યો. એકાએક ભયંકર ધડાકાથી ગૃહમાં સન્નાટો છવાઈ ગયો. બટુકેશ્વરે ફરી બીજો બૉંબ નાખ્યો. સમગ્ર સભાખંડમાં ધુમાડો છવાઈ ગયો. નાસભાગ થવા લાગી. માત્ર ત્રણ જણ ત્યારે પણ પોતાનાં સ્થાન પર સ્વસ્થ બેઠા હતા—વિઠ્ઠલભાઈ પટેલ, મોતીલાલ નેહરુ અને મહમદઅલી જિન્ના. શૂસ્ટર પણ પોતાના સ્થાને હજી સ્થિર ઊભો હતો. ભગસિંહે એના પર ગોળી છોડી, પણ એ એને વાગી નહિ. આત્મરક્ષા માટે એ ડેસ્ક નીચે લપાઇ ગયો. ભગતસિંહ પાસે પિસ્તોલમાં હજી ચાર ગોળી બાકી હતી અને બીજાં આઠ કારતૂસો એના ખિસ્સામાં હતા. પણ એણે વધુ ગોળીબાર ન કર્યા. હૉલ હવે ધડાકાના બદલે ઇન્કિલાબ ઝિંદાબાદ, સામ્રાજ્યવાદનો નાશ થાઓ અને દુનિયાના મજદૂરો એક હો એવા એ બંનેના નારાથી ગાજી રહ્યો. અને પછી તુરત એમણે હિ. સ. પ્ર. સે.ના લાલરંગી ઘોષણાપત્રની થોકડી નીચે હૉલમાં ઉછાળી.

બૉંબના ધડાકાથી હૉલના રક્ષક પોલીસો પણ ગભરાઈ ગયા હતા. ભગતસિંહ કે બટુકેશ્વરની નજીક જવાનું એમનામાં સાહસ નહોતું. પણ આ બંને ખાલી થઈ ગએલી પ્રેક્ષકોની ગૅલેરીમાં નિશ્ચલ ઊભા હતા. અંતે સાર્જન્ટ ટેરીએ હિંમત કરી નજીક આવીને પૂછ્યું: 'આ તમે કર્યું?'

ભગતસિંહે હા પાડી. એ સમયે પણ એના હાથમાં ભરી પિસ્તોલ હતી, પણ એણે એ ન ચલાવી. હિ. સ. પ્ર. સે.ની યુદ્ધઘોષણા અંગ્રેજો સામે નહોતી, પણ અંગ્રેજી સામ્રાજ્યશાહી સામે હતી. શૂસ્ટર પર પણ એણે એટલા ખાતર જ ગોળી છોડેલી કે એ સમયે તે બ્રિટિશ શાસનનો મુખ્ય પ્રતિનિધિ હતો. બંને જણ સામે ચાલીને ગિરફતાર થઈ ગયા.

સ્થાનિક પોલીસો પણ ગભરાઈ ગયા હતા. કલકત્તાથી તુરત ખાસ 'એન્ટી ટેરરિસ્ટ' પોલીસ દળને બોલાવવામાં આવ્યું. દિલ્હીની બહાર દેશમાં જતા બધા જ તાર ટેલિફોન પર સરકારે કબજો મૂકી દીધો. પણ 'સ્ટેટ્સમૅન'ના એક પ્રતિનિધિ દુર્ગાદાસે બુદ્ધિ વાપરીને પોતાના પત્રની લંડનની ઑફિસે આ ખબર પહોંચાડી દીધી ને ત્યાંથી એ સમાચાર કલકત્તા પહોંચી ગયા. પછી જ્યારે બીજાં પત્રોને બૉંબની ખબર મળી ત્યારે 'સ્ટેટ્સમૅન' તો આ ઘટનાના સમાચાર સાથે બજારમાં ફેલાઈ પણ ગયું હતું. દેશભરમાં આ બનાવે એક અનોખી ઉત્તેજના પ્રકટાવી દીધી.

અદાલતના મંચ પરથી જનતાને પોતાની વાત પહોંચાડવા હિ. સ. પ્ર. સે. એ ભગતસિંહ અને બટુકેશ્વરનું બલિદાન આપ્યું હતું. ઍસેમ્બ્લીમાં બૉંબ ફેંકીને માનવહત્યાનો પ્રયત્ન કરવાના ને પોતાની પાસે વિસ્ફોટક પદાર્થો રાખવાના આરોપસર બંને પર મુકદ્દમો ચાલ્યો અને એમાં બંનેને ઉમરકેદની સજા થઈ.

જો માનવહત્યાનો જ ઉદ્દેશ હોત તો શૂસ્ટરની બેઠકની પાછળ બૉંબ ન ફેંકત, પોતાની પાસે પૂરતા કારતૂસો હોવા છતાં ગોળીબાર અટકાવી ન દેત, અને નાસી શકાય તેમ હોવા છતાં સામે ચાલીને ગિરફતારી વહોરી ન લેત, એ ભગતસિંહની પોતાના બચાવની મુખ્ય દલીલો હતી.

ડૉ. ભાર્ગવને ત્યાં એમની સેવાસમિતિના કાર્યમાં નોકરી મળી ગયા પછી યશપાલે માતાને લાયલપુરની નોકરી છોડાવી દઇને પોતાની પાસે લાહોર બોલાવી લીધેલાં. સાથે સુખદેવના સૂચનથી પ્રેમવતી (બેબે)ને પણ બોલાવ્યાં અને એમને આર્ય કન્યા પાઠશાળામાં નોકરી અપાવી દીધી. પ્રેમવતીના પિતા ગુજરી ગયા હતા. અગાઉ પાંચ-છ વર્ષ પૂર્વે તેના પતિ અવસાન પામ્યા હતા અને એ વખતે એ આઘાતથી એમની માનસિક હાલત બહુ જ બગડી ગઈ હતી. પિતાએ એમના મનને પ્રવૃત્તિમાં રોકી રાખવા ત્યારે ત્યાંની કન્યાશાળામાં ગોઠવી દીધાં હતાં. એ વખતે તેઓ

અવૈતનિક સેવા આપતાં હતાં, પણ પિતાના અવસાન પછી એમણે વેતન લીધા સિવાય છૂટકો નહોતો. યશપાલ વચ્ચે જ્યારે લાયલપુરમાં બેકાર હતા ત્યારે એમને તે પંજાબ યુનિ૦ની 'હિન્દી ભૂષણ'ની પરીક્ષા આપવા માટે સમજાવીને એ અંગે એમાં મદદ કરતાં. એ વખતે દેશ અને ક્રાંતિની વાતો પણ થતી અને એનાથી ધીરેધીરે પ્રેમવતીને જીવનમાં કોઈ ઉદ્દેશ હોઈ શકવાની પ્રતીતિ થવા લાગી હતી.

લાહોરમાં પ્રેમવતી હિન્દીનાં વિશેષ અધ્યાપિકા હતાં. થોડા જ સમયમાં એમણે વિદ્યાર્થિનીઓ અને અન્ય સ્ત્રીઓને રાષ્ટ્રભાવનાનો રંગ લગાડી દીધો હતો. એમની પાસેથી દર મહિને ફાળો એકઠો કરી એમાંથી થોડાં પુસ્તકો ખરીદાતાં અને બાકીની રકમ તેઓ દળના ખર્ચ માટે સુખદેવને આપી દેતાં. કેટલીક વિદ્યાર્થિનીઓ તો બેબેની પાકી ચેલી બની ગઈ હતી. એમને બરાબર જાણ હતી કે પ્રેમવતીની સાથે તેઓ શું અને શાને માટે કરે છે. ઘણી વાર એ વિદ્યાર્થિનીઓ દળનાં કામમાં સક્રિય સાથ આપતી. એમાંની બે–પ્રકાશવતી અને પંજાબના જૂના ક્રાંતિદળના નેતા લાલા પિંડીદાસની પુત્રી સ્વરૂપકુમારી મુખ્ય હતી. આગળ જતાં પ્રકાશવતી તો ઘરબાર છોડીને હિ. સ. પ્ર. સે માં જોડાઈ ગઈ હતી.

સૉંડર્સ-વધ પછી ડૉ. ભાર્ગવને યશપાલના ક્રાંતિકારીઓ સાથેના સંપર્કની જાણ થઈ જતાં એમણે એમની સાથેનો વ્યવહાર બદલી નાખ્યો હતો. યશપાલે પણ હવે એમની સેવા સમિતિની નોકરીમાંથી નીકળી જવાનું મુનાસિબ માન્યું, અને કદાચ યશપાલથી છૂટવા ડૉ. ભાર્ગવે એમને લક્ષ્મી ઈન્સ્યોરન્સ કંપનીમાં રખાવી દીધા. ત્યાં ઓછો પગાર હોવા છતાં યશપાલને ત્યાંની કારકુની સ્વીકાર્યા સિવાય છૂટકો નહોતો. અધૂરામાં પૂરું સુખદેવ પણ અવારનવાર એમને દળનું કંઈ ને કંઈ કામ સોંપી જતા. એ માટે નોકરી પરથી વારંવાર રજા લેવી પડતી એ બદલ ઉપરીઓ પણ અકળાતા રહેતા. યશપાલ એને પોતાનું દુર્ભાગ્ય નહિ પણ સમાજવ્યવસ્થામાં તકની કમી સમજતા અને દેશ તથા સમાજની આ પરિસ્થિતિનો એમને મન એક જ ઉપાય હતો—ક્રાંતિ.

બૉંબ બનાવ્યા પછી આગ્રાનું કેન્દ્ર સંકેલી લઈને એને દિલ્હી લાવવામાં આવ્યું હતું. લાહોરમાં કિલ્લા ગુજ્જરસિંહ પાસે કાશ્મીરી બિલ્ડિંગમાં એક બૉંબ ફૅક્ટરી ઊભી કરવાનો વિચાર ચાલતો હતો. આ મકાન ભગવતીભાઈએ ભાડે રાખેલું હતું. લાહોરનું એમનું જૂનું ઘર નવજવાન ભારત સભા અને ક્રાંતિકારીઓના અડ્ડા જેવું બની ગયું હતું. એમાં વળી વચ્ચે ભગવતીભાઈને સંગીતનો નાદ લાગતાં ત્યાં એની યે ઘણી વાર બેઠકો જામતી. દુર્ગાભાભી તો હસતે મોંએ એ બધું વેઠી લેતાં, પણ ભગવતીભાઈને પોતે લખવા ધારેલા ક્રાંતિના ઇતિહાસ કે કવિતાસર્જન માટે જોઈતાં શાંતિ ને એકાંત ત્યાં મળે તેમ ન હોઈ એમણે ઘરથી દૂર આ બીજું મકાન રાખેલું. પણ સુખદેવે ત્યાં યે શાંતિ રહેવા ન દીધી. ઘણી વાર બહારથી આવેલા સાથીઓને એ ત્યાં રાખી જતા. વળી, ભગવતીભાઈ પોલીસથી છુપાતા ફરતા લગભગ લાહોર બહાર જ રહેતા થયા એટલે સુખદેવે તો એ ઘરમાં જ હવે બૉંબ ફૅક્ટરીની સાધનસામગ્રી પણ એકઠી કરવા માંડી. યશપાલ આ સ્થળે જરૂર પડ્યે જ જતા એટલે આ નવી યોજનાની ગંધ પણ એમને, સુખદેવે મોકલેલી કેટલીક સામગ્રી પહોંચાડવા ત્યાં ગયા ત્યારે જ આવેલી. દળ અંગેની યશપાલની ઘણી કામગીરી હજી નેપથ્યમાં જ હતી.

અંતે એક દિવસ સુખદેવ, શિવ વર્મા અને યશપાલે બૉંબનો પ્રયોગ આદર્યો. ત્રણેમાંથી એકે ય વિજ્ઞાન ભણેલા નહિ. પરિણામે એમની કીમિયાગીરીથી જે પુષ્કળ ધુમાડો અને ગંધ ફેલાતાં એથી ચોમેરના લોકોનું ધ્યાન ખેંચાવાનો ભય પેદા થયો. યશપાલે આ અંગે ધ્યાન પણ દોર્યું, પણ સુખદેવને તો લીધું કામ પૂરું કરવાની ધૂન હતી. અંતે અનેક મથામણ પછી એક આની પર મુકાય એટલો મર્ક્યુરીફલ્મિનેટ તૈયાર થયો, ને પાણી ભરેલી બાટલીમાં એને રાખ્યો. આ પ્રયોગ માટે યશપાલ પોતાને ઘેરથી કેટલાંક વાસણો પણ લાવેલા જેના પર એમનું નામ કોરેલું હતું.

આ અરસામાં જ સુખદેવે યશપાલને ભગતસિંહ અને બટુકેશ્વરના ફોટાની બે નેગેટિવો આપી એના પરથી બૉંબ-વિસ્ફોટની પૃષ્ઠભૂમિ પર એ બંનેની એક સંયુક્ત તસવીર બનાવડાવવાનું કામ સોંપેલું. પણ ફોટોગ્રાફરે એ કામ ટલ્લે ચડાવી દીધેલું. દરમિયાન દિલ્હીમાં ભગતસિંહે ઍસેમ્બ્લીમાં બૉંબ ધડાકા કરી દીધા હતા. યશપાલ જ્યારે પેલા ફોટોચિત્ર લેવા ગયા ત્યારે ત્યાં એક અજાણ્યા માણસને પોતાની તરફ તાકી રહેલો જોયો. યશપાલ સમજી ગયા કે એ છૂપી પોલીસનો આદમી જ હતો. બૉંબધડાકા પછી લાહોરનાં અખબારોમાં ભગતસિંહ ને બટુકેશ્વરની છબિઓ પણ છપાઈ ગઈ હતી એટલે હવે પેલાં ફોટોચિત્ર લેવા જતાં પહેલાં યશપાલે એનો ખયાલ રાખવો જોઈતો હતો. પણ એ ન રહ્યો.

ફોટો લઈને યશપાલ દુકાન બહાર નીકળ્યા કે પેલો માણસ પણ પાછળ આવી પોતાની સાઇકલનું તાળું ખોલવા લાગ્યો. સદ્ભાગ્યે યશપાલે પોતાની સાઈકલને તાળું નહોતું માર્યું એટલે એ તકનો લાભ લઈ એણે સાઈકલ મારી મૂકી. પેલો માણસ પણ એમની પાછળ તો પડ્યો જ, પણ ગલીકૂંચીઓમાં થઈને યશપાલે છટકી જઈને સુખદેવને આની જાણ કરી દીધી અને પોતે નજરે ન ચડી જાય એ માટે બે દિવસ પેલી બૉંબ ફૅક્ટરીમાં જ છુપાઈ રહ્યા. એમને મૂંઝવણ હતી નોકરી પરની એ બે દિવસની ગેરહાજરીની. દરમિયાન યશપાલને લાગ્યું કે એ મકાન પર પણ હવે છૂપી પોલીસ નજર રાખી રહી છે. એમને થયું કે પેલા ધુમાડા અને ગંધને કારણે કદાચ પોલીસને શંકા ગઈ હશે, પણ હકીકતે તો આગ્રામાં બૉંબ બનાવ્યા ત્યારે એના સારુ અહીં લાહોરમાં જે ખોભળાં તૈયાર કરાવેલાં એ બનાવનારે જ પોલીસને સંકેત આપી દીધો હતો, એટલે આ સ્થાન પર પોલીસની નજર તો ક્યારની હતી.

બે દિવસ પછી વહેલી પરોઢે લાગ સાધી યશપાલ ત્યાંથી નીકળીને પોતાને ઘેર ગયા. બીજે દિવસે દુર્ગાભાભીને ત્યાં એમની ખબર કાઢવા તથા સુખદેવે પોતાને માટે ત્યાં કંઈ સંદેશો આપ્યો હોય તો તે લેવા ગયા. પણ ત્યાં તો આંગણે પોલીસોને તલાશી લેવા આવેલા દીઠા ત્યાં તેઓ એ માટે એમના ઉપરીની રાહ જોતા હતા. અંદર જઈ ભાભીને પૂછી જોયું કે ઘરમાં કંઈ જોખમ જેવું છે કે નહિ. સુખદેવ ત્યાં આવી ગએલા ખરા, પણ ઘરમાં એવું કંઈ મૂકી ગયા છે કે નહિ તેની ભાભીને જાણ નહોતી. યશપાલ ત્યાંથી સુખદેવને તલાશીની ખબર આપવા ગયા તો ત્યાં પણ પોલીસોને દીઠા! ફરી એ ભાભી પાસે આવ્યા. એમણે યશપાલને હવે નાશી જવા સૂચવ્યું. યશપાલને પેલાં પોતાનાં નામવાળાં વાસણો યાદ આવ્યાં અને પોતાને પકડવા માટે પોલીસને પૂરતા પુરાવા મળી રહેશે એની એમને ખાતરી થઈ ગઈ. તુરત ઘેર પહોંચી એમણે મા અને બેબેને બધી વાત કરી દીધી અને પોતે હવે લાહોર છોડી નાસી જાય છે ને ક્યારે પાછા ફરશે તે નિશ્ચિત નથી એ પણ જણાવી દીધું. પૈસાની જરૂર પડે તો ડૉ. ભાર્ગવ પાસે પોતાનો ત્રણ મહિનાનો પગાર લેવાનો બાકી છે તે મેળવી લેવા પણ કહ્યું. અને આ પગારના ૨૪૦ રૂપિયા લેવા જ્યારે મા ડૉ. ગોપીચંદ ભાર્ગવ પાસે ગયાં ત્યારે જ ખબર પડી કે સૉંડર્સ-વધ પછી એમણે યશપાલને જે ૨૦૦ રૂપિયા આપેલા તે દળને સહાય તરીકે નહિ, પણ યશપાલના પગાર પેટે જ આપેલા. એટલે માના હાથમાં એમણે ત્યારે બાકીના ૪૦ રૂપિયા જ મૂકી બપોર પહેલાં તો યશપાલ લાહોર બહાર નીકળી ગયા. સ્ટેશને જે તુરત મળી તે ગાડી કાંગડા થઈને જતી હતી. તેઓ એમાં ચડી ગયા. નાસતાં પહેલાં એમણે મૂછો સાફ કરાવી નાખેલી ને માથે હૅટ ચડાવી દીધેલી.

લાહોરની બૉંબ ફૅક્ટરી પકડાઈ ગઈ એ કોઈ વિશેષ ઘટના નહોતી પણ એનાથી સૉંડર્સની હત્યા, ઍસેમ્બ્લીના બૉંબધડાકા અને અન્ય કેટલીક ઘટનાઓના પારસ્પરિક સંબંધની પોલીસને કડી મળી ગઈ, અને આ ફૅક્ટરી પકડાઈ જવાને કારણે જ તો યશપાલની છૂપી પ્રવૃત્તિઓ હવે જાહેર થઈ ગઈ. યશપાલ હવે ફરાર બની ગયા. (ચાલુ)

ઋષિમંડળ-૯: યાજ્ઞવલ્કય

પ્રગાઢ પંડિત, તત્ત્વવેત્તા, પ્રયત્નવાદી, સ્વાભિમાની અને શુક્લ યજુર્વેદના પ્રવર્તક યાજ્ઞવલ્કય યજ્ઞવેદીની જ્વાળાઓમાંથી પ્રકટ થયા હતા. પિતા દેવરાતે એને ગાયત્રીનો ઉપદેશ આપી એનો મહિમા સમજાવેલો, અને પછી શાકલ્ય ઋષિ પાસે એને ઋગ્વેદના અભ્યાસ માટે મોકલ્યા હતા. એક દિવસ ગુરુઆજ્ઞાનો કંઈ અનાદર થઈ જતાં એમણે યાજ્ઞવલ્કયને આપેલી વિદ્યા પાછી માગી, જે એમણે વમન કરીને કાઢી આપી. એ પછી પોતાની જ્ઞાનપિપાસા સંતોષવા તેઓ વૈશંપાયનના શિષ્ય બન્યા અને એમની પાસેથી સમગ્ર યજુર્વેદ શીખ્યા. અહીં પણ એક પ્રસંગે ગુરુએ ગુસ્સે થઈ આપેલી વિદ્યા પાછી માગી ને યાજ્ઞવલ્કયે એ આપી દીધી. ગુરુઓના આવા કડવા અનુભવોથી નારાજ થઈ એમણે પિતાએ આપેલા ગાયત્રી મંત્ર વડે સૂર્યને પ્રસન્ન કરી સ્વયં એની પાસેથી જ સર્વ જ્ઞાન પામવા નિર્ધાર કર્યો. કેટલાંક વર્ષોની સાધના પછી પ્રસન્ન થએલા સૂર્યે એમને વરદાન માગવા કહ્યું ત્યારે યાજ્ઞવલ્કયે પોતાની જ્ઞાનેચ્છા જણાવી. સૂર્યે એમને સારસ્વત મંત્રો તથા લાઘવીવિદ્યા આપી અને એના દ્વારા સૂક્ષ્મ શરીર ધરી પોતાના અશ્વના કાનમાં રહેવા કહ્યું. આમ પોતાની પાસે સતત રહેતા અશ્વના કાનમાં રહેલા યાજ્ઞવલ્કયને સૂર્યે ષડંગસહિત નવું વેદજ્ઞાન આપ્યું.

સૂર્યે આપેલા મંત્રોની સહાયથી યાજ્ઞવલ્કયે નવા શુક્લ યજુર્વેદની પંદર શાખાઓનું નિર્માણ કર્યું. (કણ્વ, માધ્યંદિન ઇત્યાદિએ એનો જ અભ્યાસ કરેલો.) વળી, યાજ્ઞવાલ્કયે રચેલી 'યાજ્ઞવાલ્કયશિક્ષા'માં વેદના અધ્યયન-અધ્યાપંન વિષે, 'પ્રતિજ્ઞાસૂત્ર'માં મંત્રોના સ્વરોચ્ચાર વિષે, 'શતપથ બ્રાહ્મણ'માં શુક્લ યજુર્વેદની શાખાની વિભાગચિકિત્સા વિષે લખ્યું છે. એમણે રચેલી સ્મૃતિમાં ચતુર્વર્ણ ને અનુલોમ પ્રતિલોમ જાતિઓનાં વર્તન, ન્યાયપદ્ધતિ, પ્રાયશ્ચિત્તો ઇત્યાદિ ધર્મવિષયક વિવેચન છે. એમણે યોગશાસ્ત્ર રચ્યાનું પણ મનાય છે.

યાજ્ઞવલ્કયને મૈત્રેયી અને કાત્યાયની એ બે પત્ની હતી, મોટી મૈત્રેયી બ્રહ્મવાદિની હોઈ તેના પર યાજ્ઞવલ્કયને વિશેષ પ્રીતિ હતી. પરંતુ એક વર્ષ સુધી વ્રત કરી કાત્યાયનીએ પણ પતિની પ્રીતિ મેળવી હતી. મૈત્રેયીને પિપ્પલાદ ને કાત્યાયનીને કાત્યાયન નામે પુત્ર હતા.

યાજ્ઞવલ્કય જનક રાજાના ગુરુ હતા. ઉત્તરાવસ્થામાં એમણે સંન્યસ્ત સ્વીકાર્યું હતું. સમગ્ર ઉત્તર ભારત પર એમના શુક્લ યજુર્વેદનો પ્રભાવ પ્રસર્યો હતો.



માધુકરી

જીવન સંતત અમૃતવર્ષણા,
પૃથિવીગર્ભ મહીં જલલોપ એ
મરણ, કિન્તુ તહીંથી સ્ફુરી રહે
મૃદુ નવાંકુરનું નવજીવન.

—શ્રીકાન્ત માહુલીકર

પ્રથમ શહીદ 'જગતશેઠ' ગુડવાલા

ભારતીય સ્વાતંત્ર્ય-સંગ્રામ અન્ય દેશોની સ્વાતંત્ર્યની લડતો કરતાં અદકો, અનોખો હતો. તેમાં ગાંધીજીના નેતૃત્વ તળેની અહિંસક લડતો તો સિક્કાની એક બાજુ માત્ર છે, એટલે એ સિક્કાની બીજી બાજુ પણ નિહાળવી જોઈએ. એ સિક્કાની બીજી બાજુએ સરફરોશ ક્રાંતિકારીઓની પરાક્રમકથાઓ લખાએલી છે. ભારતનો મુક્તિસંગ્રામ એ લોહિયાળ ક્રાંતિ નથી એ ખરું, પણ ભારતમાતાનાં ચરણકમળ ઉપર અનેક અલ્પજ્ઞાત લાડકવાયાઓના પ્રાણોનો અર્ઘ્ય પણ ચડયો હતો એ કદી ભૂલી શકાય નહિ. ખુદીરામ બોઝ, પ્રફુલ્લચન્દ્ર ચાકી, સરદાર ભગતસિંહ, ચન્દ્રશેખર આઝાદ, અશફાક઼ ઉલ્લાખાન અને રામપ્રસાદ બિસ્મિલ, અને અન્ય અનેક નામી-અનામી ભારતીય સપૂતોએ પોતાના પ્રાણ મા ભારતીને ખાતર નિછાવર કરી દીધા છે એ હકીકત છે. કુરબાનીનાં કસુંબી રંગથી આલેખાએલા એ ભવ્ય ઇતિહાસનાં પૃષ્ઠો પર, અંગ્રેજો વિરુદ્ધ સૌ પ્રથમ બંડ કરનાર એક લગભગ ભુલાઈ ગએલા શહીદનું નામ છે.

સન ૧૮૫૭માં આઝાદીની તમન્નાની ફૂટેલી કૂંપળોને અંગ્રેજોનાં કઠોર કદમોએ કચડી નાખી, છોડ વિકસતાં પહેલાં જ છૂંદાઈ ગયો, ત્યારની આ વાત છે. દિલ્હીમાં ચાંદની ચોક કોટવાળીની સામેની ખુલ્લી જગ્યામાં કેટલાક અંગ્રેજ સિપાઇઓ એક ક્રાંતિકારીને ઢસડતાઢસડતા લઈ આવ્યા. પરંતુ પેલા કેદીની આંખોમાં તો રંજને સ્થાને એક અદમ્ય ખુમારીની ચમક છે. કોઈ અંગ્રેજ બચ્ચો તેની સામે આંખ મેળવી શકતો નથી. ખુલ્લી જગ્યામાં બેડીથી બંધાએલો એ બંકો પર્વતની પેઠે એકલો અડીખમ ઊભો છે. પ્રથમ તો નિર્દયતાપૂર્વક તેની ઉપર શિકારી કૂતરા છોડી મૂકવામાં આવ્યા. ભૂખ્યાડાંસ કૂતરા શિકાર ઉપર તૂટી પડયા. આ તરફ અંગ્રેજો હસતા હતા અને પેલી તરફ કૂતરાઓ એ એકલવીરને બચકાવતા હતા. થોડી વાર પછી કૂતરાને પકડી લેવામાં આવ્યા. આમ સજાનો એક દોર પૂરો થયો. એ પછી અધમૂઆ થઈ ગએલા એ એકલવીરનું ખૂબખૂબ અપમાન કર્યા પછી એ લોહી ઝરતા કેદીને ફાંસીને માંચડે લટકાવી દેવામાં આવ્યો. માભોમની મુક્તિ કાજે ફાંસીને તખ્તે ઝૂલનાર આ પ્રથમ શહીદ હતો. ગોરી રાજસત્તા સામે ક્રાંતિપથનાં દ્વાર ખોલનાર એ શહીદ તે રામજીદાસ ગુડવાલા.



'જગતશેઠ' રામજીદાસ ગુડવાલાએ ભારતના એ સમયના શહેનશાહ બહાદુરશાહને તન, મન અને ધનનો સંપૂર્ણ સહકાર આપીને અંગ્રેજો સામે ખુલ્લો પડકાર ફેંકયો હતો. જીવનની અંતિમ પળે એણે કહ્યું હતું: 'હું આજે હિંદુસ્તાનની આઝાદી માટે મરી રહ્યો છું ત્યારે મને અંગ્રેજોના વિનિપાતનાં એંધાણ ચોખ્ખાં દેખાઈ રહ્યાં છે. દુનિયાભરમાંથી અંગ્રેજોનો સૂર્ય આથમવાનો સમય હવે પાકી ગયો છે.' આવી સાર્થક ભવિષ્યવાણી ભાખનાર એ શેઠ રામજીદાસ ગુડવાલા દિલ્હીના અબજોપતિ શાહુકાર અને મોટા વેપારી શહેનશાહ બહાદુરશાહના દિલોજાન દોસ્ત હતા. પ્રસિદ્ધ ઇતિ-

હાસલેખક શ્રી તારાચંદ પોતાના પુસ્તક 'હિસ્ટરી ઑાવ ધ ફ્રિડમ મૂવમેન્ટ'માં નોંધે છે: 'રામજીદાસ ગુડવાલા ઉત્તર ભારતના સૌથી વધુ ધનવાન હતા. અંગ્રેજોનું કહેવું છે કે 'દુનિયાના આજના મોટામોટા મૂડી-પતિઓ કરતાં પણ તેની પાસે વધુ ધન અને કિંમતી ઝવેરાત હતું. હિંદુસ્તાનના બાદશાહ કરતાં પણ એ વધુ તાલેવંત હતા. સન ૧૮૫૭માં અંગ્રેજો વિરુદ્ધ લડવા માટે શેઠે મુઘલ બાદશાહને બબ્બે વખત કરોડો રૂપિયાની સહાય અને અન્ય સામગ્રી આપી હતી. અંગ્રેજો પૈસાની લાલચે જ્યારે શેઠ પાસે કર્જ લેવા ગયા ત્યારે શેઠે અંગ્રેજોને દેશદ્રોહી કહીને કર્જ આપવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી.' જ્યારે બહાદુરશાહના મોટા ભાગના દરબારીઓ-ભોગવિલાસી, કામચોર, દગાબાજ ને બાદશાહની આબરૂના કાંકરા કરે એવા થઈ ગયા હતા ત્યારે શેઠ રામજીદાસ એટલા જ પ્રામાણિક અને વફાદાર રહ્યા હતા.

એ સમયના અંગ્રેજ અધિકારીઓનો અભિપ્રાય છે કે જો બાદશાહ-ના દરબારીઓ દગાબાજ ન હોત તો દિલ્હીના અબજોપતિ શેઠ રામજી-દાસની વિલક્ષણ યોજના સફળ થઈ જાત અને તેને પરિણામે અંગ્રેજોને માત્ર ભાગવું જ ન પડત, બલ્કે તેઓ હિન્દુસ્તાન તરફ નજર ઉઠાવીને જોવાની ખો પણ ભૂલી જાત.

ઈ. ૧૮૫૭ પહેલાંથી જ રામજીદાસ ગુડવાલાના પૂર્વજોનો મુઘલોના શાહી કુટુમ્બમાં ખૂબ માનમોભો હતો. મુઘલ બાદશાહે તેમને રાજા સમાન ગણીને કેટલાક વિશિષ્ટ હક્કો આપ્યા હતા. બાદશાહના મોટા-મોટા સિપેહસાલારોને કે ખુદ શાહઝાદાઓને જે હક્કો નહોતા મળ્યા તે હક્કો શેઠ ગુડવાલાના કુટુંબને પ્રાપ્ત થયા હતા. તેમને મુઘલ રાજવી-ઓએ 'જગતશેઠ', 'તાજર-ઉલ-મુલ્ક', 'સિપરે સલ્તનત', 'સલ્તનતરી' વગેરે અનેક ખિતાબો તથા ઈલકાબોની નવાજેશ કરી હતી. અંગ્રેજોએ તેમને 'પિલર ઑાવ ધ સ્ટેઈટ' કહીને સંબોધ્યા હતા. દિલ્હીમાં રહેવા છતાં તેમનું ઘર એક સ્વાતંત્ર રિયાસત સમું હતું. તેમાં ખુદ બાદશાહ કે તેમના અધિકારીઓની પણ કોઈ સત્તા ચાલી શકતી નહિ. શેઠનું પોતાનું નાનકડું સૈન્ય પણ હતું. ઈદ તથા દીપાવલીના તહેવારોમાં બાદ-શાહ પોતે શેઠના ઘરે પધારતા. બાદશાહના સમ્માનમાં ત્યારે શેઠના ઘરે મોટી મેહફિલ થતી. ત્યારે જગતશેઠ બાદશાહને બે લાખ અશરફી (સોનાના સિક્કા)નું નજરાણું ભેટ ધરતા. રાજદરબારમાં શેઠ રામજીદાસ માટે એક ખાસ સિંહાસન રાખવામાં આવતું. બાદશાહ દરબારમાં હાજર હોય ત્યારે સૌ કોઇએ ઊભા રહેવું પડતું, પરંતુ શેઠને પેલા સિંહાસન ઉપર બેસવાનો વિશિષ્ટ અધિકાર હતો. તેઓ કદી પણ બાદશાહને માથું નમાવી સલામ ભરતા ન હતા. તેમને છ ઘોડાવાળી ગાડી તથા હાથી ઉપર સવારી કરવાની બાદશાહ તરફથી ખાસ છૂટ અપાઈ હતી.

શેઠ રામજીદાસ મુઘલ બાદશાહને નાણાં ધીરનાર પ્રથમ શાહુકાર હતા. તેમનું કર્જ મુઘલ પરિવાર કદી ચૂકવી શક્યું નથી. તેમનો વેપાર એશિયા તથા આખાય યુરોપમાં ચાલતો હતો. તેમની અઢળક સંપત્તિ જોઈને ઘણી વાર મુઘલ શાહઝાદા પૈસાની લાલચે તેમને ત્યાં જતા તથા ઘણી વાર પૈસા માટે બળજબરી પણ કરતા. આથી જ બાદશાહે ઘણી-વાર ફરમાનો કાઢ્યાં હતાં કે શાહઝાદાઓએ શેઠને ત્યાં પૈસા માગવા જવું નહિ, કે તેમની ઉપર કોઈ જાતની બળજબરી કરવી નહિ. પરંતુ હકીકત એવી હતી કે એ સમયે મુઘલ સિતારો ડૂબી ગયો હતો. શાહ-ઝાદાઓની સ્થિતિ પણ ભિખારી જેવી થઈ ગઈ હતી.

પરંતુ ઇતિહાસનું અનોખું પ્રકરણ તો એ સમયે શરૂ થયું કે જ્યારે શેઠ ગુડવાલાએ ભારતમાં મુક્તિ સંગ્રામની જામગરી સળગાવી. શેઠ રામજીદાસે અંગ્રેજોની હિંદુસ્તાનનું સામ્રાજ્ય પચાવી પાડવાની મેલી મુરાદને પારખી લીધી અને એમની બાજી ધૂળમાં મેળવી દેવા એમણે એક યોજના વિચારી કાઢી. બીજી બાજુ બાદશાહ લાલ કિલ્લામાં કેદી જેવું જીવન વિતાવી રહ્યા હતા તે વાત પણ શેઠને ખૂંચતી હતી. આ રીતે મુઘલોની શાનદાર સંસ્કૃતિનો સર્વનાશ અને માતૃભૂમિ ઉપર વિદેશી હકૂમતની ચિંતાથી શેઠની ઊંઘ ઊડી ગઈ હતી. છેવટે તેમણે બાદશાહ સાથે ખુલ્લા દિલે ચર્ચાવિચારણા કરી. શેઠે કહ્યું કે અંગ્રેજોની મહેરબાની ઉપર હિંદુસ્તાનનો બાદશાહ જીવન વિતાવે તો તો એ બાદ-શાહ તને ધિક્કાર છે. શેઠની આવી ભાવના જોઈને બાદશાહને કંઈક આશ્વાસન મળ્યું. તેમણે પણ દિલ ખોલીને શાહી ખજાનાના દેવાળાની વાત કરી. બાદશાહ જો સૈન્ય તૈયાર કરે તો તે માટે શેઠે પૈસા આપવા તૈયારી બતાવી. બાદશાહે એમનો પ્રસ્તાવ સ્વીકારી લીધો અને શેઠે સૈન્ય માટે બે કરોડ રૂપિયા તત્કાળ આપ્યા. તેના દ્વારા બાદશાહે ગુપ્ત-ચર વિભાગ સજ્જ કર્યો. ધીરજ અને કુશળતાપૂર્વક આ ગુપ્તચર વિ-ભાગનું સંચાલન અને બીજી વ્યવસ્થા શેઠ રામજીદાસ જાતે કરી રહ્યા હતા. દરેક પ્રાંતમાં અંગ્રેજોની કાર્યવાહી જાણવા માટે જાસૂસો નિયુક્ત કરવામાં આવ્યા. તેઓ નિયમિત રીતે શેઠને માહિતી પહોંચાડતા હતા.

આપણાં વ્રત-ઉત્સવો : ઋષિપંચમી

ભાદરવા સુદ પાંચમે પાળવામાં આવતા આ વ્રતને ઋષિપંચમીનું વ્રત કહેવામાં આવે છે, કારણ કે એમાં સપ્તર્ષિ—કશ્યપ, અત્રિ, ભરદ્વાજ, વિશ્વામિત્ર, ગૌતમ, જમદગ્નિ અને વસિષ્ઠ—નો મહિમા છે. આ વ્રત સ્ત્રીઓએ સૌભાગ્ય અને સુખની વૃદ્ધિ અર્થે કરવાનું હોય છે.

એમાં સવારમાં સ્નાનાદિ કર્મો પતાવી કુળગુરુની સાક્ષીએ ઘરમાં લીપણથી પવિત્ર કરેલા સ્થાને સર્વતોભદ્ર મંડળ (ચારે બાજુથી સુંદર રચના) આલેખવાનું હોય છે. આ સુંદર રચના પર અખંડ એવો તાંબાનો કે માટીનો ઘડો જળ ભરીને મૂકવામાં આવે છે. તે ઘડાનું મોં વસ્ત્રથી બાંધી દઈ તેના પર ચંદન, અક્ષત તેમ જ ફળ મૂકવામાં આવે છે. ત્યાર બાદ તેના ઉપર શક્તિ પ્રમાણે તાંબાનું, માટીનું કે વાંસનું છાબડી જેવું પહોળું પાત્ર મૂકી, તેના પર શુદ્ધ વસ્ત્ર ઢાંકી એ વસ્ત્ર પર અષ્ટદલ કમલ ચીતરવામાં આવે છે અને પછી સપ્તર્ષિની પ્રતિમાઓને એ કમલ પર ગોઠવવામાં આવે છે. આ રીતે સપ્તર્ષિઓનું સ્થાપન કર્યા પછી મધ્યાહ્નને ભક્તિભાવપૂર્વક તેમનું પૂજન-અર્ચન કરવામાં આવે છે. એ પૂજારિણીએ તે દિવસ દરમિયાન ફલાહાર કરવાનો તથા રાત્રે જાગરણ કરવાનું હોય છે. આમ, તે દિવસનું વ્રત પૂર્ણ કર્યા પછી બીજે દિવસે સવારે સ્નાનાદિ પતાવી તલ ઘીથી હોમ કર્યા બાદ સપ્તર્ષિઓની ફરી પૂજા કરી કુલગુરુની પણ પૂજા કરવાની હોય છે. છેવટે યથાશક્તિ ગુરુદક્ષિણા આપી વ્રતની પૂર્ણાહુતિ કરવામાં આવે છે.

આ વ્રત આ રીતે સ્ત્રીઓનો મહિમા સ્થાપે છે. સપ્તર્ષિ આ વ્રતના અધિષ્ઠાતાઓ છે એટલે બુદ્ધિ અને ચારિત્ર્યસંપત્તિના માહાત્મ્યનું પણ આ વ્રત પ્રતીક બની રહે છે.

તંત્ર બહુ જ વ્યવસ્થિત રીતે ધીરેધીરે આગળ વિકસી રહ્યું હતું. શેઠ ગુડવાલા દેશના જુદાજુદા પ્રાંતોના નેતાઓ સાથે સંબંધ વિકસાવી યોજના ઘડી રહ્યા હતા. શેઠ ગુડવાલાએ પોતાની યોજનામાં અંગ્રેજી સૈન્યના હિંદી સૈનિકોનો પણ સાથ મેળવી લીધો હતો. આખાય હિંદમાં એકીસાથે અંગ્રેજો ઉપર હુમલો કરવો અને આ દેશમાંથી તેઓને નસાડીને જ અટકવું એમ નક્કી કરવામાં આવ્યું હતું. પરંતુ કેટલાક ગદ્દારોએ અંગ્રેજોને બાતમી પહોંચાડી દીધી. આ માહિતી મળતાં જ અંગ્રેજો ધ્રૂજી ઊઠયા. તુરત જ ઉચ્ચ અંગ્રેજ અધિકારીઓની એક બેઠક દિલ્હી ખાતે મળી તેમાં નક્કી થયું કે ગુડવાલાની યોજના આ રીતે આગળ વધતી રહેશે તો એક એક ભારતીય અંગારો બની જશે અને પછી તેનાથી લાગેલી આગ ભારત ઉપર શાસન કરવાનાં આપણાં અરમાનોને સદાયને માટે ભરખી જશે. માટે તાબડતોબ એ કાંટાનો નાશ કરવો.

એ પછી તરત જ ગુડવાલા શેઠને ગિરફતાર કરવામાં આવ્યા. તેમની ઉપર એક બનાવટી કેસ ચલાવવામાં આવ્યો. છેવટે તેની અઢળક દોલત લૂંટી લઈ તેમને ચાંદની ચોકમાં અમાનુષી રીતે ફાંસી દઈ દેવામાં આવી. પરંતુ ગુડવાલાએ પ્રગટાવેલી આગ આગળ જતાં સર્વત્ર ભભૂકી ઊઠી જ.

—રવીન્દ્રકુમાર રતિલાલ અંજારિયા

કોળું

પશુભોગને બદલે કેટલીક વાર કોળાને વધેરી નૈવેદ્ય ધરાવાતું હોવાથી કેટલાક ધાર્મિક વૃત્તિવાળા લોકો કોળું ખાતા નથી. પણ એ એક ગુણકારી શાક છે. જેમના શરીરમાં ગરમી વધારે હોય તેમને માટે કોળાનું શાક ઉત્તમ પથ્ય છે. સારામાં સારું તંદુરસ્ત કોળું એકથી દોઢ વર્ષ સુધી બગડતું નથી. સારું પાકેલું અને જૂનું કોળું ગુણકારી ગણાય છે. કોળાં નાનાં-મોટાં, ગોળ-લંબગોળ એમ ઘણી જાતનાં થાય છે. પરંતુ મુખ્યત્વે સફેદ કે ભૂરાં અને રાતાં કે લાલ એમ બે પ્રકારનાં થાય છે. શાક માટે રાતું-લાલ કોળું વપરાય છે. રાતા કોળામાં સાકાર વિશેષ હોવાથી ગુજરાતમાં તેને 'સાકરકોળું' પણ કહે છે. સફેદ કે ભૂરું કોળું હલવો કે પાક બનાવવામાં વપરાય છે. ઔષધો બનાવવામાં પણ સફેદ કે ભૂરા કોળાનો ઉપયોગ થાય છે. વૈષ્ણવ લોકો ભૂરાં કોળાના રસમાં પાપડ બનાવે છે. ગુવાર કે ચોળાફળી જેવાં વાયડાં શાકો સાથે કોળાનું મિશ્ર શાક પણ કરાય છે. કોળાની સાથે ગુવારફળી મેળવવાથી શાક વધુ સ્વાદિષ્ટ બને છે. પણ શાકમાં કદી કાચું કોળું વાપરવું નહિ. મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશના લોકો શાક તરીકે કોળાનો પુષ્કળ ઉપયોગ કરે છે. ઊલટી કે કફ સાથે લોહી પડતું હોય તો કોળાનાં બીનો હલવો કે પાક બનાવીને અપાય છે. મથુરા તરફ ભૂરા કોળા સાથે સાકર મેળવી 'પેઠા' નામની સ્વાદિષ્ટ વાનગી બનાવાય છે. હિંદીમાં કોળાને 'પેઠા' કહેવામાં આવે છે. કુષ્માંડ, પુષ્પફલ, પીતપુષ્પ અને બૃહત્ફલ એ કોળાનાં સંસ્કૃત નામો છે.

કોળું શીતળ, રુચિવર્ધક, મૂત્રલ, મધુર, દાહ અને પિત્તનું શમન કરનાર, બલ્ય અને શુક્રની વૃદ્ધિ કરનાર તથા પૌષ્ટિક છે. એ મૂત્રાઘાત, પ્રમેહ, મૂત્રકૃચ્છ્ર, પથરી, તૃષા, રક્તવિકાર વગેરેને મટાડે છે. કોળું બળકારક, શ્રમશક્તિ વધારનાર, શરીરને પુષ્ટ કરનાર અને અને શ્રમ, ઉન્માદ, ભ્રાંતિનો નાશ કરે છે. એ માનસિક રોગ, હૃદયરોગ, ફેફસાંના રોગ અને રક્તપિત્ત પર અમૂલ્ય પથ્ય છે. તેના બીનો મગજ કૃમિઘ્ન છે. આધુનિક વૈદકના મત પ્રમાણે કોળું શીતળ ને મૂત્રજનન છે. તેનાથી રક્તવાહિનીઓનો સંકોચ થાય છે. વધારે માત્રામાં આપવાથી દસ્ત સાફ આવે છે અને નિદ્રા આવે છે. ઉન્માદમાં જ્યારે રોગીની આંખો લાલ થઈ જાય, નાડીની ગતિ તીવ્ર થઈ જાય તથા રોગી ઉત્તેજિત થઈ ગએલ હોય ત્યારે કોળાનો રસ આપવાથી દસ્ત સાફ આવી, ઊંઘ આવે છે. ક્ષયમાં કોઈ વાર ફેફસામાંથી રક્તસ્રાવ થાય છે ત્યારે અથવા શરીરની અંદર બીજા કોઈ અવયવમાંથી લોહી આવતું હોય ત્યારે કોળાનો રસ આપવામાં આવે છે. ક્ષયની પ્રથમાવસ્થામાં મોતીપિષ્ટિ સાથે કોળાનો તાજો રસ આપવાથી ઉત્તમ ફાયદો કરે છે. મધુમેહમાં કોળાનો રસ અપાય છે. જૂના મોટા ભૂરા કોળાનો મુરબ્બો માથાની ગરમી, ચકરી, ઉન્માદ, અનિદ્રા વગેરેને મટાડે છે.

કોળાના અવલેહનું અગ્નિબળ પ્રમાણે રોજ સવારે સેવન કરવાથી રક્તપિત્ત, લોહીવાળી ખાંસી, ઉધરસ, તાવ, હેડકી, હૃદયરોગ, અમ્લપિત્ત અને સળેખમ-શરદી મટે છે. આ અવલેહ ક્ષયરોગી અને હીનવીર્યજનો માટે આશીર્વાદ સમાન છે. કોળાનાં બીજના મગજને પીસીને તેને ઘીમાં શેકી અને સાકર મેળવીને બનાવેલા લાડુ થોડા દિવસો સુધી રોજ સવારે ખાવાથી અતિ મહેનત કરવાથી આવેલી નિર્બળતા મટે છે. કોળાના રસમાં સાકર નાખી પીવાથી અમ્લપિત્ત મટે છે.

ભૂરા કોળાને સૂકવી તેનું ચૂર્ણ કરી ખાવાથી, તેનું શાક કરી ખાવાથી યા તેનો પાક-અવલેહ બનાવી ખાવાથી પાંડુરોગ મટે છે. ભૂરું કોળું પાંડુરોગ પર સસ્તામાં સસ્તું ઔષધ છે. કોળાને છાલી વચ્ચેનો નરમ નરમ ગર્ભ અને બી કાઢી નાખી તડકે સૂકવી, સુકાયા પછી વાસણમાં ઢાંકી ચૂલા ઉપર મૂકી તેની નીચે અગ્નિ કરી પાડેલા કોલસાનું ચૂર્ણ બે માસા અને સૂંઠનું બે માસા એકત્ર કરી ઊના પાણી સાથે આપવાથી અસાધ્ય શૂળ મટે છે. ભૂરા કોળાનું ઘીમાં બનાવેલું શાક ખાવાથી અથવા તેનો રસ કાઢી તેમાં ખાંડ મેળવી સવાર-સાંજ અર્ધોઅર્ધો કપ પીવાથી સ્ત્રીઓને પુષ્કળ માસિક આવતું હોય, શરીરમાં બળતરા રહેતી હોય અને લોહી ઘટી ગયું હોય તો તેમાં ઉત્તમ ફાયદો કરે છે.

કોળાનો રસ, હિંગ અને જવખાર મેળવીને પિવડાવવાથી પથરી પર ગુણ કરે છે. કોળાંનાં બીના નવટાંક જેટલા મગજને દૂધમાં પીસી, ગાળીને થોડું મધ મેળવી પિવડાવવાથી અથવા એ મગજના સવાસવા તોલો તેલને સવારથી બબ્બે કલાકે ત્રણ વાર દૂધની સાથે પિવડાવવાથી અને ઉપર એરંડિયા તેલનું વિરેચન આપવાથી પેટમાંના ચીપટા કૃમિ (જે મોટા થવાથી ક્ષીણતા, અરુચિ, ઊબકા, અગ્નિમાંદ્ય, રક્તવિકાર, પેટમાં ભારેપણું અને વ્યાકુળતા થાય છે) નીકળી જાય છે. જ્યાં સુધી બધા કૃમિ નીકળી ન જાય ત્યાં સુધી, પાંચ સાત દિવસ સુધી રોજ આપતા રહેવું. ભોજનમાં ખીચડી અથવા દાળ-ભાત લેવાં.

કોળાનો રસ ગોળ નાખી પિવડાવવાથી દારૂનો નશો ઊતરે છે. કોળાનો રસ પાવો કે કોળાનો કકડો ખવડાવવો ઝેર પર હિતકારી ગણાય છે. કોળાનું ડીંટડું પાણીમાં ઘસી વીંછીના ડંખ પર ચોપડવાથી રાહત થાય છે. ('નિરામય'માંથી)

—માધવ મો. ચૌધરી

કાલા આઝાર

ઈ. ૧૮૮૧ના અરસામાં આસામની ગારો ટેકરીઓની તળેટીમાં એક ભયંકર તાવે દેખા દીધી. બરોળના ભારે સોજા સાથે મૅલેરિયા જેવા લાગતા એ તાવમાં ભાગ્યે જ કોઈ બચવા પામતું. બેએક દાયકામાં તો આ રોગ પૂર્વ તરફ બ્રહ્મપુત્રાના પટમાં બસો માઈલ દૂર સુધી ફેલાઈ ગયો, અને એ વિસ્તારની લગભગ ત્રીજા ભાગની વસ્તીને ભરખી ગયો. શરૂશરૂમાં તો દાક્તરો કૃમિ, એપિડેમિક મૅલેરિયા કે માલ્ટા ફીવર સમજી એ રોગના ઉપચાર કરતા. ઈ. ૧૯૦૩માં લેઈશમાન ને ડૉનોવને એનું મૂળ કારણ બરોળમાંથી મળી આવેલા સૂક્ષ્મ જીવાણુઓના ચેપમાં હોવાનું શોધી કાઢયું. આ બંને શોધકોના નામ પરથી એ રોગજંતુઓને 'લેઈશમાનિયા ડૉનોવાની' નામ અપાયું. આગળ જતાં એલ. રૉજર્સે આ જીવાણુઓના કલ્ચર તૈયાર કરવામાં સફળતા મેળવી અને માંકડ દ્વારા એનો ફેલાવો થતો હોવાની માન્યતા દર્શાવી. આ શોધો પરથી જણાઈ ગયું કે અત્યાર સુધી મૅલેરિયાના એક પ્રકાર તરીકે જેના ઉપચાર થતા રહેલા એ આ કોઈ જુદો જ રોગ છે. ભયંકર તાવની સાથે એમાં દર્દીની

ચામડી કાળી પડી જતી હોઈ એનું 'કાલા આઝાર'–અને એના પરથી અંગ્રેજીમાં 'બ્લૅક ફીવર' એવું નામ પ્રચલિત થયું. 'ડમડમ ફીવર' નામે પણ એ ઓળખાતો. ઈ. ૧૯૨૫માં 'કલકત્તા સ્કૂલ ઑાવ ટ્રૉપિકલ મેડિસીન'ના નોલ્ઝ અને નેપીઅર નામના બે શોધકોએ એ પણ શોધી કાઢયું કે ઉષ્ણ પ્રદેશોમાં થતી 'સૅન્ડ ફ્લાઈ' નામની એક ઝેરીલી માખી આ રોગની મુખ્ય પ્રસારક છે. ધીરે ધીરે બંગાળ, બિહાર, યુક્ત પ્રાંત–યૂ. પી.–(આજના ઉત્તર પ્રદેશ)ના પૂર્વ તરફના પ્રદેશ અને મદ્રાસ સુધી કાલા આઝાર પ્રસરી ગએલો, પણ પંજાબ અને એની પશ્ચિમે વાયવ્ય સરહદ તરફના સૂકા પ્રદેશોમાં એ દેખાયો નહોતો. હિંદુસ્તાન બહાર ચીન ઉપરાંત ભૂમધ્ય સમુદ્રના દેશો, ઇજિપ્ત ને સુદાનમાં પણ આ રોગ જોવા મળ્યો હતો અને એ તરફ એ 'મેડિટરેનીઅન ફીવર' કહેવાતો. એનું શાસ્ત્રીય નામ છે 'વાઇસેરલ લેઈશમાનિયાસિસ' પણ ઢોરોમાં ફેલાતો જીવલેણ 'કાળિયો તાવ' અને આ 'કાલા આઝાર' બંને ભિન્ન રોગો છે.

કાલા આઝારમાં બહુ લાંબા સમય સુધી તાવ આવે છે, જે પ્રાથમિક તબક્કામાં ટાઇફૉઈડ જેવો લાગે છે. દિવસમાં બેત્રણ વાર એ વધેઘટે છે. વચ્ચે વચ્ચે વળી તાવ તદ્દન ઘટી પણ જાય છે. તાવ ઉપરાંત બરોળમાં અને આગળ જતાં લિવરમાં ભારે સોજો અને શરીર કાળું પડી જવું એ કાલા આઝારનાં મુખ્ય લક્ષણો છે. વળી, શરીરમાંથી લોહી ખૂબ જ ઘટી જતાં ઍનીમિયા થઈ જઈ શરીર અત્યંત ક્ષીણ થઈ જાય છે. આની સાથે લોહમાંના શ્વેત કણો પણ મોટા પ્રમાણમાં ઘટી જતાં રોગીની રોગપ્રતિકારક શક્તિ તદ્દન ઓછી થઈ દર્દી બીજા પણ અનેક રોગોનો ભોગ બની એના પરિણામે મરણ પામે છે. આમ, ખુદ કાલા આઝારથી જ મરવા ઉપરાંત, એની સાથે બીજા રોગો ભળવાથી રોગીનું મરણપ્રમાણ લગભગ ૮૦ થી ૯૬ ટકા જેટલું જોવા મળતું હતું.

ડૉ. રૉજર્સ અને જે ડોડ્સ પ્રાઈસ આ રોગ ફેલાતો ત્યારે એનાથી મુક્ત એવી નજીકની વસાહતોને સ્થળાંતરો કરાવીને આ રોગને ફેલાતો રોકી ચાના બગીચાની અનેક જાગીરોના માણસોને તથા ચાના ઉદ્યોગને બચાવી લેતા હતા. વળી, બીજા વિશ્વયુદ્ધ પછી ફેલાએલા ઈન્ફ્લુએન્ઝાના વ્યાપક રોગચાળા સામે લેવાએલાં પગલાંથી પણ આડકતરી રીતે કાલા આઝારના ફેલાવા પર કાબૂ રહેલો. સદ્ભાગ્યે એ જ અરસામાં ટાર્ટર એમેટિક અને ઍન્ટિમની યુક્ત દવાનાં લોહીમાં આપવાનાં ઈન્જેક્શનોની શોધ થયા પછી તો આ રોગ પર લગભગ ૯૦ ટકા જેટલો કાબૂ આવી ગયો. આધુનિક ઔષધવિજ્ઞાનની એ દવાની શોધથી તો એ સમયે વધુમાં વધુ રોગીઓને પુનર્જીવન બક્ષ્યું હતું. આસામ ને બંગાળમાં એનાથી હજારો દર્દીઓ બચી ગએલા. ધીરે ધીરે આ રોગ પર એટલો કાબૂ આવી ગયો કે આજે તો મોટા ભાગના આપણે એનું માત્ર નામ જાણીએ છીએ. અત્યારના નવા દાક્તરોને પણ આ રોગનો પ્રત્યક્ષ અનુભવ ન હોઈ, હમણાં થોડા સમય પર છાપાંઓમાં આ રોગે ફરી દેખા દીધી હોવાના સમાચાર પ્રમાણે, જો આ જીવલેણ રોગ ખરેખર ફરી પ્રકટ્યો હોય અને જો એ ફરી ફેલાય તો એ એક મોટી સમસ્યા અને આહ્વાન બની રહે. પરંતુ પોટાશિયમ ઍન્ટિમની ટાર્ટ્રેઈટ જેવાં ઔષધો પણ હવે સુલભ હોઈ ગભરાઈ જવાની પણ જરૂર નથી —સં.

કલકત્તાના 'નવરોઝ' યોજિત લઘુ નવલ સ્પર્ધા

હીરક મહોત્સવના દ્વિતીય સોપાન રૂપે 'નવરોઝ' યોજિત મૌલિક અને અપ્રગટ લઘુનવલ સ્પર્ધા–શબ્દસંખ્યા: ૧૫થી ૨૦ હજાર, નિર્ણાયક: શ્રી રઘુવીર ચૌધરી. પ્રથમ ઈનામ: નવરોઝ હીરક જયંતી ચંદ્રકના રૂ. ૫૦૧; દ્વિતીય: રૂા. ૩૦૧. કૃતિઓ તા. ૨૫–૧૦–૭૭ સુધીમાં શ્રી રઘુવીર ચૌધરી A/૬, પૂણેશ્વર ફ્લૅટ્સ ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૧૫ ને મોકલવી.

નવરોઝ હીરક મહોત્સવ ટૂંકી વાર્તાનું પરિણામ: ૧લું ઈનામ રૂ. ૧૫૧) શ્રી અશ્વિન દેસાઈ, ૨જું રૂ. ૧૦૧) શ્રી શૈલેશ સનત શાહ, ૩જું રૂ. ૭૫) શ્રી ગાંગજી ખુમાણ. આશ્વાસન ઈનામો (દરેકને રૂ. ૪૦) ૧. શ્રી. યોગેશ જોશી, ૨. શ્રી વિનોદ ગાંધી, ૩. શ્રી કિરણ ઘેલાણી.

'કુમાર'ના જુલાઈ અને ઑાગસ્ટના બે અંકોમાં શ્રી ચીમનલાલ લિટરરી ટ્રસ્ટની જાહેરખબર આવી છે. તેમાં કોપી કરનારની ભૂલના કારણે નીચે મુજબ સુધારો કરી વાંચવા મહેરબાની કરશો.

(૧) **સાહિત્ય તત્ત્વ અને તંત્ર** : ગુલાબદાસ બ્રોકર.

(૨) **હયાતી** : હરીન્દ્ર દવે.

(૩) **સિમ્ફની** : સુરેશ દલાલ.

પહેલાં બે પુસ્તક ૧ અને ૨ના મુખ્ય વિક્રેતા :

(૧)(અ) **નવભારત સાહિત્ય મંદિર**, ૧૬૨, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨ અને

(બ) ગાંધી માર્ગ, રતનપોળ સામે, અમદાવાદ-૧

પુસ્તક નં. ૩ સિમ્ફનીના મુખ્ય વિક્રેતા :

(૨) **મેસર્સ વોરા ઍન્ડ કંપની**, ગાંધી ચેમ્બર્સ, ગાંધી માર્ગ, અમદાવાદ

વળી ઉપરનાં બધાં પુસ્તકો **શ્રી ચીમનલાલ લીટરરી ટ્રસ્ટ**, મજીઠિયા ચેમ્બર્સ, ૨૭૬, ડી. એન. રોડ, ફોર્ટ, મુંબઈ-૧ માંથી પણ મળી શકશે.

માસમાસના આકાશમાં: સપ્ટેમ્બર–ઑક્ટોબર



એક તરફ શૌરી, સર્પધર, વૃશ્ચિક વગેરે તારામંડળો પશ્ચિમે ઢળતાં ઢળતાં યે પોતાની હાજરી પુરાવી રહ્યાં છે ત્યારે હવે બીજી બાજુ ઉત્તરમાં શર્મિષ્ઠા અને ખગાશ્વ તથા દક્ષિણે કુંભ, યામ-મત્સ્ય, બક, ગૃધ્ર વગેરે મંડળો પૂર્વાકાશના તખ્તા પર પ્રવેશી ગયાં છે. નામ પ્રમાણે જ તો નહિ, પણ લગભગ એવો જ આકાર ધરાવતાં જે થોડાં તારામંડળો છે તેમાં ખગાશ્વને પણ ગણી શકાય. અલબત્ત આ મંડળમાં આકાશી ઘોડાને બરાબર જોવા આપણે દક્ષિણ ભણી મોં રાખીને (નકશો ઊલટાવીને) એને જોવો જોઈએ. એમાંના પૂર્વા અને ઉત્તરા ભાદ્રપદાના તેજસ્વી તારાઓથી રચાતો વિશાળ ચોરસ એ આ અશ્વનાં પીઠ-પેટનો ભાગ કલ્પી લઈએ તો પછી એની ગરદન ને માથું તથા આગલા-પાછલા પગ વગેરેની કલ્પના કરવી મુશ્કેલ નથી. જોકે આ ખગાશ્વના પાછલા બંને પગ રચતા તારાઓ દેવયાની તારામંડળના ગણાય છે. ખગાશ્વના પેટાળમાંનો ઉત્તરા ભાદ્રપદા નક્ષત્રનો તારો પણ દેવયાની તારામંડળનો તારો ગણાય છે. એ એક યુગ્મ તારો છે. દેવયાનીની આજુબાજુ 'મે-૩૧' અને 'મે-૩૩'ની સંજ્ઞાવાળાં બે તારાવિશ્વો છે. 'મે-૩૩' દૂરબીન વિના દેખાતું નથી. 'મે-૩૧' તો આપણે જેમાં સમાવેશ છે એ આકાશગંગા કે મંદાકિની તારાવિશ્વ કરતાં યે બમણા કદનું છે; અને એટલે ૨૨ લાખ પ્રકાશવર્ષ દૂર હોવા છતાં નરી આંખે જોઈ શકાતું હોઈ દૂરબીનની શોધ થઈ તેની યે પહેલાંથી જાણીતું છે. દૂરબીનમાંથી જોતાં, કેન્દ્રના તેજસ્વી ભાગની આજુબાજુ ફેલાતી એની વાયુમય સર્પિલ ભુજાઓ અને એની વચ્ચેના કાળા પોલાણથી એની રૂપછટા કંઈ અનેરી જ લાગે છે. આપણા તારાવિશ્વ કરતાં બમણા કદનું હોવા છતાં એનું સમગ્ર દળ આપણા ૩૩૦ અબજ સૂર્યના દળ જેટલું છે. 'મે-૩૧' દેવયાની તારાવિશ્વ તરીકે પણ ઓળખાય છે.

આ માસ (સપ્ટેમ્બર) ઇતિહાસમાં

તા. ૧/૧૮૫૩ પહેલવહેલી ત્રિકોણ ટપાલટિકિટ બહાર પડી. કેપ ઑવ ગુડ હોપની આ ટિકિટોને ત્રિકોણ આકાર આપવાનું ખાસ કારણ હતું. એ સમયે ટપાલખાતામાં અંગ્રેજીથી અજ્ઞાત ઘણા સ્થાનિક માણસોને રાખવામાં આવેલા. દેશની આંતરિક ટપાલને તેઓ સરળતાથી અલગ તારવી શકે એટલા સારુ એ ટિકિટોને ત્રિકોણ આકાર આપવામાં આવેલો.

તા. ૩/૧૭૫૨ દિનગણનામાં આજે લગભગ સર્વત્ર જેનો ઉપયોગ થાય છે એ ગ્રેગરીઅન કૅલેન્ડરનો ઇંગ્લૅન્ડમાં સ્વીકાર થયો. જૂની ગણનાથી તૂટી ગએલો દિનમેળ બેસાડવા એ વર્ષના સપ્ટેમ્બરની ૩જી તારીખને એ જ માસની ૧૪મી તારીખ ગણીને દિનગણના કરવામાં આવી.

તા. ૧૧/૧૯૦૯ હાઇડલબર્ગમાં હેલીનો ધૂમકેતુ દેખાયો. આ સદીમાં એનું એ પ્રથમ દર્શન હતું. આ પછી પૃથ્વીની વધુ નજીક આવતાં તો દુનિયાભરમાંથી એ નરી આંખે દેખાવા લાગ્યો. છેક ઈ. સ. પૂર્વે ૪૬૬થી એ દેખાયાની નોંધો મળે છે. ઈ. ૧૯૮૬માં એ ફરી દેખાશે એવી ગણતરી છે. સો વર્ષથી ઓછા ગાળામાં ફરીથી જોવા મળતો આ જ એક મોટો ધૂમકેતુ છે.

તા ૧૨/૧૯૪૦ દક્ષિણ-પશ્ચિમ ફ્રાંસમાં મૉન્ટીનેકના પાંચ વિદ્યાર્થીઓએ લાકોફસનાં ગુફાચિત્રો શોધી કાઢયાં. પાંચેક લાખ વર્ષ પૂર્વે પશુ અવસ્થામાંથી પોતાનું આગવું સ્વરૂપ પામી રહેલા ગુફાવાસી આદિમાનવોની સર્જનાત્મક કલાનાં એ પ્રાચીનતમ પ્રાણીચિત્રો ગણાય છે.

તા. ૧૪/૧૮૫૭ વિપ્લવમાં દિલ્હી અંતે અંગ્રેજોને હાથ પડયું. ચાર ચાર મહિનાથી ઘેરો ઘાલ્યા છતાં બરેલી અને નીમચની સેનાથી રક્ષાતા દિલ્હી પર અંગ્રેજોની કારી ફાવતી નહોતી.



દિલ્હીનું રક્ષણ કરતી એ સેનાઓ લઇને બખ્તખાંએ અંગ્રેજ મથક નઝફગઢ પર હુમલો કર્યો ત્યારે અંગત વૈમનસ્ય અને ખોટી સ્પર્ધાથી પ્રેરાઇને નક્કી કરેલી યોજનાની અવગણના કરી નીમચની સેના નિર્ધારિત સ્થળે ન પહોંચી. જનરલ નિકલ્સનને આની બાતમી મળી ગઈ, અને તક સાધી એણે અણધાર્યો હુમલો કરીને એ સેનાને ખલાસ કરી નાખી. ૧૪મી સપ્ટેમ્બરે અંગ્રેજોએ કાશ્મીરી દરવાજા, કાબુલી દરવાજા અને સબ્ઝીમંડીની દિશામાંથી ભારે હુમલો કર્યો ને કાશ્મીરી દરવાજાને દારૂગોળાથી ઉડાડી દઈ શહેરમાં પ્રવેશ કર્યો. વિપ્લવકારીઓએ જો કે એમને ગલીએ ગલીએ લડત આપી પણ એમનામાં અવ્યવસ્થા વધી પડી અને અંતે દિલ્હી અંગ્રેજોના હાથમાં આવી ગયું. નાસીને છુપાઈ રહેલો બહાદુરશાહ અંગ્રેજોની કેદમાં પડયો ને અંતે દેશપાર થઈ રંગૂનમાં કેદી અવસ્થામાં મૃત્યુ પામ્યો. વીસ જ વર્ષ પહેલાં ઈ. ૧૮૩૭માં દિલ્હીના તખ્ત પર એનું રાજ્યારોહણ થએલું તે પણ આ જ માસની ૨૮મી તારીખે.

તા. ૧૫/૧૯૩૫ હિટલરે જર્મનીના રાષ્ટ્રચિહ્ન તરીકે સ્વસ્તિકની સંજ્ઞાને અપનાવી.

તા. ૧૮/૧૯૨૪ કોમી દાવાનળની શાંતિ માટે ગાંધીજીના એકવીસ દિવસના પહેલા ઉપવાસ.



એક દરબારને લઘરવઘર વેશે પોતાના બંગલાની પાસેના રસ્તા પર ફરતા જોઈ એક ગામડિયાએ એ બાબત આશ્ચર્ય દર્શાવતાં તેમણે કહ્યું: 'એમાં શું થઈ ગયું? હું ગમે તેવાં કપડાં પહેરું તોપણ લોકો મને ઓળખે જ છે કે હું કોણ છું.' એકાદ માસ પછી એક શહેરમાં એ દરબારનો એવે જ વેશે પેલા ગામડિયાને ભેટો થઈ ગયો, ત્યારે દરબારે ખુલાસો કર્યો કે એમાં શું થઈ ગયું? અહીં કોઈ મને ઓળખવાનું નથી કે હું કોણ છું.

એક મહિલાના ટૉન્સિલના ઑપરેશન પછી તેના પતિને ડૉકટરે કહ્યું: 'આ ઑપરેશન તો બાળપણમાં કરાવી લેવું જોઈતું હતું.' બીજે દિવસે ડૉકટરે એ પતિને જ્યારે બિલ આપ્યું ત્યારે તેણે તે પોતાને સાસરે મોકલી દીધું.

ઘનાકૃતિઓ (ક્યૂબિસ્ટ ચિત્રો) માટે પ્રખ્યાત મૉડર્ન કલાકાર પિકાસોનો એક મિત્ર તેને મળવા ગયો ત્યારે તે સંખ્યાબંધ આડાઅવળા કાટખૂણા દોરેલા એક મોટા ચિત્ર આગળ ઊભો-ઊભો ખૂબ ઊંડા વિચારમાં ગરકાવ હતો. થોડી વાર ઊભા રહી મિત્રે તેને પૂછયું: 'એવા તે શા વિચારમાં ગરકાવ થઈ ગયા છો?' પિકાસોએ જવાબ આપ્યો: 'આમાં નાકની આકૃતિ બરાબર થઈ નથી.' મિત્રે કહ્યું: 'તો સુધારી નાખોને?' 'કેવી રીતે સુધારું?' પિકાસોએ ઉત્તર આપ્યો: 'નાક કયાં છે તે જડતું નથી.'



(જનસત્તામાં 'શિવ')

લોઢું, લાકડ, ચામડાં પહેલાં શાં વખાણું ?
વહુ, વછેરાં, છોકરાં નીવડિયાં જ વખાણું.

એક જ્ઞાની ભક્તની સ્ત્રી પણ ભક્તિમય જીવન ગાળતી. એક વાર રસ્તે જતાં માર્ગમાં પડેલી નાણાંની થેલી પર ભક્તની નજર પડી, એટલે તેણે તે પર ધૂળ ઢાંકવા માંડી. પત્નીએ કારણ પૂછતાં કહે : 'તે જોવાથી રખે તને દુઃખ થાય એમ જાણીને તેના પર ધૂળ વાળું છું.'

સ્ત્રીએ જવાબ આપ્યો : 'હજી યે તમારી નજરે ધન અને ધૂળમાં ફેર છે ? એ તો ધૂળ જ છે; એના પર ધૂળ વાળવાની કેવી ?'

∞


સોનાનો પથ્થર : કલ્યાણરાય દેસાઈજીને ભરૂચ નગરપાલિકાએ દેસાઈજીની હવેલી પાસે આવેલો તેમનો પથ્થર ઉખેડી નાખવા નોટિસ આપી. પોતાના હકનો પથ્થર દેસાઈજીએ નહિ ખસેડતાં કોર્ટમાં દાવો થયો. દેસાઈજી મક્કમ રહ્યા ને ઉત્તરોત્તર કોર્ટો લડતાં છેવટનો દાવાનો નિકાલ ઈંગ્લૅંડની પ્રીવી કાઉન્સિલમાં થયો જેમાં દેસાઈજી જીત્યા. એમાં એમને જે ખર્ચ થયો, તે જોતાં એ પથ્થર સોનાનો થાય એટલી કિંમતનો થયો. ન્યાય ને હકને ખાતર લડાએલો એ પથ્થર આજે પણ ત્યાં 'સોનાના પથ્થર' તરીકે ઓળખાય છે.

∞

કહેવત : 'ગરથ ગયા પછી જ્ઞાન લાધ્યું.' તક હાથથી ગયા પછી સાચું સૂઝવા વિષેની આ કહેવતને મળતી બીજી કહેવતો : 'અવસર ચૂકચા મેહુલા'; 'કારતક મહિને કણબી ડાહ્યો'; 'રાંડચા પછીનું ડહાપણ' વગેરે.

∞

અનેકાર્થી શબ્દ : **મૂલ** (ળ) = અસલ, પહેલાંનું; વનસ્પતિની જડ; નદીનું ઉત્પત્તિ-સ્થાન; પાયો, આરંભ, શરૂઆત કે મંડાણ; ૧૯-મું નક્ષત્ર; હાથનાં આંગળાંની અમુક મુદ્રા; પાંચ; જટા; મૃગયાનો (શિકારનો) એક પ્રકાર; કોઈ દેવતાનો બીજમંત્ર; સૂરણ.



ટિકિટકથા ઈ. ૧૮૭૭માં કાયદા દ્વારા શિક્ષણ ખાતાના સ્થાપના કર્યાની શતાબ્દી નિમિત્તે બહાર પડેલી ન્યૂઝીલૅન્ડની પાંચ ખાસ ટિકિટોમાંની એક. શાળાના વર્ગમાં વિવિધ પ્રવૃત્તિઓ કરતા વિદ્યાર્થીઓનું તે ટિકિટ પર આલેખન કરવામાં આવ્યું છે.

> विवेकः सह संपत्या
> विनयो विद्यया सह ।
> प्रभुत्वं प्रश्रयोपेतं
> चिह्नं एतन् महात्मनाम् ॥
>
> સંપત્તિ સાથે વિવેક હોય, વિદ્યાવૃદ્ધિની સાથે વિનય હોય, અધિકાર તથા આધિપત્ય સાથે શિષ્ટતા હોય—આ બધાં મહાપુરુષોનાં લક્ષણ છે.

અંક સંદર્ભ—**પાંચ** : પંચદેવી—દુર્ગા, પાર્વતી, સાવિત્રી, સરસ્વતી, રાધા; પંચમાતા—સ્વમાતા, સાસુ, ગુરુપત્ની, રાજપત્ની, જન્મભૂમિ; પંચરત્નીગીતા—ભગવદ્‌ગીતા, વિષ્ણુસહસ્રનામ, ભીષ્મસ્તવરાજ, અનુસ્મૃતિ, ગજેન્દ્રમોક્ષ.



ગયા અંકમાં જેમના વિષે નોંધ આવી ગઈ એ ડૉ. આનંદ કુમારસ્વામીની જન્મ-શતાબ્દી નિમિત્તે ગઈ ૨૨મી ઑગસ્ટે ભારતે બહાર પાડેલી આ ખાસ ટિકિટ ઉપર એમની છબિ તથા દ. ભારતીય કલાના ઉમદા નમૂના રૂપ નટરાજની પ્રતિમાનું આલેખન છે.

∞


ખનિજ કોલસાની પ્રથમ શોધ ૧૧મી સદીના મધ્યભાગમાં બેલજિયમના હુલોસ નામના એક લુહારે કરેલી...ઈ. ૧૮૬૦માં એક આરબ જંગબારમાં લવિંગના બસો રોપ લાવેલો. ત્યાંની જમીન એ વૃક્ષને એટલી ભાવી કે આજે આખી દુનિયામાં વપરાતાં લવિંગનો $\frac{9}{10}$ ભાગ એકલું જંગબાર પૂરું પાડે છે!...દુનિયાભરમાં મોટામાં મોટી ધર્મશાળા મક્કામાં 'હાજી'ઓ (હજના યાત્રીઓ)ને માટેની છે.

∞

નવલ : મારી સ્ત્રીની સ્મરણશક્તિ ઘણી જ ખરાબ છે.

કકલ : 'કેમ ? બધું જ ભૂલી જાય છે ?


નવલ : ના રે; બધું જ યાદ રાખે છે!



આયર્લૅન્ડમાં સાપની સ્થાનિક કોઈ જાત નથી. એ જ રીતે હાવાઈ, આઈસલૅન્ડ, ક્રીટ, માલ્ટા, ન્યૂ ઝીલૅન્ડ અને બીજા પણ ઘણા ટાપુઓમાં ત્યાંના જ વતની કોઈ જાતના સાપ નથી.

૧	૩૪	૩૩	૩૨	૯	૨
૨૯	૨૬	૧૨	૧૩	૨૩	૮
૩૦	૧૫	૨૧	૨૦	૧૮	૭
૬	૧૯	૧૭	૧૬	૨૨	૩૧
૧૦	૧૪	૨૪	૨૫	૧૧	૨૭
૩૫	૩	૪	૫	૨૮	૩૬

ગણિતગમ્મત : ૩૬ ખાનાંનાં આ યંત્રની આડી, ઊભી કે ત્રાંસી દરેક હારનો સરવાળો ૧૧૧ થશે; ને ઘાટી લીટીથી દર્શાવેલા તેની અંદરના ૨૫ ખાનાંના પેટા યંત્રમાંની દરેક હારનો સરવાળો ૭૪ થશે. બધાં ખાનાંના અંકો માત્ર એક જ વાર વપરાયા છે. —મૂળજી જે. જોષી



કલાકણિકા : ઈસ્લામી કળામાં સુલેખન (ખુશનવીસી)નું સ્થાન ઘણું મહત્ત્વનું છે. અક્ષરના વળાંકોનો બહુ ચાતુરીભર્યો સુંદર ઉપયોગ કરીને મુસ્લિમ લહિયાઓએ વિધવિધ આકારોમાં ધર્મસૂત્રો, ઈમામનાં નામો, કાવ્યની તૂકો વગેરેનું મનોહર લેખન કરેલું છે. આ પ્રકારના સુલેખનને 'તુગ્રા' કહે છે અને ઘરમાં એનું હોવું શુકનિયાળ મનાય છે. આવા તુગ્રાના આ નમૂનામાં યાત્રિકોથી ભરેલી હલેસાંવાળી હોડીની આકૃતિમાં લખાણ લખેલું છે.

વીસ વિદ્યાર્થીઓને અરધા લવાજમે 'કુમાર'

સ્વ. દુષ્યંત બાપાલાલ શાહ (સુરેન્દ્રનગર)ના સ્મરણાર્થે

તેમનાં કુટુંબીજનો તરફથી વીસ વિદ્યાર્થીઓને અરધા લવાજમે 'કુમાર' આપવા માટેની રકમ ભેટ મળી છે તેની સાભાર જાહેરાત કરતાં આનંદ થાય છે. તેનો લાભ લેવા ઇચ્છનાર વિદ્યાર્થીઓએ પોતાની શાળાના પ્રિન્સિપલનું સર્ટિફિકેટ બીડીને રૂ. ૧૨નું લવાજમ મની ઑર્ડરથી મોકલવું. આનો લાભ અગ્રતાના ક્રમમાં મળશે. બાકીનાં લવાજમ પાછાં વાળવામાં આવશે.

વાચકો લખે છે (અનુ. પૃ. ૨૭૬થી) ક્ષમતા, નાગરી કરતાં ગુજરાતી લિપિ વિશેષ ધરાવે છે તેવા સંપાદકશ્રીના મંતવ્ય સાથે હું મળતો થાઉં છું.

(વારાણસી) —મધુસૂદન ઢાંકી

દ્વારકા પાસેનો ટીંબો

સ્વ. અમૃતલાલ પંડયાનો 'દ્વારકાનો ઇતિહાસ (મધ્યયુગ)' એ લેખ ગુજરાતી સાહિત્ય પરિષદના દ્વારકા અંકમાં છપાયો છે. તેમાં એ બહુશ્રુત વિદ્વાન જણાવે છે કે 'સ્ત્રીઓના ચૂડલા અસલના જમાનામાં ભારતમાં શંખના બનતા. શંખ ભારતમાં મુખ્યત્વે દક્ષિણના મન્નારના અખાત તથા ઉત્તરમાં ઓખામંડળમાં મળી આવે છે. એટલે આ દૃષ્ટિએ પ્રાચીન કાળમાં એટલે કે પ્રાગૈતિહાસિક કાળમાં પણ ઓખામંડળને આંગણે શંખોનો સારો વેપાર ચાલતો હશે.' (પૃ. ૪૩) આ વિધાનને પુષ્ટિ આપે એવા શંખની ચૂડીઓના બે નમૂના, જેમાંના એક પર આડી-અવળી લીટીઓ ક્રૉસ કરેલ છે, મને દ્વારકાથી દોઢથી બે કિલોમીટર દૂર એક 'ટીંબા' —જ્યાં હાલ તો ખેતરો થઈ ગયાં છે ત્યાંથી મળ્યા છે. 'ટીંબા'વાળાં એ ખેતરોની દક્ષિણ દિશામાં થોડા પાળિયા છે. પછી 'મુરસર' નામે તળાવ આવે છે, જે હાલ પુરાઈ ગએલું છે. ટીંબાની આથમણી બાજુ 'ખાંડીવાવ' નામે એક વાવ છે. આ જગ્યાએથી પુરાતત્ત્વને ઉપયોગી એવી સારી 'પૉટરીઝ' પણ મળી આવે છે, જેના થોડા નમૂના મારી પાસે છે.

ઓખામંડળનાં જૂનાં ગામોની યાદીમાં આ ટીંબાવાળા ગામનું નામ નથી. જો આ ટીંબાની મુલાકાત લઈ અને ખોદકામ કરવામાં આવે તો ઘણા ઉપયોગી અને પ્રશસ્ય નમૂનાઓ મળી આવે તેમ છે.

(દ્વારકા) —કમલેશકુમાર વિસાણી

મહાપ્રભુ પંચશતાબ્દી

મે '૭૭ના અંકમાં પ્રસિદ્ધ શ્રી મહાપ્રભુ વલ્લભાચાર્યજીની ટિકિટના સંદર્ભમાં :

ઈ. સ.ની બારમી સદીમાં રામાનુજની વૈષ્ણવી ભક્તિના રંગો સર્વત્ર પ્રસરી રહ્યા અને બૌદ્ધ–જૈનની રહીસહી અસર ને શંકરાચાર્યની દૃઢપ્રતિભાને એકીસાથે પાછી ઠેલનાર વૈષ્ણવ પરંપરાનો ઉદય થયો. રામાનુજ, નિમ્બાર્ક, મધ્વ અને વલ્લભાચાર્ય દ્વારા આ વૈષ્ણવી ભક્તિએ ક્રમશઃ પરમ મધુર સ્વરૂપ ધારણ કર્યું. બાલકૃષ્ણની પ્રેમલક્ષણાભક્તિ, સમય–સમયનાં દર્શન, સંગીતની સતત સાધના અને પારણાં–હિંડોળા–પિછવાઈની રંગલીલા દ્વારા મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યપ્રણીત પુષ્ટિમાર્ગ આપણી સંસ્કૃતિનો એક આગવો આવિષ્કાર બની રહ્યો.

સંવત ૧૫૩૫માં જન્મેલા શ્રી મહાપ્રભુજીની સંવત ૨૦૩૫માં પંચશતાબ્દી ઊજવાનાર છે તેના માનમાં ભારતની નવી ખાસ ટપાલ ટિકિટોમાં મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યની ટિકિટ છે.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

બાર જ્યોતિર્લિંગનાં સ્થાન

હાલમાં અંગ્રેજી વર્તમાનપત્રોમાં મફતલાલ ગ્રૂપ ઑાવ ઇન્ડસ્ટ્રીઝની જાહેરખબરોમાં બાર જ્યોતિર્લિંગો વિષે માહિતી આપવામાં આવે છે. એમાંનાં કેટલાંક જ્યોતિર્લિંગોનાં ભૌગોલિક સ્થાન વિષે વિદ્વાનો, જિજ્ઞાસુઓમાં ઠીક ઠીક મતભેદ પ્રવર્તે છે. આથી કયો મત આધારભૂત ગણવો તે નક્કી કરવું સહેલું બનતું નથી.

ભૂતકાળમાં 'કુમાર'માં આ પ્રકારની માહિતી આપતા લેખો પ્રસિદ્ધ થયા હોય તો ખબર નથી; પરંતુ જો ન થયા હોય તો આ પ્રકારની લેખમાળા કે લેખો પ્રસિદ્ધ થાય તો જિજ્ઞાસુ વાચકો તથા પ્રવાસીઓને જરૂર ઉપયોગી થાય.

'કુમાર'ની સુવાસ વિષે અવારનવાર વાંચું છું ત્યારે મારું સૂચન યોગ્ય સ્થાને જ છે તે માન્યતા દૃઢ થાય છે.

(વ્યારા) —ગિરીશ ત્રિપાઠી

દ્વાર

સંસ્કૃત દ્વાર='દરવાજો', 'બારણું' ઉપરથી આપણા 'બાર' 'બારણું' શબ્દ આવ્યા' એમ શ્રી હરિવલ્લભ ભાયાણીએ ૬૪૧મા અંકની 'શબ્દકથા'માં દર્શાવ્યું છે. મૂળ સંસ્કૃત 'દ્વાર' શબ્દમાંના પ્રથમ વર્ણમાં માત્ર 'ઉ' સ્વરનો ઉમેરો કરીને ગ્રામ્યજનો તદ્દન ગ્રામ્ય લાગતા 'દુવાર' શબ્દનો ઉપયોગ સામાન્ય બોલચાલમાં કરતા હોય છે. તેનો એક ઉલ્લેખ આ સંદર્ભમાં રસિક વાચકોને ગમશે. આ શબ્દનો વિનિયોગ સ્વ. રાવજી પટેલે તેના 'ઢોલિયે' કાવ્યમાં કર્યો છે તે જુઓ :

'પાંપણ વાસી અમો ખોલિયે દુવાર આડુ!'

(વીરમગામ) —પ્રફુલ્લ રાવલ

મુદ્રણદોષ

અંક ૬૪૨ (જૂન '૭૭)માં ૧૭૭મા પાના ઉપર 'બે સંસ્કૃત ભાવાનુવાદ'ના પ્રથમ શ્લોકનું અંતિમ ચરણ અતિ અશુદ્ધ મુદ્રિત થયું છે. આપના મુદ્રણદોષ નિવારકો (પ્રુફરીડરો) ગુજરાતી જોડણી માટે જેટલા સજાગ અને ચોક્કસ છે તેટલા સંસ્કૃત માટે કેમ નથી? આવા મુદ્રણ દોષોને લીધે શીઘ્ર અર્થપ્રતીતિ થતી નથી.

ઉપર્યુક્ત પદ્યના અંતિમ ચરણના પ્રથમ પદ 'પૃચ્છન્તि' પછી વિસર્ગ તો ન જ જોઈએ; અને બીજા પદના અક્ષરો ઊલટસૂલટ થઈ ગયા છે. 'ल्मयोद्‌भवा:' ને સ્થાને 'मलयोद्‌भवा:' (ચંદન વૃક્ષો) મુદ્રિત થવું જોઈએ.

પ્રુફરીડરો માટે મેં પ્રયોજેલો ગુજરાતી શબ્દપ્રયોગ 'મુદ્રણદોષ નિવારક' ઉચિત છે? આપણી માતૃભાષામાં એ માટે પ્રયોજાએલો કે પ્રયોજાય એવો સીધો સાદો કોઈ શબ્દ છે? આપ કે કોઈ 'કુમાર' વાચક આ ઉપર પ્રકાશ પાડશો તો હું ઉપકૃત થઈશ.

(દ્વારકા) —જાગૃતિ જોષી

ડોડી કેમ વવાય?

જુલાઈ ૧૯૭૭ના અંકમાં ડોડી કે મીઠી ખરખોડી વિષે ઘણી રસપ્રદ અને ઉપયોગી નોંધ વાંચી. એનાં બી ક્યાંથી મળે ને એનો ઉછેર શહેરમાં કિચન ગાર્ડનમાં કેવી રીતે થઈ શકે તે માહિતી લેખક આપે તો ઘણી ઉપકારક થઈ પડે.

(અમદાવાદ) —હરિલાલ અ. શાહ

'કુમાર'ના જૂના અંકો હવે ખલાસ થઇ ગયા છે. તેથી કોઇએ મનીઑર્ડરથી કે કોઈ અન્ય રીતે પૈસા મોકલવા નહિ. જેઓની રકમ અત્રે જમા પડી છે તેઓને તેમના ખર્ચે મનીઑર્ડરથી પરત કરવામાં આવશે.